અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ મે ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ ૯ | અંક : ૨૮૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રાહુલ ગાંધીના 'ખટાખટ ખટાખટ'વાળા નિવેદન પર બોલ્યા મોદી

# ૪ જૂન પછી બંને શહેજાદા વેકેશન પર જશે ખટાખટ ખટાખટ : પીએમ મોદી

### મોદીએ ઉત્તર પ્રદેશની પ્રતાપગઢ બેઠક પર ભાજપની જનસભામાં સંબોધન દરમિયાન રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ પર શાબ્દિક પ્રહારો કર્યા

। (એજન્સી) પ્રતાપગઢ, તા.૧૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશની પ્રતાપગઢ બેઠક પર ભાજપની જનસભામાં સંબોધન દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પર શાબ્દિક પ્રહારો કર્યા છે. તેમણે રાહુલ ગાંધીના 'ખટાખટ ખટાખટ'વાળા નિવેદનનો જડબાતોડ જવાબ આપવાની સાથે ઉત્તર પ્રદેશના વિકાસનો ઉલ્લેખ કરી અખિલેશ પર પણ નિશાન સાધ્યું છે. રાહુલે એક ચૂંટણી સભામાં કહ્યું હતું કે, 'અમારી સરકાર બન્યા બાદ બેંક ખાતાઓમાં ખટાખટ ખટાખટ નાણાં મોકલાશે.' ત્યારે વડાપ્રધાને રાહુલ નિવેદનને ટાંકીને કહ્યું કે, 'તેમના મગજને કોઈ સમજાવે કે, રાબરેલીની પ્રજા પણ તેમને ખટાખટ ખટાખટ મોકલી દેશે. તેઓ અમેઠીથી ગયા હવે રાબરેલીમાંથી પણ જશે.' તેમણે અખિલેશ પર નિશાન સાધી કહ્યું કે, 'સમાજવાદી પાર્ટીના કારણે ઉત્તર પ્રદેશ પાછળ ધકેલાયું હતું, હવે અહીં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે.' ઉલ્લેખનીય છે કે,



કોંગ્રેસે આ વખતની લોકસભા ચૂંટણીમાં સોનિયા ગાંધીની અમેઠી બેઠક પરથી રાહુલ ગાંધીને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. વડાપ્રધાન રાહુલ પર નિશાન સાધતા કહ્યું કે, 'દેશ ચલાવવો સોનાની ચમચી લઈને જન્મેલા બાળકોનો ખેલ નથી. દેશ ચલાવવો તમારું કામ નથી. ચાર જૂન બાદ મોદીની સરકાર તો આવશે જ, આ સાથે ઘણું બધુ થવાનું છે. ચાર જૂન બાદ ઈન્ડી ગઠબંધન તૂટતી જોવા મળશે ખટાખટ ખટાખટ... પરાજય થયા બાદ બલીના બકરાને શોધવામાં આવશે ખટાખટ ખટાખટ.

લખનઉવાળા શહેજાદા (અખિલેશ યાદવ) અને દિલ્હીવાળા શહેજાદા (રાહુલ ગાંધી) ઉનાળાની રજાઓ ગાળવા દેશમાંથી બહાર જતા રહેશે ખટાખટ ખટાખટ... આ બંને લોકો ખટાખટ ખટાખટ ભાગી જશે, ત્યારે માત્ર અમે એકલા જ રહીશું.

તેમણે વધુમાં કહ્યું કે, 'કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન ૧૦ વર્ષથી સત્તામાંથી બહાર છે. તેમની કાળી કમાણી ખતમ થઈ ગઈ છે, તેથી જ તેમની નજર દેશની તિજોરી પર છે.' અનામત ખતમ કરવાના અને બંધારણને બદલવાના આક્ષેપો પર વડાપ્રધાને વળતો જવાબ આપી કહ્યું કે, 'કોંગ્રેસે કર્ણાટક અને તેલંગણામાં OBCનું અનામત લઘુમતીઓને આપી દીધું છે. તેઓ બંધારણ બદલી દેશભરમાં આવું કરવા માંગે છે અને સમાજવાદી પાર્ટી આ મુદ્દે કશું જ બોલતી નથી. તેમની તૃષ્ટીકરણ નીતિ માત્ર અહીં જ અટકી નથી, આ લોકો મોદી વિરુદ્ધ વોટ જેહાદ કરી રહ્યા છે. તેમના લોકોએ જ કહ્યું કે, તેમની સરકાર આવશે તો રામલલાને પરી ટેન્ટમાં મોકલી દેશે અને રામ મંદિરને તાળું મારી દેશે.' વડાપ્રધાને કહ્યું કે, 'મોદી છે, ત્યાં સુધી આ લોકો ધર્મના નામે દલિતો-પછાતના અનામતની લૂંટ કરવાનું વિચારી પણ નહીં શકે. મોદી છે, તેથી તેમના માટે અસંભવ છે. જ્યાં સુધી મોદી છે, ત્યાં સુધી રામલલાને ટેન્ટમાં મોકલવાના દિવસો નહીં આવે. દેશની પ્રજા આવા લોકોને ટેન્ટમાં રહેવા મજબૂર કરી દેશે. તમારી સંપત્તિ વોટ જેહાદ કરનારા લોકોને વેચાશે, પરંતુ મોદી આવું ક્યારેય થવા નહીં દે. સમાજવાદી પાર્ટીની રાજનીતિથી સૌથી વધુ નુકસાન ઉત્તરપ્રદેશને થયું છે. પરિવારવાદ અને તૃષ્ટિકરણના કારણે રાજ્યની અધોગતિ થઈ હતી, પરંતુ હવે યુપી ફરી વિકાસના પાટા પણ દોડી રહ્યું છે.'

## ન્યૂઝ બ્રિફ

### રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત



। (એજન્સી) બીજીંગ, તા.૧૬ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળવા ચીન પહોંચ્યા હતા. પુતિન ઈચ્છે છે કે ચીન યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને સમર્થન આપે. તેમના કાર્યકાળ દરમિયાન પુતિનની આ પ્રથમ વિદેશ યાત્રા છે. માર્ચમાં તેઓ ફરીથી પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તે લગભગ છ મહિના પહેલા ચીન પણ ગયા હતા. રશિયાના રાષ્ટ્રપતિ બે દિવસની સરકારી મુલાકાતે ચીન ગયા હતા. શી જિનપિંગ, જેઓ ગયા અઠવાડિયે યુરોપના ત્રણ દેશોના પ્રવાસેથી પાછા ફર્યા હતા, તેમણે મોસ્કો સાથેના બેઈજિંગના સંબંધો, સસ્તી રશિયન ઊર્જાની આયાત અને પાવર ઓફ સાઈબિરીયા પાઈપલાઈન દ્વારા સ્થિત નોન-શિપમેન્ટ સહિત વિશાળ કુદરતી સંસાધનોની એક્સેસની ટીકાને નકારી કાઢી હતી.

### સુનીલ છેત્રીએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી કરી નિવૃત્તિની જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતીય ફૂટબોલ ટીમના સ્ટાર ખેલાડી અને કેપ્ટન સુનીલ છેત્રીએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. કુવૈત સામે ફિફા વર્લ્ડ કપ ક્વોલિફાયર બાદ તે આંતરરાષ્ટ્રીય ફૂટબોલને હંમેશ માટે અલવિદા કહી દેશે. સુનિલ છેત્રીએ ગુરુવારે (મે ૧૬) જાહેરાત કરી કે તે ૬ જૂને કુવૈત સામે ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ ક્વોલિફાયર પછી આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લેશે. સુનિલે લગભગ ૯ મિનિટ ૫૧ સેકન્ડના વીડિયોમાં નિવૃત્તિ લેવાના નિર્ણય વિશે જણાવ્યું હતું. સુનિલે એક્સ પર શેર કરેલા આ વીડિયોમાં લખ્યું છે કે હું તમને કંઈક કહેવા માંગુ છું.

## સ્લોવાકિયાના વડાપ્રધાન ગોળીબારમાં ઘાયલ, હાલત ગંભીર, હોસ્પિટલમાં દાખલ

### આ ઘટના રાજધાની બ્રાતિસ્લાવાના ઉત્તર-પૂર્વમાં લગભગ ૧૫૦ કિલોમીટર દૂર હેન્ડલોવા શહેરમાં બની

। (એજન્સી) બ્રાતિસ્લાવા, તા.૧૬ ।

સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકો પર ગોળી મારીને હુમલો કરવામાં આવ્યો છે, તેઓ ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના રાજધાની બ્રાતિસ્લાવાના ઉત્તર-પૂર્વમાં લગભગ ૧૫૦ કિલોમીટર દૂર હેન્ડલોવા શહેરમાં બની હતી. અકસ્માત બાદ પીએમને સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી હવે તેમને રાજધાની બ્રાતિસ્લાવાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. તેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

સૂત્રો દ્વારા મળતા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે એક શંકાસ્પદની અટકાયત



પણ કરી લેવામાં આવી છે. ગોળીબાર બાદ સ્થળ પર હોબાળો મચી ગયો હતો, સામે આવેલા વીડિયોમાં સુરક્ષા દળો આરોપીને કસ્ટડીમાં લેતા અને વડાપ્રધાન ફિકોને કારમાં લઈ જતા જોઈ શકાય છે.

સ્લોવાકિયાના મીડિયા અનુસાર, વડાપ્રધાનની બેઠક પર ચાર ગોળી ચલાવવામાં આવી હતી, જેમાંથી એક વડા પ્રધાનને વાગી હતી. ગોળીબાર કરનાર શંકાસ્પદને ત્યાં હાજર સુરક્ષા દળોએ પકડી લીધો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગોળીઓ ચલાવવાની સાથે જ સુરક્ષા દળોએ વિસ્તારને કોર્ડન કરી લીધો અને હુમલાખોરને કસ્ટડીમાં લઈ લીધો.

સ્લોવેકિયાના રાષ્ટ્રપતિ ઝુઝાના કેપુટોવાએ એક નિવેદન જારી કરીને હુમલાની નિંદા કરી છે. તેમણે હુમલાને "ક્રૂર" ગણાવ્યો અને વડા પ્રધાન ફિકોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એક પછી એક ગોળીબારનો જોરદાર અવાજ આવ્યો, ત્યારબાદ પોલીસે ગોળીબાર કરનાર વ્યક્તિને તરત જ કસ્ટડીમાં લઈ લીધો.

## ગૌહત્યા કરનારાઓને ઊંધા લટકાવીને સીધા કરવાનું કામ અમે કરીશું : શાહ

### અમિત શાહ દેશના વિવિધ ભાગોમાં પ્રચાર કરી રહ્યા છે આજે બિહારના મધુબનીમાં શાહે એક જનસભાને સંબોધી

। (એજન્સી) મધુબની, તા.૧૬ ।

લોકસભા ચૂંટણી વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દેશના વિવિધ ભાગોમાં પ્રચાર કરી રહ્યા છે. દરમિયાન ગુરુવારે (૧૬ મે) કેન્દ્રીય ગૃહમંત્રી એક રેલીને સંબોધવા બિહારના મધુબની પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે ગૌહત્યામાં સામેલ લોકોને કડક ચેતવણી આપી હતી. તેમણે જનતાને નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા માટે પણ અપીલ કરી હતી જેથી ગૌહત્યામાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. બિહારના મધુબનીમાં જનતાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "પહેલાં આ વિસ્તારમાં મોટા પાયે ગૌહત્યાના કિસ્સા નોંધાયા હતા. તમે મોદીજીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવો, ગૌહત્યા કરનારાઓને ઊંધા લટકાવીને સીધા કરવાનું કામ અમે કરીશું. રેલીને સંબોધિત કરતી વખતે ગૃહમંત્રી અમિત



શાહે વિપક્ષી ઈન્ડિયા ગઠબંધન પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું, "ઈન્ડિયા ગઠબંધનના આ લોકો આજે કહે છે કે પીઓકેની વાત ના કરો, પાકિસ્તાન પાસે એટમ બૉમ્બ છે. હું તેમને કહેવા માંગુ છું કે તમારે પાકિસ્તાનના એટમ બૉમ્બથી ડરવું જોઈએ, મોદીજીના નેતૃત્વમાં ભારત એટલું મજબૂત છે. એટમ બૉમ્બથી ડરવાની જરૂર છે, હું આજે અહીંથી એમ કહીને નીકળું છું કે આ પીઓકે અમારું છે અને અમે તેને લઈશું.

## ઇન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો અમે બહારથી સમર્થન આપીશું : મમતા બેનર્જી

### મમતાએ કહ્યું કે લોકસભા ચૂંટણી પછી ઇન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો તે આ સરકારમાં સામેલ નહીં થાય

। (એજન્સી) કોલકાતા, તા.૧૬ ।

લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. દેશમાં કોની સરકાર બનશે તે તો ૪ જૂને પરિણામ જાહેર થયા બાદ જ ખબર પડશે. આ પહેલા વિપક્ષી ગઠબંધન સરકાર બનાવવાની યોજનાઓ પર નિવેદન આપવાનું શરૂ કરી ચુક્યું છે. TMC સુપ્રીમો મમતા બેનર્જીએ કહ્યું કે જો લોકસભા ચૂંટણી પછી ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો તે આ સરકારમાં સામેલ નહીં થાય પરંતુ બહારથી તેમની પાર્ટીને સમર્થન



આપશે. નોંધનીય છે કે ચોથા તબક્કાના ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે કહ્યું હતું કે જો ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો તેમને સંપૂર્ણ સમર્થન મળશે. મમતા બેનર્જીએ કહ્યું, "અમે ઈન્ડિયા ગઠબંધનને નેતૃત્વ પ્રોવાઈડ કરીશું અને તેમને દરેક રીતે બહારથી મદદ કરીશું. અમે એવી સરકાર બનાવીશું કે જેથી બંગાળમાં અમારી માતાઓ અને બહેનોને ક્યારેય સમસ્યાનો સામનો ન કરવો પડે. જેઓ ૧૦૦-દિવસમાં કામ કરે છે. રોજગાર યોજના તેમને કોઈ સમસ્યા નહીં થાય" તેમના નિવેદનમાં તેમણે ટીએમસી માટે ઈન્ડિયા ગઠબંધનની તેમની વ્યાખ્યા સ્પષ્ટ કરી હતી. મમતાના 'બહારના સમર્થન'ને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. ભૂતકાળમાં, બંગાળના ભૂતપૂર્વ શાસક પક્ષ ઝૅસ સહિત વિવિધ ડાબેરી પક્ષોએ કેબિનેટમાં જોડાયા વિના કેન્દ્રમાં પ્રથમ યુપીએ સરકારને બહારથી ટેકો આપ્યો હતો. બીજી તરફ, મમતા અને તેમની પાર્ટી તૃણમૂલ આ પહેલા પણ ઘણી વખત કેન્દ્ર સરકારમાં સીધી રીતે જોડાઈ ચૂકી છે. મમતા ૧૯૯૮માં બનેલી ૧૩ મહિનાની અટલ બિહારી વાજપેયી સરકારમાં સામેલ ન થયા પરંતુ તેને બહારથી સમર્થન આપ્યું.

### કેજરીવાલને વચગાળાના જામીન આપવાનો મામલો

## અમને જે લાગ્યું તે પ્રમાણે અમે ચુકાદો આપ્યો : કોર્ટ

### કેજરીવાલને વચગાળાના જામીન આપવાનો મામલો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આપવામાં આવેલા વચગાળાના જામીન અંગે ટિપ્પણી કરતા કહ્યું હતું કે અમે કેજરીવાલને વચગાળાના જામીન આપવાના સંદર્ભમાં કોઈ જ અપવાદને ધ્યાને લીધો નથી. કોર્ટની જસ્ટિસ સંજીવ ખન્ના અને દિપાનકર દત્તાની ખંડપીઠે કહ્યું હતું કે અમે કોઈના પણ માટે કોઈ અપવાદને ધ્યાને લીધો જ નથી. અમને જે લાગ્યું તે પ્રમાણે અમે ચુકાદો આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ગૃહમંત્રી અમિત શાહે એક ઈન્ટરવ્યુંમાં સુપ્રીમ કોર્ટે આપના નેતા અરવિંદ કેજરીવાલને આપવામાં વચગાળા મુદ્દે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે કેજરીવાલને મળેલા વચગાળાના જામીન એ કાયમ અપાતા ચુકાદો જેવો ચુકાદો નથી. વધુમાં તેમણે કહ્યું હતું કે ઘણા ભારતીયો માને છે કે આપના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સ્પેશિયલ ટ્રિટમેન્ટ અપાઈ હતી.

### નાના-મોટા નેતા રેલીમાં મોદીની નજીક જવા ઈચ્છે છે

## એક નેતાને મોદી સાથે મંચ પર સ્થાન ન મળતા રાજીનામું ધર્યું

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

નેતાજી જબરા રીસાણા...આ કિસ્સો જાણીને એક તરફ તમને હસવું આવશે અને બીજી તરફ તમે વિચારમાં પડી જશો કે શું ખરેખર આવું પણ થઈ શકે ખરાં...સીએમ હોય કે પીએમ એમની સાથે ફોટો પડાવવો, એમની સાથે ઉભા રહેવું દરેકને ગમે. કારણકે, જાહેર જીવનની મોટી હસ્તીઓ સાથે ફોટા પડાવાથી લોકો પણ તમને કંઈક વિશેષ રીતે નોટિસ કરતા હોય છે. એ સ્વભાવિક વસ્તુ છે. સામાન્ય લોકોની સાથે પક્ષના કાર્યકરોને આવી વિશેષ ઈચ્છા હોય એ પણ સમજી શકાય છે. આવી સ્થિતિમાં હાલમાં જ એક રેલી દરમિયાન બન્યો વિચિત્ર કિસ્સો. જાણીને તમે પણ અચરજમાં મુકાઈ જશો. હાલ પીએમ મોદી લોકસભાની ચૂંટણીના પ્રચાર અર્થે વિવિધ રાજ્યોનો પ્રવાસ કરી રહ્યાં છે. એવામાં દરેક નાના-મોટા નેતા પોતાની રેલીમાં પીએમ મોદીની નજીક જવા ઈચ્છે છે. દરેકના પોતાના તર્ક હોય છે. પીએમ મોદીની નજીક ફોટો પડાવવાથી ઘણાં લોકોને મોટા ફાયદા પણ થતા હોય છે. અહીં હોદ્દા અને પાવરનો કમાલ હોય છે. એમાંય સામાન્ય વ્યક્તિની સરખામણીએ નેતાઓમાં પીએમ સાથે ફોટો પડાવવાની હોડ લાગતી હોય છે. જોકે, રેલી દરમિયાન આવા જ એક નેતાને સ્ટેજ પર પ્રધાનમંત્રી મોદી સાથે બેસવાની ઈચ્છા હતી. પરંતુ નેતાજીની આ ઈચ્છા પુરી ના થઈ શકી. સુરક્ષાનું કારણ હોય કે પછી અન્ય કોઈ કારણસર નેતાજીને પીએમ મોદીની સાથે સ્ટેજ પર બેસવાની જગ્યા ના મળી. મંચ પર મોદી સાથે બેસવાની જગ્યા ના મળી તો આ નેતાજીએ રીસાઈને ધરી દીધું રાજીનામું.

ઘણીવાર નેતાઓની સભાઓમાં સ્ટેજ તૂટવાની ઘટનાઓ બને છે. વીડિયો પણ વાયરલ થાય છે. હવે સ્ટેજ પર બેસવા માટે જગ્યા ન મળતા નારાજ એક નેતાએ રાજીનામું આપી દીધું છે.

### ચારધામ યાત્રાએ જતાં લોકો માટે મોટા સમાચાર

## ચાર ધામમાં મંદિર પરિસરની અંદર મોબાઈલ લઈ જવા ઉપર પ્રતિબંધ

। (એજન્સી) દેહરાદૂન, તા.૧૬ ।

ચારધામ યાત્રા ૨૦૨૪ સાથે જોડાયેલ એક મોટા સમાચાર આવી રહ્યા છે. જો તમે પણ આ યાત્રા પર જઈ રહ્યા છો, તો આપના માટે આ જાણકારી જરુરી છે. હકીકતમાં જોઈએ તો, ચાર ધામમાં મંદિર પરિસરની અંદર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં મંદિરની અંદર હવે શ્રદ્ધાળુઓ પોતાના મોબાઈલ લઈ જઈ શકશે નહીં. ત્યાં સુધી



કે ચારેય ધામોમાં મંદિરની ૨૦૦ મીટરની રેન્જમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ઉત્તરાખંડના ચીફ સેક્રેટરી રાધા રતૂડીએ આ આદેશ જાહેર કર્યા છે. તો વળી ઋષિકેશમાં ચારધામ પર જઈ રહેલા વાહનો માટે મહત્વની જાણકારી સામે આવી છે. ગઢવાલ કમિશ્નરના નિર્દેશ પર ભદ્રકાળી ચેક પોસ્ટ પર સ્લોટ અંતર્ગત આગળ જવાની પરમિશન આપવામાં આવી છે. પરિવહન વિભાગ પણ વાહનોની તપાસ કરી રહી છે. ચારોધામ તીર્થયાત્રીઓમાં ભારે ભીડ જોવા મળી રહી છે. અત્યાર સુધીમાં ૩ લાખ ૩૭ હજાર યાત્રી ચાર ધામ દર્શન કરી ચુક્યા છે. તેમાંથી કેદારનાથમાં ૧ લાખ ૫૫ હજાર, બદ્રીનાથમાં ૪૫ હજાર ૬૩૭ યાત્રી, ગંગોત્રીમાં ૬૬ હજાર જ્યારે યમુનોત્રીમાં અત્યાર સુધીમાં ૭૦ હજાર યાત્રી દર્શન કરી ચુક્યા છે.

## 'ચાલો સૌ સાથે મળીને ડેન્ગ્યુ ઉપર નિયંત્રણ મેળવીએ' થીમ પર રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાઈ

**વિરમગામ સહિત અમદાવાદ જિલ્લામાં ડેન્ગ્યુ દિવસે ૪૧ રેલી, ૧૫૦ ગ્રૂપ મીટિંગસહિત ૪૦૦ ગામમાં એક સાથે પોરાનાશક કામગીરી કરવામાં આવી**





। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

૧૬ મે, ૨૦૨૪ના રોજ વિરમગામ શહેર અને તાલુકા સહિત સમગ્ર અમદાવાદ જિલ્લાના તાલુકા, ગ્રામ્ય વિસ્તારોમાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. શૈલેષ પરમાર અને જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ 'ચાલો સૌ સાથે મળીને ડેન્ગ્યુ ઉપર નિયંત્રણ મેળવીએ' થીમ પર વિરમગામ સહિત અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી અંતર્ગત ૪૧ રેલી, ૧૫૦ ગ્રૂપ મીટિંગ સહિત ૪૦૦ ગામમાં એક સાથે પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

આરોગ્ય કર્મચારીઓ દ્વારા લોકોને ડેન્ગ્યુથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને પોરાભક્ષક માછલીઓના ઉપયોગ અંગે પણ સમજ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડેન્ગ્યુ તાવનો મચ્છર - એડીસ ઈજીપ્તી મચ્છર ઘરમાં કે ઘરની આસપાસ ભરાતા ચોખ્ખા પાણીમાં જ પેદા થાય છે. સખત તાવ આવવાની સાથે આંખના ડોળાની પાછળ દુખાવો થાય કે હાથ અને ચહેરા પર ચકામા પડે, નાક, મોં તેમજ પેઢામાંથી લોહી પડે તો ડેન્ગ્યુ હોઈ શકે છે. ડેન્ગ્યુ જેવા કોઈ પણ લક્ષણ જોવા મળે તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો જોઈએ.

મેલેરિયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા જેવા વાહકજન્ય રોગોથી બચવા માટે શરીરનાં અંગોને ઢાકી રાખે તેવા વસ્ત્રો પહેરવા જોઈએ, મચ્છરથી રક્ષણ આપતી અગરબત્તીનો ઉપયોગ કરવો, મચ્છરદાનીમાં સૂવાનો આગ્રહ રાખવો જોઈએ. હવાચુસ્ત ઢાંકણવાળા વાસણમાં પાણીનો સંગ્રહ કરવો. પાણીની ટાંકી, ફુલદાની, ફ્રીજની ટ્રે, પાણીના કુંડા સહિતનાં પાત્રો અઠવાડિયામાં એક વખત અવશ્ય સાફ કરવા જોઈએ.

# માવઠાએ શાકભાજીની ખેતી કરતા ખેડૂતોની દશા બગડી

## અમદાવાદ APMC માર્કેટમાં બટાકા ૨૦ રૂપિયા પ્રતિ કિલો, ડુંગળી ૨૧ રૂપિયા પ્રતિ કિલો મળ્યી રહ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. જેના લીધે ચોમાસા જેવી પરિસ્થિતિ સર્જાતા વાતાવરણમાં ગરમીનું પ્રમાણ ઘટ્યું હતુ. જેની સીધી અસર શાકભાજીના ભાવ પર જોવા મળી છે. આજે અમદાવાદના APMC માર્કેટમાં શાકભાજીની આવકમાં વધારો થતા તેના ભાવમાં ઘટાડો નોંધાયો હતો.

સામાન્ય રીતે ઉનાળામાં શાકભાજીના ભાવ વધી જતા હોય છે. કારણ કે ગરમીના લીધે શાકભાજી ઝડપથી બગડી જાય છે. તથા તેની ખેતી કરવા માટે પણ પૂરતા પ્રમાણમાં પાણીની જરૂર પડે છે. પરંતુ જો યોગ્ય કાળજી રાખવામાં ન આવે તો શાકભાજીના છોડ અને વેલા સૂકાઈ જાય છે. જેના લીધે શાકભાજીના ભાવમાં વધારો થતો હોય છે. પરંતુ હાલ હવામાનમાં થતા ફેરફારને લીધે ગુજરાત અને તેની આસપાસના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો.આમ વાતાવરણમાં ગરમીનું પ્રમાણ ઘટ્યુ હતું. જેના લીધે આજે શાકભાજીના ભાવમાં ૨ રૂપિયાથી લઈને ૧૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. જેમાં ટામેટા, આદુ, દૂધી, કાકડી, મેથી અને બીટના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. આ સાથે રીંગણ, ફૂલાવર, ચોળી, વટાણા, કારેલા, ગાજર, રતાળુ, પરવર, ગિલોડા, રવૈયા વગેરે શાકભાજી પણ સસ્તા બન્યા છે. આમ મોટાભાગના શાકભાજીના ભાવ ઘટતા ગૃહિણીઓ



ખુશ થઈ ગઈ હતી. તથા શાકભાજી ખરીદવા માટે તેમણે વધારે રૂપિયા ચૂકવવા નહિ પડે.

અમદાવાદ APMC માર્કેટમાં શાકભાજીના ભાવની વાત કરીએ તો બટાકા ૨૦ રૂપિયા પ્રતિ કિલો, ડુંગળી ૨૧ રૂપિયા પ્રતિ કિલો, રીંગણ ૧૨ રૂપિયા પ્રતિ કિલો, કોબીજ ૧૨ રૂપિયા પ્રતિ કિલો, ફૂલાવર ૨૫ રૂપિયા પ્રતિ કિલો, વાલોર ૬૦ રૂપિયા પ્રતિ કિલો, ટામેટા ૧૩ રૂપિયા પ્રતિ કિલો, ચોળી ૬૦ રૂપિયા પ્રતિ કિલો, મરચા ૨૫ રૂપિયા પ્રતિ કિલો તથા લીંબુ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો ભાવ નોંધાયો છે. જ્યારે આદુ ૧૧૦ રૂપિયા પ્રતિ કિલો, દૂધી ૧૨ રૂપિયા પ્રતિ કિલો, વટાણા ૭૦ રૂપિયા પ્રતિ કિલો, ભીંડા ૪૫ રૂપિયા પ્રતિ કિલો, કાકડી ૩૦ રૂપિયા પ્રતિ કિલો, કારેલા ૪૫ રૂપિયા પ્રતિ કિલો, ગુવાર ૩૫ રૂપિયા પ્રતિ કિલો, મેથી ૫૦ રૂપિયા પ્રતિ કિલો, કોથમીર ૨૫ રૂપિયા પ્રતિ કિલો, ફૂદીનો ૨૦ રૂપિયા પ્રતિ કિલો, ગાજર ૨૦ રૂપિયા પ્રતિ કિલો અને સૂકું લસણ ૨૧૦ રૂપિયા પ્રતિ કિલો ભાવ નોંધાયો છે. આ સિવાય રતાળુ ૬૦ રૂપિયા પ્રતિ કિલો, સુરણ ૮૦ રૂપિયા પ્રતિ કિલો, સરગવો ૨૫ રૂપિયા પ્રતિ કિલો, પરવર ૩૦ રૂપિયા પ્રતિ કિલો, ગિલોડા ૫૦ રૂપિયા પ્રતિ કિલો, તુરિયા ૩૫ રૂપિયા પ્રતિ કિલો, ગલકા ૧૦ રૂપિયા પ્રતિ કિલો, બીટ ૧૨ રૂપિયા પ્રતિ કિલો અને રવૈયા ૨૮ રૂપિયા પ્રતિ કિલો ભાવ નોંધાયો છે. શાકભાજી માર્કેટના વેપારીઓએ જણાવ્યુ હતુ કે ત્રણ દિવસ પહેલાના ભાવની સરખામણીમાં આજે શાકભાજીના ભાવમાં ૨ રૂપિયાથી લઈને ૧૫ રૂપિયા સુધીનો ઘટાડો નોંધાયો છે. પરંતુ ઉલ્લેખનીય છે કે જો વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધતુ જશે અથવા માવઠાની અસર વધુ વર્તાશે તો શાકભાજીના ભાવ ઊંચકાઈ શકે છે. શાકભાજીના ભાવમાં થતી વધ-ઘટ શાકભાજીના જથ્થા અને માંગ આધારિત નક્કી કરવામાં આવે છે.

# અમેરિકામાં ગુજરાતી મહિલા પર લાગ્યો કરોડોની છેતરપિંડીનો કેસ

**ફ્લોરિડામાં પોલીસે દોઢ મિલિયન ડોલર ની છેતરપિંડીના કેસમાં શ્વેતા પટેલ નામની ગુજરાતી મહિલાની ધરપકડ કરી છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમેરિકાના ફ્લોરિડામાં પોલીસે દોઢ મિલિયન ડોલર (રૂ. ૧.૨૫ કરોડ)ની છેતરપિંડીના કેસમાં શ્વેતા પટેલ (૪૨) નામની ગુજરાતી મહિલાની ધરપકડ કરી છે. ફ્લોરિડામાં બ્રેડેન્ટન પોલીસ વિભાગ માને છે કે છેતરપિંડીમાં અન્ય કેટલાક લોકો પણ સામેલ હોઈ શકે છે. એપ્રિલમાં, પોલીસને ફરિયાદ મળી હતી કે એક ૮૦ વર્ષીય અમેરિકન વ્યક્તિ સાથે ૧.૫ મિલિયન ડોલરની છેતરપિંડી કરવામાં આવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે વૃદ્ધ વ્યક્તિ સાથે છેતરપિંડી ફેબ્રુઆરી ૨૦૨૪માં શરૂ થઈ હતી. જેમાં બે લોકો કથિત રીતે ફ્રોડ ગેંગ સાથે સંકળાયેલા હતા. જેમણે તેની પાસેથી ૧.૫ મિલિયન ડોલર એકત્ર કર્યા હતા. તેઓ પહેલા પીડિતાના ઘરે પહોંચ્યા અને પછી વૃદ્ધને ધમકી આપી. આ દરમિયાન, તેણે વૃદ્ધા વિરુદ્ધ જારી કરાયેલ ધરપકડ વોરંટને ટાંકીને તેને ફેડરલ એજન્ટ ગણાવ્યો હતો. આ કેસની તપાસ કરનાર પોલીસ અધિકારી જિમ કુરુલાનાના જણાવ્યા અનુસાર, પીડિતાના ઘરે આવેલા બે નકલી એજન્ટોએ શંકા ટાળવા માટે તેમના સુપરવાઈઝરને બોલાવવાનું નાટક કર્યું હતું. બનાવટી ફેડરલ એજન્ટની નકલી સુપરવાઈઝર તરીકે બોલતી એક મહિલાએ ચર્ચા કરી કે જો પીડિત જેલમાં જવા ન માંગતા હોય તો તેઓ શું કરી શકે. ત્યારબાદ તે જ મહિલા દ્વારા પીડિતાને દિવસમાં બે થી ત્રણ વખત ફોન કરવામાં આવ્યો હતો, જેણે પીડિતાને ખાતરી આપી હતી કે તે સામાજિક સુરક્ષા કૌભાંડ કરનારા લોકોને પકડવામાં પોલીસને મદદ કરી શકશે. આ માટે છેતરપિંડી કરનાર ટોળકીએ 'ફેક સ્ટિંગ ઓપરેશન'ની સ્ટોરી બનાવી અને પીડિતા પાસેથી ૧૫ મિલિયન ડોલરનું સોનું ખરીદ્યું અને અલગ-અલગ જગ્યાએ તેમના માણસો પાસેથી સોનું પણ ભેગું કર્યું ફેડરલ એજન્ટો અને જે લોકોને તે સોનું પહોંચાડી રહ્યો હતો તેઓ સ્ટિંગ ઓપરેશન કરી રહ્યા હતા. જોકે વાસ્તવમાં એવું કંઈ નહોતું. પોલીસની મદદના બહાને ઠગ ટોળકી પીડિતાને છેતરતી હતી. પીડિતાના નિવૃત્તિ ફંડમાંથી આ સોનું ખરીદવામાં આવ્યું હતું, જે પીડિતા ફ્રોડ ગેંગના લોકોને આપતી હતી. પીડિતને ખાતરી આપવામાં આવી હતી કે તેઓને પૈસા પાછા મળશે, પરંતુ છેતરપિંડી કરનાર ટોળકીએ $૧.૫ મિલિયનનું સોનું એકત્ર કર્યા પછી પીડિતાનો સંપર્ક કરવાનું બંધ કરી દીધું. ત્યારબાદ તેને શંકા ગઈ અને તેણે પોલીસને જાણ કરી. ફરિયાદ મળ્યા પછી, પોલીસે પીડિતાએ જ્યાં સોનું આપ્યું હતું તે સ્થળોના સર્વેલન્સ ફૂટેજની તપાસ કરી. કોર્ટમાં દાખલ કરાયેલી એફિડેવિટ મુજબ, પોલીસે પીડિતા પાસેથી સોનું એકત્રિત કરવા માટે ઉપયોગમાં લેવાતી કારને ટ્રેસ કરી હતી.

## અમદાવાદના માંડલ તાલુકાના ટ્રેન્ટ પીએચસી સેન્ટર ખાતે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

૧૬મી મે, ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ અંતર્ગત માંડલ તાલુકાના ટ્રેન્ટ પીએચસી સેન્ટર ખાતે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. 'ચાલો સૌ સાથે મળીને ડેન્ગ્યુ પર નિયત્રંણ મેળવીએ'- Connect with Community Control Dangue- થીમ પર માંડલના ટ્રેન્ટ પીએચસી સેન્ટર ખાતે ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવી, જે અંતર્ગત ગામમાં રેલી કાઢવામાં આવી હતી. ડેન્ગ્યુ બીમારી વિશે લોકોને જૂથચર્ચા દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથોસાથ ઘરે ઘરે ફરીને પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. આ પ્રસંગે આયુષ મેડિકલ ઓફિસર શ્રી ડૉ. વર્ષા વાધેલા, સુપરવાઈઝર શ્રી વિપુલ પંડ્યા, પીએચસી સ્ટાફ અને આશા વર્કર બહેનો ડેન્ગ્યુ અવેરનેસ કામગીરીમાં જોડાયા હતા.

# વટવા GIDCએ જાહેરમાં છોડ્યું કેમિકલયુક્ત પાણી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

વટવા GIDCમાં આવેલી કેમિકલ કંપની હાથીજણ પાસે એસિડિક કેમિકલયુક્ત પાણી જાહેરમાં છોડીને પર્યાવરણને નુકસાન પહોંચાડી રહી હતી. ચોંકાવનારી વાત એ છે કે AMC હાથીજણ નજીક વિંઝોલ રેલ્વે બ્રિજ પાસે પાણીની પાઈપલાઈન નાખવાનું કામ કરી રહી હતી. તેમાંથી ભૂગર્ભ પાઈપ મળી આવ્યો હતો. જેથી AMCના અધિકારીઓએ GPCBને જાણ કરી હતી અને તપાસ બાદ જાણવા મળ્યું હતું કે આ ઝેરી કેમિકલ GIC કંપની દ્વારા કેનાલમાં ઠાલવવામાં આવી રહ્યું છે.

આ બનાવ અંગે જીપીસીબીએ કંપનીના માલિકો સામે વટવા GIDCમાં ફરિયાદ નોંધાવી છે. કંપની દ્વારા એસિડિક કેમિકલયુક્ત પાણી છોડીને પર્યાવરણને નુકસાન થતું હોવાથી પ્રદૂષણ પોલ્યુશન કંટ્રોલના એન્જિનિયરે વટવા GIDC પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આયોજનગર નજીક વટવા, વિંઝોલ ખાતે રહેતા અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં આસિસ્ટન્ટ એન્વાયરમેન્ટલ એન્જિનિયર તરીકે કામ કરતા ૨૯ વર્ષીય સુભમ સોનાવાડિયાએ ડાયોપ્રિન્ટ ગુજરાત પ્રાઈવેટ લિમિટેડના અધિકારીઓ સામે ફરિયાદ નોંધાવી છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીની પાઈપલાઈન નાખવામાં આવી રહી હતી. આ દરમિયાન એક ભૂગર્ભ પાઈપ મળી આવ્યો હતો. જેથી તેને AMC દ્વારા જાણ કરવામાં આવી હતી. જેથી તે તુરંત જ ટીમ સાથે આવી પહોંચ્યો હતો અને જોયું તો ત્યાં અંડરગ્રાઉન્ડ પાઈપ હતો. તે પાઈપ લીકેજ હોવાથી તેનું pH બદલાશે. પેપર તપાસતાં એસિડિક કેમિકલ મળી આવ્યું હતું.

આ પછી તેને JCB મશીન વડે ખોદવામાં આવ્યું અને પછી ખારીકટ કેનાલ તરફ લઈ જવામાં આવ્યું. બાદમાં પાઈપ ની તપાસ કરતાં આ કેમિકલ ડીઓપ્રિન્ટ ગુજરાત પ્રાઈવેટ લિમિટેડમાંથી આવતું હોવાનું જણાયું હતું. આ ઝેરી કેમિકલના કારણે અનેક લોકો અને પર્યાવરણને નુકસાન થતું હોવાથી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ઈજનેરે કંપનીના અધિકારીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં અને પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# મહુડી મંદિર ટ્રસ્ટમાં ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો

। (પ્રતિનિધી) મહુડી, તા.૧૬ ।

મહુડી મંદિર ટ્રસ્ટમાં ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો છે. મંદિરના ટ્રસ્ટીઓ પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો છે. તેઓએ ૧૪ કરોડની નોટો બદલ્યાનો અને ૧૩૦ કિલો સોનાનુ કૌભાંડ કર્યાનો આરોપ લાગ્યો છે. ટ્રસ્ટે ખરીદેલી સંપત્તિ ટ્રસ્ટના નામે કરવાનો આરોપ છે. ટ્રસ્ટો પર મંદિરની ભેટસોગાદ ટ્રસ્ટના ચોપડે લેવાનો રોપ છે. ટ્રસ્ટના સભ્ય કાંતિ મહેતાએ આરોપ લગાવ્યો છે. તેમણે ટ્રસ્ટી ભુપેન્દ્ર વોરા અને એકાઉન્ટન્ટ પર આરોપ લગાવ્યો છે. ટ્રસ્ટી ભુપેન્દ્ર વોરાએ બધા આરોપ ફગાવ્યા છે.ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે પણ માણસા પાસે આવેલ સુપ્રસિધ્ધ મહુડી ઘંટાકર્ણ મહાવિર મંદિરના બે ટ્રસ્ટીઓએ કૌભાંડ કર્યાની ઘટના પ્રકાશમાં આવી છે. આ બંને ટ્રસ્ટીઓએ ઘંટાકર્ણ મહાવીરને ચડાવેલા સોનાના વરખમાંથી ૪૫ લાખનું સોનું સેરવી લીધાનું બહાર આવતા મુર્તિપૂજક જૈન સમાજમાં રોષનું મોજુ ફરી વળ્યુ હતું. અન્ય ટ્રસ્ટીઓની સજાગતાથી સમગ્ર પ્રકરણનો ભાંડો ફુટયો હતો. પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

આ મામલે મહુડી ઘંટાકર્ણ મહાવીર મંદિરના આઠ પૈકી એક ટ્રસ્ટી ભુપેન્દ્રભાઈ વોરાએ મંદિરમાંથી સોના અને રોકડની ઉચાપત કરનાર અન્ય બે ટ્રસ્ટી નિલેશ કાંતીલાલ મહેતા તથા સુનિલ બાબુલાલ મહેતા સામે માણસા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. મંદિરમાં મૂર્તિપુજક જૈન સમાજના અલગ અલગ આઠ ટ્રસ્ટીઓ છે. જે પૈકી ઉપરોક્ત બે ટ્રસ્ટીનો સમાવેશ થાય છે. તેઓ વર્ષ ૨૦૨૦થી મંદિરમાં ટ્રસ્ટી તરીકે કાર્યરત છે.સમગ્ર પ્રકરણની પ્રથમ વખત જાણ ઘંટાકર્ણ મહાવિર દાદાના સોનાના વરખના ઉતારા દરમિયાન તેમાં પડેલી ઘટ સમયે બહાર આવી હતી. મંદિર ટ્રસ્ટ દ્વારા ઘંટાકર્ણ મહાવીર દેવના સંપૂર્ણ વર્ષનો સોનાના વરખનો ઉતારો વરસમાં એક વખત ધનતેરસના દિવસે ઉતારવામાં આવે છે. વર્ષ ૨૦૨૨માં મંદિરના ટ્રસ્ટી એ સોનાના વરખનો ઉતારો ઉતારી એક ડોલમાં મૂકી ડોલ તિજોરીમાં મુકી હતી. જે ડોલ ટ્રસ્ટીઓએ એક વખત ગાળવા માટે બહાર કાઢી હતી. પરંતુ તે દિવસે સોનાનો વરખ ગાળવાનું શક્ય નહી બનતા ટ્રસ્ટીઓની હાજરીમાં ડોલ પુનઃ પાછળ જાળીમાં મૂકીને તાળુ મારી દીધુ હતું. ત્યારબાદ ૧૫ માર્ચ ૨૦૨૩ના રોજ ડોલમાં રાખેલ સોનાના વરખ અન્ય ટ્રસ્ટીઓની હાજરીમાં ગાળ્યો હતો.

## વિશેષ

**પ્રથમ ચાર તબક્કામાં ૬૬.૯૫ ટકા મતદાન । અત્યાર સુધીમાં ૪૫૧ મિલિયન લોકોએ મતદાન કર્યું છે**

# પંચે આગામી તબક્કાઓમાં મતદારોને બહાર આવીને મોટી સંખ્યામાં મતદાન કરવા આહ્વાન કર્યું છે

**બાકીના 3 તબક્કામાં મતદાતાઓને માહિતગાર કરવા, પ્રોત્સાહિત કરવા અને સુવિધા આપવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે; સીઇઓને પગલાં ભરવા માટે કહેવામાં આવ્યું છે**

। નવી દિલ્હી ।

હાલમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણી દરમિયાન મતદારોને મતદાન કરવા અપીલ કરતો ક્રિકેટના લેજન્ડ અને ઈસીઆઈના નેશનલ આઈકોન સચિન તેંડુલકરનો ફોન આવે તો આશ્ચર્યચકિત ન થતા. મતદાતાઓની સંખ્યામાં વધારો કરવા માટે પોતાની પહોંચના ભાગરૂપે ઈસીઆઈએ વિવિધ હસ્તક્ષેપો રજૂ કર્યા છે, જેનો ઉદ્દેશ ચાલુ ચૂંટણીઓ દરમિયાન મતદાતાઓને તેમનો મત આપવા માટે અપીલ કરવા અને પ્રોત્સાહિત કરવાનો છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪માં મતદાન કેન્દ્રો પર અત્યાર સુધીમાં લગભગ ૬૬.૯૫% મતદાન થયું છે, કારણ કે ચાલી રહેલી સામાન્ય ચૂંટણીના પ્રથમ ચાર તબક્કા દરમિયાન આશરે ૪૫૧ મિલિયન લોકોએ મતદાન કર્યું છે.

ઈસીઆઈએ દરેક પાત્ર મતદાતા સુધી પહોંચવા માટે તેના લક્ષિત હસ્તક્ષેપોમાં વધારો કર્યો છે. સીઈસી શ્રી રાજીવ કુમારની આગેવાની હેઠળના પંચે ઈસી શ્રી જ્ઞાનેશ કુમાર અને શ્રી સુખબીર સિંહ સંધુની સાથે મળીને પાંચમા, છઠ્ઠા અને સાતમા તબક્કામાં મતદાન કરવા જઈ રહેલા રાજ્યોના સીઈઓને તમામ મતદાતાઓને સમયસર મતદાર માહિતી સ્લિપનું વિતરણ કરવા અને આઉટરીચ પ્રવૃત્તિઓ વધારવાના નિર્દેશ આપ્યા.

"કમિશન દ્રઢપણે માને છે કે ભાગીદારી અને સહયોગ એ મતદાર જાગૃતિ કાર્યક્રમના આવશ્યક આધારસ્તંભ છે. મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમારે જણાવ્યું હતું કે, "એ જોઈને ખરેખર આનંદ થાય છે કે, પંચની વિનંતી પર, વિવિધ સંસ્થાઓ, પ્રભાવકો અને નોંધપાત્ર પહોંચ ધરાવતી હસ્તીઓ પ્રો-બોનો ધોરણે ઉત્સાહપૂર્વક કામ કરી રહી છે." વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ઊંચું મતદાન એ ભારતીય મતદાતાઓ તરફથી દુનિયાને ભારતીય લોકશાહીની તાકાતનો સંદેશ આપશે. તેમણે તમામ મતદારોને લોકશાહીના પર્વમાં ભાગ લઈને, મતદાનનો દિવસ રજાનો દિવસ નથી પરંતુ ગૌરવનો દિવસ ગણી મોટી સંખ્યામાં મતદાન કરવા અનુરોધ કર્યો છે.

**હોદ્દેદારો દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ મતદાર જાગૃતિ ઝુંબેશ અને અભિયાન નીચે મુજબ છેઃ**

ભારત સંચાર નિગમ લિમિટેડ, ભારતી એરટેલ લિમિટેડ, જિયો ટેલિકોમ્યુનિકેશન, વોડાફોન-આઈડિયા લિમિટેડ જેવા ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ પુશ એસએમએસ/ફ્લેશ એસએમએસ, મોબાઈલ વપરાશકર્તાઓને આઉટબાઉન્ડ ડાયલિંગ કોલ્સ, આરસીએસ (રિચ કમ્યુનિકેશન સર્વિસીસ) મેસેજિંગ અને વોટ્સએપ સંદેશાઓ/ચેતવણીઓ દ્વારા સંબંધિત સંસદીય મતવિસ્તારના દરેક મોબાઈલ વપરાશકર્તા સુધી પહોંચી રહ્યા છે. આ પ્રવૃત્તિઓ મતદાનના બેથી ત્રણ દિવસ પહેલાં અને મતદાનના દિવસે પણ પ્રાદેશિક ભાષાઓમાં મતદાન કરવાની અપીલ સાથે હાથ ધરવામાં આવે છે.

આઈપીએલની મેચો દરમિયાન મતદાતાઓમાં જાગૃતિઃ ઈસીઆઈએ આઈપીએલની ચાલુ સિઝન દરમિયાન મતદાતાઓની જાગૃતિની પ્રવૃત્તિઓ માટે બીસીસીઆઇ સાથે જોડાણ કર્યું છે. ક્રિકેટ મેચ દરમિયાન જુદા જુદા સ્ટેડિયમોમાં મતદાર જાગૃતિના સંદેશાઓ અને ગીતો વગાડવામાં આવી રહ્યા છે. આ અભિયાનનું સૌથી નવતર પાસું એ છે કે આઈપીએલના વિવિધ સ્થળોએ અગાઉથી જ રેકોર્ડ કરેલા વીડિયો મેસેજમાં ક્રિકેટના દિગ્ગજ સચિન તેંડુલકર મતદાતાઓને પ્રતિજ્ઞાનો અપાવી રહ્યાં છે. વધુમાં, મતદાતા જાગૃતિ સંદેશાઓને ક્રિકેટ કોમેન્ટ્રીમાં સંકલિત કરવામાં આવે છે. આઈપીએલની ૧૦ ટીમોના ક્રિકેટરોએ મતદારોને તેમના રેકોર્ડ કરેલા મતદાર જાગૃતિ સંદેશાઓ સાથે લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા છે.

ભારતના તમામ ફેસબુક વપરાશકર્તાઓને મતદાનના દિવસની ચેતવણી મોકલવામાં આવી હતી, જે મતદારોને સામાન્ય ચૂંટણીઓ વિશે માહિતગાર કરવા અને જાગૃત કરવા અને લોકશાહીના ઉત્સવમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે મોકલવામાં આવી હતી.

મતદાનના દિવસે વોટ્સએપ પર્સનલાઈઝ્ડ મેસેજ મોકલવાના શરૂ થઈ ગયા છે. ગૂગલ ઈન્ડિયા મતદાનના દિવસે ગૂગલ ડૂડલની તેની આઈકોનિક સુવિધા અને યુટ્યુબ, ગૂગલ પે અને અન્ય ગૂગલ પ્લેટફોર્મ પર દેખાતા બેનરો દ્વારા યોગદાન આપી રહ્યું છે.

રિટેલ એસોસિયેશન ઓફ ઈન્ડિયા તેમના રિટેલ નેટવર્ક મારફતે મતદાતાઓની જાગૃતિની પ્રવૃત્તિઓ સાથે સક્રિયપણે સંકળાયેલું છે, જેના દ્વારા રિટેલ ચેઈનને ચૂંટણીને એક તહેવાર તરીકે ઉજવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

ઈસીઆઈ દ્વારા દેશભરમાં વિશાળ અને વૈવિધ્યસભર શ્રોતાઓ સુધી પહોંચવા માટે પોસ્ટ ઓફિસ અને બેંકિંગ સંસ્થાઓના વિશાળ નેટવર્કનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પોસ્ટ વિભાગ ૧.૬ લાખથી વધુ પોસ્ટ ઓફિસ અને ૧,૦૦૦ એટીએમ અને ૧,૦૦૦ ડિજિટલ સ્ક્રીન ધરાવે છે. જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકિંગ સંસ્થાઓમાં ૧.૬૩ લાખથી વધુ બેંક શાખાઓ અને ૨.૨ લાખ એટીએમ છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સહયોગથી સંસદીય ચૂંટણી અભિયાનના લોગો "ચૂંટણીનું પર્વ, દેશનું ગૌરવ"ને આઈઆરસીટીસી પોર્ટલ અને ટિકિટ સાથે જોડવામાં આવ્યું છે.

તમામ રેલવે સ્ટેશનો પર જાહેર સંબોધન વ્યવસ્થામાં મતદાતાઓની જાગૃતિની જાહેરાતોને સંકલિત કરવામાં આવી છે. લોગો સ્ટીકરોનો ઉપયોગ સુપરફાસ્ટ ટ્રેનોના કોચમાં કરવામાં આવે છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સહયોગથી લગભગ ૧૬,૦૦૦ રિટેલ આઉટલેટ્સમાં મતદાતાઓની જાગૃતિ અંગેના હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સહયોગથી, એરલાઈન્સ આગામી ચૂંટણીઓમાં ભાગ લેવા અપીલ સંદેશ સાથે ઈનફ્લાઈટ જાહેરાત કરી રહી છે. વિમાનની સીટના પોકેટમાં મતદાર માર્ગદર્શિકા રાખવામાં આવી રહી છે. આ ઉપરાંત અનેક એરપોર્ટ પર મતદાર જાગૃતિના સંદેશાઓ પ્રદર્શિત કરવા માટે જગ્યા ફાળવવામાં આવી છે. દિલ્હી, મુંબઈ, કોલકાતા, બેંગલુરુ, હૈદરાબાદ, અમદાવાદ, લખનઉ, પટના, ચંદીગઢ, પૂણે જેવા ૧૦ મુખ્ય શહેરોના એરપોર્ટ પર સેલ્ફી-પોઈન્ટ લગાવવામાં આવ્યા છે.

દેશભરના સિનેમા થિયેટરો જાહેર સેવા જાગૃતિ (પીએસએ) ફિલ્મના ભાગરૂપે નિયમિત સમયાંતરે ઈસીઆઈ મતદાર જાગૃતિ ફિલ્મો અને ઈસીઆઈ સોંગ મેં ભારત હૂં, હમ ભારત કે મતદાતા હૈ ચલાવવામાં આવે છે.

સંસદ ટીવી દ્વારા ચૂંટણી તંત્ર દ્વારા દેશના દૂરના ખૂણામાં સ્થાપિત યુનિક પોલિંગ સ્ટેશનો પર ટૂંકી ફિલ્મો બનાવવામાં આવી રહી છે, જેમાં છેલ્લા માઈલ પર મતદાન સુનિશ્ચિત કરવામાં પડકારોને દર્શાવવા માટે મુશ્કેલ પ્રદેશોને નેવિગેટ કરીને બનાવવામાં આવી છે.

અમૂલ, મધર ડેરી અને અન્ય દૂધ સહકારી મંડળીઓએ "ચૂંટણીનું પર્વ, દેશનું ગૌરવ" સંદેશ સાથે તેમના દૂધના પાઉચનું બ્રાન્ડિંગ શરૂ કર્યું છે અને અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા મતદારોને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યાં છે. અમૂલ અખબારોમાં અમૂલ ગર્લ સ્થાનિક જાહેરાત દ્વારા તેના અનન્ય સંદેશા સાથે મતદારોને પ્રોત્સાહિત પણ કરી રહી છે.

પ્રસાર ભારતીઃ દૂરદર્શને ભારતના માનનીય રાષ્ટ્રપતિ, ભારતના ઉપરાષ્ટ્રપતિ, ભારતના મુખ્ય ન્યાયાધીશ જેવા બંધારણીય કાર્યકરોની અપીલ સહિત વિવિધ ટૂંકી ફિલ્મોનું નિર્માણ કર્યું છે. આ ઉપરાંત પ્રાદેશિક કેન્દ્રો દ્વારા તેના ઓડિયો-વિઝ્યુઅલ દસ્તાવેજીકરણ માટે વિશિષ્ટ મતદાન મથકોને આવરી લેવામાં આવ્યા છે.

મ્યુઝિક એપ સ્પોટિફાઈ એક અભિયાન ચલાવી રહ્યું છે , 'પ્લે યોર પાર્ટ' અને તેઓએ તેમની એપ્લિકેશન પર પ્રિન્ટ જાહેરાતો જારી કરી છે, અને ચૂંટણી માટે પ્લેલિસ્ટ્સ તૈયાર કર્યું છે.

બાઈક એપ્લિકેશન રેપિડો મતદાન માટે મફત સવારી સાથે મતદારોને પ્રોત્સાહિત કરી રહી છે.

પેમેન્ટ એપ ફોનપેએ તેમની એપ્લિકેશનમાં મતદાર જાગૃતિ સંદેશને સંકલિત કર્યો છે અને સક્રિયપણે મતદારોને પ્રોત્સાહિત કરી રહી છે.



કેદારનાથની યાત્રા દરમિયાન યાત્રાના રૂટ પર ડીડીઆરએફ અને એસડીઆરએફના સુરક્ષા દળના જવાનો 'દેવદૂત' બની રહ્યા છે, બીમાર અને ઘાયલ શ્રદ્ધાળુઓને તાત્કાલિક હોસ્પિટલ લઈ જઈ રહ્યા છે.

# આયુષ્માન કાર્ડની આડમાં રૂપિયા કમાવા થતી આડેધડ સર્જરીઓ થશે બંધ

## આયુષ્માન કાર્ડના આધારે ખાનગી હોસ્પિટલોમાં જરૂર ન હોય છતાં કરાતી સર્જરીઓ પર અંકુશ લાવવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

આયુષ્માન કાર્ડના નામે કેટલાંક લેભાગુ અને લાલચુ ડોક્ટરો ખોટી પ્રેક્ટીસ કરીને રૂપિયા કમાતા હોવાનું ઘણીવાર સામે આવી ચુક્યું છે. આયુષ્માન કાર્ડના નામે ખોટા ક્લેઈમ થતા હોવાનું પણ સરકારના ધ્યાને આવી ચુક્યું છે. આ એક આખુ મોટું કૌભાંડ ચાલે છે, જેમાં કાર્ડ કઢાવી આપ નારા એજન્ટોથી લઈને કેટલાંક સરકારી કર્મચારીઓ અને મોટા મોટા તબીબો પણ સામેલ હોવાનું સરકારના ધ્યાન આવ્યું છે. જેથી ખાનગી હોસ્પિટલોના તબીબોની ખોટી સર્જરીઓ અને માત્ર સરકાર પાસેથી બિલ પાસ કરાવવા દર્દીના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાની વૃત્તિ રોકવા માટે સરકારે કડક પગલું લીધું છે.

સરકારના ધ્યાને આવ્યુ છે કે, જરૂર ના હોય તો પણ ખાનગી હોસ્પિટલોના કેટલાંય મોટા મોટા તબીબો રૂપિયા કમાવવાની લાલચમાં ખોટા રિપોર્ટ કરાવીને દર્દીની ખોટી રીતે સર્જરી કરી દેતાં હોય છે. આમાં ઘણાં બધાં લોકો સામેલ હોય છે.

ઘણીવાર તો ગરીબ દર્દીને પણ ખાનગી હોસ્પટલો દ્વારા સર્જરી કરાવવા માટે પૈસાની લાલચ આપવામાં આવે છે. તો મોટાભાગના કિસ્સામાં ખાનગી હોસ્પિટલના તબીબો ખોટા રિપોર્ટ કરાવીને દર્દીને તાત્કાલિક સર્જરી કરાવવી પડશે એવું કહીને ડરાવે છે, અને આયુષ્માન કાર્ડમાં રૂપિયો પણ ખર્ચવો નહીં પડે એમ કહીને સર્જરી કરી દે છે. ઘણાં દર્દી પાસે આયુષ્માન કાર્ડ ના હોય તો ખાનગી હોસ્પિટલના તબીબો એજન્ટો પાસેથી તાત્કાલિક કાર્ડ કઢાવવાનું પણ સેટીંગ ધરાવે છે. આ એક મસમોટું કૌભાંડ છે. જેમાં ઘણી મોટી મોટી ખાનગી હોસ્પિટલના મોટા મોટા ડોક્ટરો પણ સામેલ છે.આયુષ્માન કાર્ડથી રૂપિયા બનાવવા માટે જરૂર ના હોય છતાં આડેધડ થતી સર્જરીઓને રોકવા સરકારે મોટું પગલું લીધું છે. હવેથી ૫૫ વર્ષથી નાની વયના લોકો આયુષ્માન કાર્ડ હેઠળ ની-રિપ્લેસમેન્ટ એટલેકે, ઘૂંટણની સારવાર ખાનગી હોસ્પિટલમાં નહીં કરાવી શકે. હવે તેવા દર્દીઓ માત્ર સરકારી હોસ્પિટલોમાં જ આ અંગેની સારવાર વિનામૂલ્યે કરાવી શકશે. રાજ્યમાં પાંચ વર્ષમાં ની-રિપ્લેસમેન્ટ કરાવનારા કુલ દર્દીઓમાંથી ૧૫થી ૨૦ ટકા દર્દી ૫૫થી ઓછી વયના હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ વિગતો એ દિશામાં ઈશારો કરે છેકે, બોગસ, લેભાગુ અને લાલચુ ડોક્ટરોએ તબીબી સેવાને એક ગંદો ધંધો બનાવી દીધો છે. આવા લાલચુ ડોક્ટરો ખોટી રીતે પૈસા કમાવવા માટે દર્દીના શરીરમાં બિનજરૂરી સર્જરીઓ કરીને આયુષ્માન કાર્ડ મારફતે સરકાર પાસેથી પૈસા પડાવવાનું કૌભાંડ ચલાવે છે. અહીં વાત માત્ર ની-રિપ્લેસમેન્ટથી અટકી જતી નથી. અન્ય બીમારીઓમાં પણ બોગસ પ્રેક્ટિસ કરતા તબીબો આ જ પ્રકારનો હથકંડો અપનાવે છે. જોકે, એ બાબતે હજુ સરકારે કોઈ પગલાં લીધાં નથી. ત્યાં સુધી આવા બોગસિયાઓનો ધંધો ચાલ્યાં કરશે.

આયુષ્માન કાર્ડ હેઠળની-રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટ રિવિઝન અને ગર્ભાશયની સર્જરી હવે સરકારી હોસ્પિટલોમાં જ કરાવી શકાશે. ખાનગી હોસ્પિટલોમાં આડેધડ થતી સર્જરીઓ પર લગામ કસવા આ કવાયત શરૂ કરાઈ છે. હાલના સમયમાં સાંધાની વિવિધ સર્જરીના પ્રમાણમાં વધારો થયો છે. નાની ઉંમરના લોકોમાં જરૂર ન હોય તો પણ ની રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટ રિવિઝન અને ગર્ભાશયની સર્જરી થતી.

હોવાનું સરકારના ધ્યાનમાં આવ્યું હતું. આવ્યું હતું. જેથી આયુષ્માન કાર્ડ હેઠળ ૫૫ વર્ષથી નાની વયના લોકો માટે આ ત્રણ સર્જરી માત્ર સરકારી હોસ્પિટલમાં જ કરાવી શકાય તેવો નિયમ લાવવાની ફરજ પડી છે. આરોગ્ય વિભાગનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે આયુષ્માન કાર્ડ હેઠળ અગાઉ કોઈ પણ ઉંમરની વ્યક્તિની રિપ્લેસમેન્ટની રિપ્લેસમેન્ટની રિવિઝન સર્જરી તેમ જ ગર્ભાશયની કોથળી (હિસ્ટ્રેક્ટોમી) સર્જરી રિઝર્વ રાખવામાં આવી છે. એટલે કે પહેલાં આ ત્રણેય સર્જરી ખાનગી હોસ્પિટલમાં થઈ શકતી હતી, પરંતુ નાની ઉંમરના લોકોમાં ની રિપ્લેસમેન્ટની સર્જરીઓનું અચાનક પ્રમાણ વધી જતા અને બોગસ કેસો સામે આવતા સરકારે નિયમોમાં બદલાવ કરવાની ફરજ પડી છે.ખાનગી હોસ્પિટલમાં હાલ આ પ્રકારની સર્જરીનો ખર્ચ લગભગ દોઢથી બે લાખ રૂપિયા સુધી થાય છે. પહેલાં ખોટી સર્જરીઓ કરીને કેટલાંક બોગસ તબીબો આ રકમ આયુષ્માન કાર્ડના નામે સરકાર પાસેથી પડાવતા હતાં. જેનો હવે ભાંડો ફૂટી ચુક્યો છે.

### ન્યૂઝ બ્રિફ

## એર-ઈન્ડિયાની ફ્લાઈટમાં ટિસ્યુ પેપર પર "બોમ્બ" શબ્દ લખેલો મળતા ફ્લાઈટમાં અફરાતફરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વડોદરા આવી રહેલી દિલ્હી-વડોદરાની એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ટિસ્યુ પેપર પર બોમ્બ શબ્દ લખેલો મળતા અફરાતફરી સર્જાઈ હતી. પોલીસ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે બોમ્બ શબ્દો લખેલો મળ્યા પછીથી ફ્લાઈટમાં સર્ચ શરૂ કરવામાં આવ્યું હતું. જોકે સર્ચ દરમિયાન કોઈપણ પ્રકારની શંકાસ્પદ વસ્તુઓ મળી નહોતી. ઉલ્લેખનીય છે કે જ્યારે ક્રુમેમ્બર્સને ટીસ્યુ પેપર પર બોમ્બ શબ્દ લખેલો હોવાની માહિતી મળી તે સમયે વિમાન દિલ્હીથી વડોદરા આવવા ટેક-ઓફ કરવાની તૈયારીમાં હતું. આ અંગે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ અને દિલ્હી પોલીસને જાણ કરવામાં આવી હતી. આ સિવાય પેસેન્જર્સને પણ ફ્લાઈટમાંથી ઉતરી જવાનું કહેવામાં આવ્યું હતું.

## જેટ એરવેઝના ફાઉન્ડર નરેશ ગોયલની પત્નીનું નિધન થયું



। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

દેશમાં જાણીતા બિઝનેસમેન એવા જેટ એરવેઝના ફાઉન્ડર નરેશ ગોયલન પત્નિ અનિતા ગોયલનું કેન્સરની લાંબી માંદગી બાદ નિધન થયું છે. સારવાર દરમિયાન ગુરૂવારે મુંબઈની એક હોસ્પિટલમાં અનિતા ગોયલે અંતિમ શ્વાસ લીધા હતા જેમના મુંબઈ ખાતે અંતિમ સંસ્કાર થયા. અનિતા ગોયલના પતિ જેટ એરવેઝના ફાઉન્ડર નરેશ ગોયલ મની લોન્ડરિંગ મામલે જેલમાં બંધ છે. થોડા દિવસ પહેલાં જ પત્નીની બિમારીના પગલે જામીન મળ્યા હતા. ગોયલે પત્નીના અંતિમ દિવસોમાં તેની સાથે રહેવા જામીન માગ્યા હતા. ઉલ્લેખનીય છે, નરેશ ગોયલ પણ કેન્સરની બિમારીથી પીડાઈ રહ્યા છે. નરેશ ગોયલના પરિવારમાં બે બાળકો નમ્રતા અને નિવાન ગોયલ છે. આ મહિનાની શરૂઆતમાં નરેશ ગોયલે તેની બિમાર પત્નીને મળવા માટે જામીન અરજી કરી હતી. બોમ્બે હાઈ કોર્ટે મેડિકલ અને માનવીય આધાર પર જામીન મંજૂર કર્યા હતા. જો કે, કોર્ટે તેમને મુંબઈ બહાર ન જવાની શરતે જામીન મંજૂર કર્યા હતા. ઈડીએ કેનેરા બેંક સાથે જોડાયેલા મની લોન્ડરિંગ મામલે ધરપકડ કરી હતી.

## જ્યોર્જિયામાં થયેલા અકસ્માતમાં ત્રણ ઈન્ડિયન સ્ટૂડન્ટ્સનાં મોત



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

જ્યોર્જિયાના આલ્ફારેટામાં થયેલા એક કાર એક્સિડન્ટમાં ત્રણ ભારતીય સ્ટૂડન્ટ્સના મોત થયા છે, જ્યારે બે લોકો ઘાયલ થયા છે. અકસ્માતનો ભોગ બનેલા તમામ સ્ટૂડન્ટ્સ માત્ર ૧૮ વર્ષના હતા અને મૃતકોમાં એક યુવક તેમજ બે યુવતીનો સમાવેશ થાય છે જેમની ઓળખ આર્યન જોષી, શ્રીયા અવસારલા અને અવની શર્મા તરીકે કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર આર્યન અને શ્રીયાના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે અવનીએ નોર્થ ફુલટન હોસ્પિટલમાં બુધવારે સવારે અંતિમ શ્વાસ લીધા હતા. આ અકસ્માતમાં ઘવાયેલા અન્ય બે સ્ટૂડન્ટ્સની ઓળખ પણ જાહેર કરવામાં આવી છે, જેમના નામ રિતવાક સમપાલ્લી અને મોહમંદ લિયાકત હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતનો ભોગ બનેલા આ સ્ટૂડન્ટ્સ અમેરિકા ભણવા માટે ગયા હતા કે પછી ત્યાંના જ સિટીઝન હતા તેની પણ કોઈ વિગતો નથી મળી શકી. પોલીસનું માનવું છે કે આ અકસ્માત ઓવર સ્પિડિંગને કારણે થયો હોઈ શકે છે, જે કારમાં આ સ્ટૂડન્ટ્સ સવાર હતા.

### લખનૌ એરપોર્ટ પર બંને સાથે જોવા મળ્યા

## બિભવ કુમાર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે જોવા મળ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સહાયક બિભવ કુમાર, જેમણે સ્વાતિ માલીવાલ સાથે "દુર્વ્યવહાર" કર્યો હતો, તે લખનૌ એરપોર્ટ પર દિલ્હીના મુખ્યમંત્રીની સાથે જોવા મળ્યો હતો. અરવિંદ કેજરીવાલના અંગત મદદનીશ બિભવ કુમારે AAP સાંસદ સ્વાતિ માલીવાલ સાથે "દુર્વ્યવહાર" કર્યાના દિવસો પછી ગઈ કાલે મોડી રાત્રે લખનૌ એરપોર્ટ પર દિલ્હીના મુખ્ય પ્રધાનની સાથે જોવામાં આવ્યો હતો. AAPના રાજ્યસભાના અન્ય સાંસદ સંજય સિંહ પણ મુખ્યમંત્રીની સાથે જોવા મળ્યા હતા. અરવિંદ કેજરીવાલ લખનૌમાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધવા પહોંચ્યા હતા.. મંગળવારે, સંજય સિંહે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે બિભવ કુમારે અરવિંદ કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાન પર સ્વાતિ માલીવાલ સાથે "દુર્વ્યવહાર" કર્યો હતો અને મુખ્યમંત્રી આ મામલે કડક પગલાં લેશે. સ્વાતિ માલીવાલે મુખ્યમંત્રીના નિવાસસ્થાનેથી પોલીસ કોલ કર્યાના અને સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગયાના એક દિવસ બાદ આ નિવેદન આવ્યું હતું. બુધવારે, સંજય સિંહ સ્વાતિ માલીવાલને મળ્યા, તેમ છતાં ભારતીય જનતા પાર્ટીએ AAP સુપ્રીમો પર તેના હુમલાને તીક્ષ્ણ બનાવ્યો, તેમને સ્વચ્છ આવવા કહ્યું અને દોષિતો સામે કાર્યવાહીની માંગ કરી.

### BCCIએ નિવૃત્તિ લેવાના નિર્ણય વિશે ટ્વિટ કર્યું

## ૬ જૂને કુવૈત સામે થનારા ફીફા વર્લ્ડ કપ બાદ સુનીલ છેત્રી અલવિદા કહેશે

### તમારી કારકિર્દી અસાધારણથી ઓછી રહી નથી અને તમે ભારતીય ફૂટબોલ અને ભારતીય રમતો માટે અસાધારણ આઇકોન છો": BCCI

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।



ભારતીય સ્ટાર ફુટબોલર સુનીલ છેત્રીએ આંતરરાષ્ટ્રીય ફુટબોલથી સંન્યાસ લેવાના પોતાના નિર્ણયની જાહેરાત કરી છે. ભારતીય ફૂટબોલ આઈકોન સુનીલ છેત્રીએ ગુરુવારે ૬ જૂને કોલકાતામાં કુવૈત સામેની ફિફા વર્લ્ડ કપ ક્વોલિફાઈંગ મેચ બાદ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય જાહેર કર્યો, જેનાથી બે દાયકાની શાનદાર કારકિર્દી પર પડદો પડશે . લાંબા સમયથી સેવા આપતા રાષ્ટ્રીય ટીમના કેપ્ટને તેની જાહેરાત કરી. તેણે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પોસ્ટ કરેલા એક વીડિયો દ્વારા નિર્ણય લીધો. ભારત હાલમાં ગ્રુપ છમાં ચાર પોઈન્ટ સાથે બીજા ક્રમે છે, જે લીડર કતારથી પાછળ છે. ૩૯ વર્ષીય આ ભારતીય ફુટબોલરે ૧૨ જૂન ૨૦૦૫એ પાકિસ્તાન સામે આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ કર્યું અને આ મેચમાં ભારત માટે પોતાનો ગોલ પણ દાગ્યો હતો. સુનીલ છેત્રીએ ૨૦ વર્ષના કરિયરમાં ભારત માટે ૧૪૫ મેચ રમી છે જેમાં તેમણે ૯૩ ગોલ કર્યા છે. છેત્રીએ માર્ચમાં ભારત માટે તેનો ૧૫૦મો દેખાવ કર્યો હતો અને ગુવાહાટીમાં અફઘાનિસ્તાન સામે આ પ્રસંગે ગોલ કર્યો હતો. જો કે ભારત તે મેચ ૧-૨થી હારી ગયું હતું. કુવૈત સામેની મેચ તેની છેલ્લી છે, છેત્રીએ નિવૃત્તિના નિર્ણયની જાહેરાત કરતી વખતે કહ્યું હતું . સુનીલ છેત્રી ભારતના ઓલ ટાઈમ હાઈ સ્કોરર અને સૌથી વધુ કેપ્ડ ખેલાડી તરીકે ઈન્ટરનેશનલ ફુટબોલને અલવિદા કહેશે. તે એક્ટિવ ખેલાડીઓમાં સૌથી વધુ ગોલ કરવાના મામલે લીજેન્ડ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિયોનેલ મેસ્સી બાદ ત્રીજા સ્થાને છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ સુનીલ છેત્રીના આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાના નિર્ણય વિશે ટ્વિટ કર્યું છે. બોર્ડે લખ્યું, "તમારી કારકિર્દી અસાધારણથી ઓછી રહી નથી અને તમે ભારતીય ફૂટબોલ અને ભારતીય રમતો માટે અસાધારણ આઈકોન છો." છેત્રીએ નિવૃત્તિની જાહેરાત કરતા પોતાના ડેબ્યૂથી લઈને સમગ્ર કરિયરને યાદ કર્યું. તે આ દરમિયાન ખૂબ ઈમોશનલ પણ જોવા મળ્યો.

## પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરના સુરક્ષાકર્મીએ આત્મહત્યા કરી

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

સચિન તેંડુલકરના સુરક્ષાકર્મીએ પોતાનું જીવન ટૂંકાવી દીધું છે. સચિનના સુરક્ષાકર્મીએ પોતાના માથામાં ગોળી મારીને આત્મહત્યા કરી હતી. જામનેર શહેરના જલગાંવ રોડ પર ગણપતિ નગરમાં રહેતા સુરક્ષાકર્મીનું નામ પ્રકાશ ગોવિંદા કાપડે હતું. તેણે પોતાના ઘરે માથામાં ગોળી મારીને પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. ૩૭ વર્ષીય પ્રકાશ કાપડેને એસઆરપીએફમાં ભરતી કરવામાં આવ્યો હતો. પોસ્ટિંગ પછી તે મુંબઈમાં સચિન તેંડુલકરના બોડીગાર્ડ તરીકે ફરજ પર હતો. કાપડે આઠ દિવસ માટે મુંબઈથી જામનેરના ગણપતિ નગર સ્થિત પોતાના ઘરે આવ્યો હતો. મંગળવારે રાત્રે લગભગ ૧ વાગે પ્રકાશ કાપડેએ પોતાના ઘરે માથામાં ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. આ સમયે ઘરમાં તમામ લોકો સૂઈ રહ્યાં હતાં. ગોળીઓનો અવાજ સાંભળીને જ્યારે લોકો તેના રૂમ તરફ દોડ્યા તો પ્રકાશ ખૂનથી લથપથ પડેલો હતો. ઘટનાની જાણકારી મળતા જામનેર પોલીસ ઘટના સ્થળે પહોંચી. તે બાદ પ્રકાશ કાપડેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જામનેર શહેરના હોસ્પિટલ મોકલી દેવાયો. જોકે, આત્મહત્યાનું કારણ હજુ સુધી ખબર પડી શકી નથી.

### કેજરીવાલે લખનઉમાં પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો

## મોદી વર્ષ ૨૦૨૫માં નિવૃત થશે અને અમિત શાહ પીએમ બનશે

### ૨૨૦થી ઓછી બેઠકો મળશે, ભાજપ લોકસભા ચૂંટણી ૨૦૨૪ જીતશે નહીં: કેજરીવાલ

। (એજન્સી) લખનૌ, તા.૧૬ ।



આમ આદમી પાર્ટીના વડા, જેઓ વચગાળાના જામીન પર બહાર છે, જો કે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી (BJP) ૨૦૨૪ની લોકસભા ચૂંટણી જીતી શકશે નહીં. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે લખનૌમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા તેમના અગાઉના દાવાને પુનરાવર્તિત કર્યા હતા કે મે ૨૦૨૫ માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નિવૃત્તિ પછી ગૃહ પ્રધાન અમિત શાહ દેશના વડા પ્રધાન બનશે. તે જ પ્રેસ કોન્ફરન્સમાં, આમ આદમી પાર્ટીના વડાએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટી (BJP) ૨૦૨૪ની લોકસભા ચૂંટણી જીતી રહી નથી. વડાપ્રધાન મોદી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ૭૫ વર્ષના થશે. મોદીએ અમિત શાહને તેમના અનુગામી બનાવવા અને ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ તેમને PM બનાવવાનો નિર્ણય લીધો છે. પીએણ મોદીએ હજુ સુધી એવું કહ્યું નથી કે તેઓ ૭૫ વર્ષ પછી નિવૃત્ત થશે નહીં, પીએમ મોદીએ આ નિયમ બનાવ્યો છે અને મને પૂરી આશા છે કે તેઓ આ નિયમનું પાલન કરશે," કેજરીવાલે કહ્યું. સુપ્રીમ કોર્ટે ૧૦ મેના રોજ એક્સાઈઝ પોલિસી કેસના સંબંધમાં દિલ્હીના મુખ્યમંત્રીને વચગાળાના જામીન આપ્યા હતા. સર્વોચ્ચ અદાલતે કેજરીવાલને ૨ જૂને શરણાગતિ સ્વીકારવાનું કહ્યું છે. સમાજવાદી પાર્ટી અને આમ આદમી પાર્ટી વિપક્ષી ભારતીય જૂથના ઘટક છે.

### તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ નોંધાય તેવી શક્યતા

## ભારતીય હવામાન વિભાગ દ્વારા ૧૮ મે સુધી આકરા તાપની આગાહી

### શુક્રવાર અને શનિવાર વચ્ચે મધ્ય પ્રદેશ અને બિહાર માટે હીટવેવની ચેતવણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।





અત્યારના સમયમાં સૌ કોઈ ભડભડતા તાપથી પરેશાન થઈ ચૂક્યા છે અને ઉનાળાની કાળજાળ ગરમી દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે તેની વચ્ચે ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે તાપમાન અંગે આગાહી કરવામાં આવી છે. જેમાં સપ્તાહના અંતમાં ઉત્તરપશ્ચિમ ભારત અને દિલ્હી-NCRમાં હીટવેવની સ્થિતિ પાછી આવશે, તાપમાન ૪૫ ડિગ્રીને સ્પર્શે તેવી આગાહી છે. ભારતીય હવામાન વિભાગએ ૧૬ મે થી ૧૮ મે સુધી પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને દિલ્હી સહિત બહુવિધ ઉત્તર અને ઉત્તર પશ્ચિમી રાજ્યોમાં હીટવેવની સ્થિતિની આગાહી કરી છે. IMDની આગાહી મુજબ, દિલ્હી અને નજીકના રાજ્યોમાં તાપમાનની અપેક્ષા છે. શનિવાર, મે ૧૮ સુધી ધીમે ધીમે વધશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે સપ્તાહના અંતમાં દિલ્હીમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને સ્પર્શે તેવી શક્યતા છે. ગુરૂવારથી ઉત્તરીય રાજ્યોમાં સીધા સૂર્યપ્રકાશ તરફ દોરી જતા શુષ્ક પશ્ચિમી અને ઉત્તરપશ્ચિમી પવનો તેમજ સ્વચ્છ આકાશને કારણે તાપમાનમાં વધારો થયો છે. "છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીમાં પારો વધી રહ્યો છે અને આ સપ્તાહના અંત સુધી ચાલુ રહેવાની શક્યતા છે કારણ કે કોઈ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કે વરસાદની અપેક્ષા નથી. શુક્રવાર સુધીમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસને સ્પર્શી શકે છે.

## તંત્રી લેખ...

# ઈર્ષ્યાળુ વ્યક્તિ કોઈનું કશું બગાડી નથી શકતો

બીજા વ્યક્તિની ગુણવત્તા, કૌશલ, યોગ્યતાને જોઈને મનમાં ઉત્પન્ન થનારા બળતરાના ભાવને ઈર્ષ્યા કહેવામાં આવે છે. મનોવિજ્ઞાનીઓએ તેને ક્રોધ, લાચારી અને ઘૃણા, આ તમામ ભાવનાઓનું સંયોજન માન્યું છે. આ એક માનસિક કષ્ટ છે. તેનો સંબંધ માનવીય મનોવૃત્તિ સાથે હોય છે. ઈર્ષ્યા નકારાત્મક ચિંતન અને માનસિક રૂપે કમજોર હોવાનું સૂચક છે. ઈર્ષ્યાળુ વ્યક્તિ કોઈનું કશું બગાડી નથી શકતો, પરંતુ ખુદની શાંતિ ચોક્કસ ભંગ કરી નાખે છે. એવો વ્યક્તિ પોતાની માનસિક ઊર્જાનો પ્રયોગ પોતાના જીવનની સમસ્યાઓના સમાધાન તથા આંતરિક ઉત્થાન કરવામાં હંમેશાં અસમર્થ જ રહે છે. તેની સંપૂર્ણ આંતરિક ઊર્જા આ જ વ્યર્થની ઈર્ષ્યા, દ્વેષમાં જ વ્યય થઈ જાય છે. આપણા મનીષિઓએ ઈર્ષ્યાને માનસિક પટલ પર ફેલાતી મહામારી સમાન માની છે, જેને જો વહેલી તકે રોકવામાં ન આવે તો તે વિનાશક સાબિત થાય છે. ઈર્ષ્યાના ભાવથી ગ્રસ્ત મનુષ્ય હંમેશાં અસંતુષ્ટ, તણાવગ્રસ્ત તથા દુઃખી જ રહે છે જેનાથી મનુષ્યના ચહેરાની સુંદરતા પણ પ્રભાવિત થઈ જા છે. જ્યારે ઈર્ષ્યામાં બીજાનું અનિષ્ટ કરવાનો ભાવ આવી જાય છે ત્યારે તે આપણા માનસિક પતનનું કારણ બની જાય છે. આ એ અગ્નિ સમાન હોય છે જેને જંગલ ખુદ પેદા કરે છે અને પછી પોતે જ તેમાં બળીને ભસ્મ થઈ જાય છે. ઈર્ષ્યા મનુષ્યને ભીતરથી કમજોર તથા અસહાય બનાવી દે છે, જેનાથી મનુષ્ય પોતાના જીવનના આનંદતી હંમેશાં વંચિત જ રહે છે. ઈર્ષ્યાળુ પ્રકૃતિના મનુષ્યના સામાજિક તથા પારિવારિક સંબંધ ક્યારેય સુદૃઢ નથી રહી શકતા. ઈર્ષ્યા ચિત્તની એકાગ્રતાને ભંગ કરી દે છે. જેનાથી મનુષ્યનું આધ્યાત્મિક જીવન પણ વિકૃત થઈ જાય છે. બીજાની સમૃદ્ધિ પ્રત્યે દ્વેષનો આ ભાવ જ્યારે મનુષ્યના મનમાં સ્થિર થઈ જા છે ત્યારે મનુષ્ય પોતાની માનસિક ઉન્નતિના માર્ગને પણ બંધ કરી દે છે. અમુક લોકો એવા હોય છે જે પોતાને શ્રેષ્ઠ સાબિત કરવા માગતા હોય છે. જે વ્યક્તિ હંમેશા બીજાને નીચા દેખાડે છે તે ઈર્ષ્યાળુ કહેવાતો હોય છે. તે ઈર્ષ્યાળુ કહેવાતો હોય છે. તે હંમેશા બીજામાં ખામીઓ શોધતો હોય છે. જ્યારે કેટલાક લોકો એક વ્યક્તિ જેવા બનવા માંગે છે, ત્યારે તેઓ પોતાને તેના કરતા આગળ રાખવા માટે તેનું અનુકરણ કરવાનું શરૂ કરે છે. તેઓ તેને જે રીતે ઊભા રાખે છે, તેની ખાવાની ટેવ અને કપડાં સુધી તેને અનુસરે છે, જેથી તેઓ પણ તેના જેવા બની શકે. પરંતુ મનમાં તેમના માટે ઈર્ષ્યાની લાગણી રહે છે. જે લોકોનું વર્તન ઈર્ષ્યાવાળું હોય છે.

## ગ્રીષ્મની વહેલી સવારે પંખીઓ બહુ વહેલા જાગીને કૂજન શરૂ કરે



ગ્રીષ્મ ઋતુ આગળ ધપવા લાગી છે. વૈશાખ મહિનાની શરૂઆત થઈ ગઈ છે. હવે દનૈયા તપે તો આવતા ચોમાસાની વર્ષારાણીનું ગર્ભાધાન થાય. કેરીની અસલ મોસમને હજુ એક સપ્તાહની વાર છે. કોયલનો કુંજારવ ભરબપોરના સન્નાટામાં સ્વરમાધુર્યનો કર્ણ પર શીતળ અભિષેક કરે છે. ગ્રીષ્મ ઋતુ હવે જમાવટ કરવા સુધી આવી પહોંચી છે. સોહામણી રાત્રિઓ એના અંતકાળે ઠંડી પડતી જાય છે. ગ્રીષ્મની વહેલી સવારે પંખીઓ બહુ વહેલા જાગીને કૂજન શરૂ કરે છે. પંખીનાં ગીતો આત્મગાન છે કે કોઈને સંબોધન ? નિજાનંદ છે કે જનરંજન એ કેમ ખબર પડે? પંખી હોવાનો એક અર્થ ગાન પણ છે. માત્ર ઉડ્ડયન કે ગણગણાટ તો એને જંતુ બનાવી મૂકે. બહુ ઓછા લોકોના કંઠમાં જિંદગીનાં ગીતો રમતાં હોય છે. બાકી ગણગણાટ તો સહુને મનુષ્યાવતારના મહાવિઘ્નરૂપે મળ્યો જ હોય છે. જિંદગીનાં ગીતો કંઈ રાગ મેઘ મલ્હારની જેમ આલાપવાના હોતાં નથી. મા પોતાનો ભોજનથાળ સન્મુખ આવે એટલે વિચારે ને કહે કે બેટા તેં જમી લીધું ? નોકરી કરતી પત્ની ઘરે આવે ત્યારે પતિ ચા બનાવી આપે એ છે મધુર ગાન. મા માટે સુરતથી આવતો દીકરો સ્ટીલની નવી બજરની ડબી લેતો આવે કે પૈસા બચતના વધે ત્યારે વહુ સાસુને પૂછે કે બા, હવે આ પૈસાનું શું કરીશું તે તમે કહો - આ જીવનગાન છે. પંખીઓ આવા જ કોઈ જીવનગાન દરરોજ વહેલી સવારે છેડતા હશે. સાંજ પડે છે ને દરિયા કિનારે કુંજડીઓની લાંબી હાર પશ્ચિમથી પૂર્વ તરફ ઊડતી જોવા મળે છે. આકાશમાં ક્યાં જગ્યા ઓછી છે તે એમણે લાઈનમાં ઊડવું પડે, પણ કુંજ પક્ષીઓનો સ્વભાવ સંપીલો અને શિસ્તપૂર્ણ છે. એમને લાઈન બહારનું આકાશ પારકું લાગે છે. આકાશ તો જોઈએ એટલું હોય. આપણે શું ? કુંજડીએ આપણા 'પોતાના' અને એકબીજાની પાસપાસેના આકાશમાં ઊડવાની વાત કરી છે. એક જ ફળિયામાં કાકા દાદાના ખોરડાઓ હતા જ ને પહેલાં? પરંતુ પહેલા મન નોખા થયા ને પછી ખોરડા. જુદે છત્રે રહીનેય પરિજનો સાથે મન એક થઈ રહેતું હોય તો એ જીવન સાધના અને સાધ્ય બંને છે. કુંજડીએ લાંબી હારમાં રહેવાનું સ્વીકારીને પોતાની ઉડ્ડયન વ્યક્તિમત્તાને જતી કરી છે. એટલે કે એના અહંકારે હાર સ્વીકારી છે ને લાંબી મૌક્તિકમલ્લિકા જેવી હારમાં સહુની હારોહાર રહેવાનું પસંદ કર્યું છે. ઉનાળામાં સવારનો પવન હજુ સુગંધિત છે. હવામાં ગઈ વસંતઋતુની ખુશનુમા છે. કેટલાક લોકો સવારના ઊઠતા નથી એના એમની પાસે સાચા કારણો છે. તેઓનો એ કોઈ અપરાધ નથી કે તેઓ વહેલા ઊઠી શકતા નથી, પણ જેઓ વહેલા જાગે છે ને તરત મીઠા લાગતા શય્યાસુખને ખંખેરીને ઊઠી પણ જાય છે તેમને માટે આ સવાર અમૃત કુંભ લઈને આવે છે. એ અમૃત આપણે કાયમ ઝંખીએ છીએ એવું કોઈ બાહરી રસાયણ નથી. એ તો ભીતરની ભોગળ ખૂલવાથી જ મળે છે. ભીતરી કમાડ ખોલવાનું કામ તે આ પ્રાતઃકાળને મન રમત વાત છે. સવારનો લ્હાવો છોડવા જેવો નથી. તાજગીના ભંડાર ઉપર આભમાંથી ઢોળાતા હોય ને ત્યારે આપણે ચાર દિવાલોમાં કેદ પડયા રહીએ એ કેમ ચાલે. થોડીક આળસ તો માની લો કે આપણામાં હતી ને હવે કોરોનાને કારણે આવેલા બંધનમાં એ આળસ હજુય વધી ગયેલી છે એટલે દિનચર્યા અંગે બહુ સાવધ રહેવા જેવું છે.

**બાળક નાનું હોય અને બહુ સ્વાભાવિક રીતે જ તેને માતાની જરૂર પડે છે, જેમ જેમ મોટું થતું જાય તેમ તે દુન્યવી સંબંધોમાં અટવાતું જાય**

# મા તુઝે સબ હૈ પતા હૈ ના મા, મેરી માઁ... દરેક મા પોતાના બાળક માટે એક સકારાત્મક શક્તિ સ્ત્રોત!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ઈશ્વર સર્જિત આ સૃષ્ટિમાં અન્ય ઈશ્વરને કોઈએ જોયા હોય, કે ન જોયા હોય, પરંતુ મા સ્વરૂપે એક પરમ શક્તિ સ્રોતને દરેકે દરેક જણાએ અનુભવ્યો હશે, અને એના સાનિધ્યમાં જીવન સુરક્ષિત અને સૌથી વધુ હકારાત્મક લાગે છે, એ પણ અનુભવ્યું હશે.**

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. યા દેવી સર્વભૂતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા નમઃ તસ્યે નમઃ તસ્યે નમઃ તસ્યે નમો નમાં. શક્તિ ઉપાસનાનું અંગ ગણાતો આ મંત્ર બોલવાથી આપણી અંદર સકારાત્મક શક્તિ જાગૃત થાય છે, અને શક્તિ વગર તો કોઈનું જીવન શક્ય નથી. શક્તિનાં કેટલા બધા પ્રકારો છે, અને એના દ્વારા જ આપણું જીવન જીવંત રહે છે. શક્તિ, બુદ્ધિ, વિદ્યા, કલા, ક્ષમા, અહિંસા, કરુણા, અને પ્રીતિ, અને ભક્તિ આ બધા જ શક્તિના સ્વરૂપ છે. દરેકના જીવન આ બધી શક્તિઓના ખર્ચ અને સમન્વયથી ચાલે છે. ઈશ્વર સર્જિત આ સૃષ્ટિમાં અન્ય ઈશ્વરને કોઈએ જોયા હોય, કે ન જોયા હોય, પરંતુ મા સ્વરૂપે એક પરમ શક્તિ સ્રોતને દરેકે દરેક જણાએ અનુભવ્યો હશે, અને એના સાનિધ્યમાં જીવન સુરક્ષિત અને સૌથી વધુ હકારાત્મક લાગે છે,એ પણ અનુભવ્યું હશે. મા એ એક એવી શક્તિનું વરદાન છે, કે જેનો આ જગતમાં મોલ નથી. દીકરીઓની વિદાય બહુ આકરી,જે એક મા ના અસ્તિત્વ માંથી એક પીંછુ ખર્યા જેવું જ હોય છે. માતા જેવું જ દુઃખ કે તડપ સંતાન પણ એ દૂરીથી અનુભવે છે.તો આજે આપણે એ ભાવનો સંદર્ભ લઈને તરાને કી તર્જ જીવન કા અર્ક માં આગળ ચિંતન કરીશું. ૨૦૦૭માં બનેલી તારે ઝમીં પર ફિલ્મનું આ ગીત છે, આ ગીતના સંગીતકાર શંકર અહેસાન લોય નું છે,અને આ ગીતને ગાયુ પણ શંકર મહાદેવન એજ છે, તેમજ આ ગીતના શબ્દો પ્રશૂન જોશીનાં છે. બહુ જ સુપર હિટ સાબિત થયેલી આ ફિલ્મની કહાનીથી આપ સૌ પરિચિત હશો! એક અત્યંત ચંચળ અને તોફાની બાલ માનસ ધરાવતા બાળકને અંતે તેના માતા-પિતા એક બોર્ડીંગ સ્કૂલમાં દાખલ કરે છે.

**મા તુઝે સબ હૈ પતા હૈ ના, મેરી મા..**

**મૈં કભી બતલાતા નહીં, પર અંધેરે સે ડરતા હૂ મૈં મા યૂ તો મૈં દિખલાતા નહીં, તેરી પરવાહ કરતા હૂ મૈં મા તુઝે સબ હૈ પતા હૈ ના મા, તુઝે સબ હૈ પતા, મેરી મા**

**ભીડ઼ મેં યૂઁ ના છોડ઼ો મુઝે,**
**ઘર લૌટ કે ભી આ ના**
**પાઊ,**
**મા ભેજ ના ઇતના દૂર**
**મુઝકો તૂ,**
**યાદ ભી તુઝકો આ ના**
**પાઊ,**
**માઁ ક્યા ઇતના બુરા હૂ મૈં**
**માઁ,**

**મેરી માઁ જબ ભી કભી પાપા મુઝે જ઼ોર જ઼ોર સે ઝૂલા ઝુલાતે હૈ,**

**માઁ મેરી નજ઼ર ઢૂઁઢે તુઝે, સોચૂ યહી તૂ આ કે થામેગી માઁ ઉન સે મૈં યહ કહતા નહીં, પર મૈં સહમ જાતા હૂઁ માઁ ચેહરે મેં આને દેતા નહીં,**

**દિલ હી દિલ મેં ઘબરાતા હૂઁ માઁ, તુઝે સબ હૈ પતા હૈ ના માઁ, મેરી મા**

તેના શરૂઆતના તબક્કામાં ઘરથી દૂર થઈ જતાં, તેને પોતાના ઘરનું વાતાવરણ, એટલે કે મા સાથેની યાદો, ભાઈ સાથેના સંવાદો, અને પિતા સાથેના વ્યવહારો, આ બધું યાદ આવે છે, અને સૌથી વધુ તેને ગમે તેટલી શરારત છતાં માનો નિસ્વાર્થ પ્રેમ, આ બધું તે બહુ જ મિસ કરે છે, ત્યારે તે આ ગીત ગાય છે. બાળક નાનું હોય અને બહુ સ્વાભાવિક રીતે જ તેને માતાની જરૂર પડે છે, જેમ જેમ મોટું થતું જાય તેમ તે દુન્યવી સંબંધોમાં અટવાતું જાય, મિત્રો થાય, પછી આગળ ઉપર વિજાતીય આકર્ષણને કારણે, યુવક હોય કે યુવતી અંદરોઅંદર એ ભાવ પણ અનુભવે, અને તેની જીવન યાત્રા આગળ ચાલે. મોટે ભાગે બધા એવું વિચારતા હોય કે, હવે ઉછેરનો તબક્કો પૂરો થયો, અને મા નું કર્તવ્ય પણ પૂરું થયું, પરંતુ હકીકતમાં એ ક્યારેય પૂરું થતું નથી. સંતાન પર માનુ સદા હેત વરસે છે, અને આ ઋણ માંથી સંતાન ક્યારેય મુક્ત થઈ શકતા નથી. એટલે કહેવાનું એ બિલકુલ તાત્પર્ય નથી કે પિતા નું કોઈ મહત્ત્વ નથી, કે પછી પિતા જરૂરી નથી, પરંતુ મા બાબતે ત્રાજવાંનું તોલુ એક બાજુ સહેજ વધુ નમેલું તો હોય જ છે, અને એ વાત સંતાન પોતે પણ સ્વીકારશે, અને માતા-પિતાની મનોસ્થિતિ પણ સંતાન જ્યારે પોતે માતા પિતા બને ત્યારે તે સૌથી વધારે અનુભવી શકે છે. કવિ આ રચનામાં પોતાને એક નાના બાળક જ્યારે તેના ઘર પરિવાર અને ખાસ કરીને તેની માતાથી દૂર થાય છે ત્યારે તેને માનોદશા કેવી છે! એ આ ગીત દ્વારા વર્ણવે છે, અને બાળકને પણ ત્યારે જ માતા અને ઘર પરિવારનું મહત્વ સમજાય છે. બંને સંબંધ માટે દૂર રહેવું અશક્ય હોય છે, છતાં દુનિયાદારીના આ નિયમો મુજબ જીવવું પડતું હોય છે. કવિ પોતાની રચનામાં સૌથી પહેલા લખે છે કે, એમ તો હું અંધારાથી ડરું છું, પણ આ વાતને તને બતાવતો નહોતો, હું તને પ્રેમ કરું છું, તારી કદર કરું છું, એ વાત પણ હું તને બતાવતો નથી. માતાનું અસ્તિત્વ જ એટલું અજવાળું હોય છે, કે ત્યાં આગળ બાળક સૌથી વધુ સુરક્ષા અનુભવે છે, અને બધા જ ડર ત્યાંથી છૂમંતર થઈ જતા હોય છે. એટલે જ્યારે તે એકલો પડે છે, અથવા તો માતા વગર તેને જીવવું પડે છે, ત્યારે તેને આ બધી વાતનો અહેસાસ થાય છે, અને સાથે સાથે એ પણ કહે છે કે, મારી આ તમામ ખાસિયતની તને ખબર છે, છતાં પણ તે મને તારાથી દૂર મોકલ્યો! આક્રંદ કરતું બાળમાનસ અત્યંત વ્યથિત થઈ જાય છે, અને આ દુનિયાની ભીડમાં તુ મને એકલો છોડી દે નહીં, કે ત્યાંથી હું ઘરે પાછો પણ આવી ન શકું! એટલો બધો દુર મને મોકલી દે નહીં, કે જ્યાંથી હું તને યાદ પણ આવી ન શકું! શું હું એટલો બધો ખરાબ છું? જ્યારે જ્યારે પપ્પા મને જોર-જોરથી હીંચકા નાખે છે, ત્યારે મારી નજર તને શોધતી હોય છે, કે તું જ આવી અને મને સંભાળી લઈશ, બચાવી લઈશ! એના ડર અને ગુસ્સા આગળ હું કંઈ બોલી શકતો નથી, અને સહમી જાઉં છું,અને આ ડર દિલમાં ધરબી દઉં છું,અને આ બધી જ તને ખબર છે, તને મા આ બધી જ ખબર છે, છતાં તે મને એટલે દૂર મોકલ્યો! તુઝે સબ પતા હૈ નાં મા... કોઈપણ વ્યક્તિનું અસ્તિત્વ તેની મા વગર પૂર્ણ થતુ નથી, અને આ ઉપરાંત આપણા જીવનમાં માતૃભાષા, જન્મભૂમિ, અને રાષ્ટ્ર માતા પણ અનેરૂ મહત્વ છે, અને એને પણ આપણે માતાનું સ્થાન આપ્યું છે, અને તેના બલિદાન વગર કે સંયોજન વગર પણ આપણું જીવન અધૂરું હોય છે. સંસ્કારો જ્યારે નબળા પડે, અને કોઈ ભૂલચૂક થાય, ત્યારે આપણે માતાના ઉછેરની ઘડીઓ દાવ પર લગાવતા હોઈએ છીએ, જેણે દિવસ-રાત જોયા વગર ઉછેર કર્યો હોય છે. કેટલા કેટલા એવા પ્રસંગો બન્યા હશે, જ્યારે આપણી માંદગીને કારણે, તેણે વ્યવહારોમાં જવાનું માંડી વાળ્યું હશે, અથવા તો અન્યને કોઈ રોકટોક નહીં, પરંતુ એક માતાએ આવા તો કેટલાય સમર્પણ સંતાન માટે કર્યા હોય છે. આજે તો હવે જમાનો બહુ સુધરી ગયો છે, અને પિતા પણ પૂરેપૂરો સાથ આપે છે, અથવા તો બંને જણાં મેચ્યોરિટી આવે પછી જ સંતાન વિશે વિચારે છે. પરંતુ પહેલા આવું ન હતું, છી પીપી થી શરૂ કરીને બાળકની તમામ જવાબદારી માતાની જ રહેતી, અને બાળક પણ એવું હોય કે, મોટેભાગે માતા કામ પરવારીને નવરી થાય, ત્યારે જ તેનો જાગવાનો સમય થાય. એટલે એને તો આરામનો પ્રશ્ન જ ઉભો થતો નથી, અને છતાં એ જ હસતું મુખ... આ એક ભાવ હર સમય પિતા આપી શકતા નથી. એ ગુસ્સો કરે છે, અકળાઈ ઉઠે, એને છી પીપી જોઈ ગમો અણગમો કરે છે, જ્યારે માતા એ કુદરતની એવી સર્વશ્રેષ્ઠ રચના છે કે, જે આ ભાવથી પર હોય છે, અને દિવસ રાત જોયા વગર આટલો પ્રેમ કર્યો હોય એ અંગ છુટું પડે, ત્યારે કેવી વેદના થાય એની કલ્પના કરો! પોતાના માતા પિતા પ્રત્યેનું કર્તવ્ય તો હજી પણ સંતાનો નિભાવતા હોય છે, પરંતુ રાષ્ટ્રમાતા તરફનું કર્તવ્ય નિભાવવા નો સમય હવે આવી ગયો છે,તો આપણે આ આધુનિકતાના યુગમાં આ બાળકની જેમ ક્યાંક આપણી મા એટલે કે સંસ્કૃતિથી એટલાં દૂર ફેંકાઈ જઈશું, કે પછી આ વ્યથા આપણને ઘેરી વળશે. તો સમય રહેતાં આપણી માતા એ આપેલા સંસ્કારો યાદ કરી, મૂળ સંસ્કૃતિ તરફ પાછા ફરીએ,એને ફરી ઉજ્જવળ બનાવીએ, તેમજ સમાજના ગ્રહણ રૂપે શરૂ થયેલા ઘરડાઘરમાં હવે કોઈ ને જવું ન પડે,એ રીતે માતા પિતાની બિલકુલ બાળક જેવી અંતિમ અવસ્થાને સાચવી લઈએ. આ બધું જ આપણે કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ઘરમાં વાસીદું વાળવું એ પણ ભક્તિ છે, માનો આ ઘર ઠાકોરજીનું છે અને ઘરમાં કચરો હશે તો ઠાકોરજી નારાજ થશે**

# સંસારના વિષયોરૂપી દહીંનું મંથન કરી તેમાંથી પ્રેમ રૂપી જે માખણ મળે તે પરમાત્માને અર્પણ કરવાનું છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)


**ભગવાન તો વ્યાપક છે, સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંતર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છેકે અભિમાનરૂપી પડદોઆંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી.**

રામાયણમાં લખ્યું છે કે, દશરથ રાજા ચક્રવર્તી રાજા હતા.નોકરોની કાંઈ ખોટ ન હતી,તેમ છતાં કૌશલ્યા જાતે રસોઈ કરતાં. અન્ન માંથી મન બને છે, એટલે શંકાશીલ ચારિત્ર્યવાળાને રસોડામાં પેસવા દેશો નહીં. એના હાથનું ખાશો નહીં સ્વાદ વસ્તુમાં નથી પણ ભાવમાં છે. વેરી પેંડો આપશે તો ભાવશે નહીં, પત્ની પેંડો આપશે તો ભાવશે. યશોદાજી આજે વહેલા ઊઠી, સ્નાન કરી, પીત વસ્ત્ર પહેરી, દધિમંથન કરે છે. લાલાને પોતાના હાથે માખણ બનાવી ખવડાવવું છે. તમારો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બનાવો. ઘરમાં વાસીદું વાળવું એ પણ ભક્તિ છે. માનો આ ઘર ઠાકોરજીનું છે અને ઘરમાં કચરો હશે તો ઠાકોરજી નારાજ થશે. રસોઈ કરવી એ પણ ભક્તિ છે. રસોઈ કરો ત્યારે ભાવના રાખો કે મારા ઠાકોરજી આરોગવાના છે. ઘણી બહેનો પૂછે, મહારાજ, અમારું કુટુંબ મોટું છે. તેથી આખો દિવસ રસોડામાં જ જાય છે. અમે સેવાકીર્તન કરી શકતાં નથી. હું કહું કે મોટું કુટુંબ ભાગ્યશાળીને મળે છે. ઘરનાં સર્વને ભગવતરૂપ માની તેમની સેવા કરો. સંસાર એ ગોળી છે. સંસારના વિષયો દહીં જેવા છે.વિષયો આરંભમાં મધુર લાગે છે પણ અંતે તેમાં ખટાશ છે. સંસારના વિષયોનું વિવેકથી મંથન કરે એને ભક્તિરૂપી માખણ મળે છે. સંસારના વિષયોરૂપી દહીંનું મંથન કરી તેમાંથી પ્રેમ રૂપી જે માખણ મળે તે પરમાત્માને અર્પણ કરવાનું છે. યશોદામા એ પુષ્ટિ ભક્તિનું સ્વરૂપ છે. યશોદામાનાં દર્શન કરો તે પછી શ્રીકૃષ્ણનાં દર્શન થશે. યશોદાનાં દર્શન કરવાનાં એટલે યશોદા જેવી ભક્તિ કરો. યશોદા એ શુદ્ધ ભક્તિ નું સ્વરૂપ છે અને એવી જ ભક્તિ ભગવાનને બાંધી શકે છે. તે વખતે માતાજી કેવાં શોભતાં હતાં. જેનું જીવન શુદ્ધ છે, પવિત્ર છે, તેને ભજનાનંદ મળે છે. એ આનંદ કાયમ ટકે છે.કાયમ ટકે તે ધ્રુવ- ભજનાનંદ ધ્રુવ-ભોજનાનંદ અધ્રુવ. માટે સુનીતિનો પુત્ર ધ્રુવ, સુનીતિનું ફળ ધ્રુવ. ધ્રુવ એટલે અવિનાશી. જેનો કદી નાશ થતો નથી તે પદ, અનંત સુખ. બ્રહ્માનંદ નો વિનાશ થતો નથી, તેથી નીતિને આધીન રહે તેને ધ્રુવ મળશે, બ્રહ્મા નંદ મળશે. આ મનુષ્ય સુનીતિને આધીન બને તો સદાચારી બને છે અને સુરુચિ ને આધીન બને તો દુરાચારી બને છે. આ બે આનંદ તમારી પાસે મૂક્યાઃ એક વિષયાનંદ અને બીજો બ્રહ્મા નંદ અથવા ભજનાનંદ. બેમાંથી તમે કોને પસંદ કરશો? ભજનાનંદ જ પસંદ કરવા જેવો છે. પહેલો ક્ષણિક સુખ આપે છે. પણ પરિણામમાં દુઃખ આપે છે. બીજો શરૂઆતમાં એક ક્ષણ દુઃખ આપે છે પણ પરિણામે સુખ આપે છે. બે મિત્રો યાત્રા કરવા નીકળ્યા છે. એક મિત્રને આદત પડી ગયેલી કે, પલંગ વગર ઊંઘ આવે નહીં. પલંગ સાથે તકિયો-ઓશિકું બધું જોઈએ. એટલે એણેએ બધું સાથે લીધું. એક જગ્યાએ મજૂર ન મળ્યો. મજૂર વગર કોણ કાકો આ બધું ઊપાડે? ભાઈએ પલંગ વગેરે સઘળો સામાન માથે ઊંચક્યો. રસ્તામાં એક સજ્જન મળ્યા. તેણે આ ભાઈની દશા જોઈ કહ્યું, આ બોજ વગર યાત્રા કરો ને! પેલો મનુષ્ય જવાબ આપે છે કે, ભલે બોજ ઊંચકવો પડે, પણ રાત્રે સૂવાની મજા આવે છે ને! આ બીજાની કથા નથી,આ આપણી કથા છે. જીવાત્મા યાત્રા કરવા માટે નીકળ્યો છે.તુચ્છ ક્ષણિક સુખ માટે મનુષ્ય આખો દિવસ ગદ્ધા વૈતરું કરે છે. દુઃખનો પહાડ માથે રાખે છે! ક્ષણિક સુખ માટે કેટલી ઉપાધિ, કેટલી ચિંતા! શુકદેવજી વર્ણન કરી શકતા નથી, પણ માતાજીનાં પ્રત્યક્ષ દર્શન કરી રહ્યા છે. ભગવાન તો વ્યાપક છે, સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંતર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છેકે અભિમાનરૂપી પડદોઆંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી. ગોપીને એટલે જીવને અભિમાન થયું તેથી સખીઓને શ્રીકૃષ્ણ દેખાતા નથી. ભગવાને તે સમયે પીતાંબરથી લાજ કાઢી છે. ગોપીઓ માને છે કે આ તો અમારામાંની એક છે, એટલે ઓળખી શકાતી નથી. શ્રીકૃષ્ણ પરમાત્મા તો વ્યાપક છે. ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, પણ એમને અંદર શોધવાના છે.ભગવાનને હૃદયમાંજશોધવાના છે, પણ અજ્ઞાનને લીધે એ સૂઝતું નથી. દશ પંડિતો વિદ્યાભ્યાસ કરવા ગયેલા. રસ્તામાં એક નદી આવી, નદી ઓળંગીને બધા સામે પાર આવ્યા. ત્યાં તેઓને લાગ્યુંકે, આપણામાંનો કોઈ રહી ગયો તો નથી ને? એટલે તેઓએ ગણતરી શરૂ કરી. એક પછી એક પંડિત સંખ્યા ગણે. પણ પોતાને તેમાં ગણે નહીં, એટલે સંખ્યા દશને બદલે નવ થયા. હાય, હાય દશમો ગયો કયાં? નક્કી નદીમાં તણાઈ ગયો. એમ માની પંડિતો રડવા લાગ્યા. એક મહાત્મા ત્યાંથી પસાર થયા. પંડિતોને રડવાનું કારણ પૂછ્યું, પંડિતોએ પોતાની મૂંઝવણ રજૂ કરી. મહાત્માએ એમનો ભ્રમ ભાંગ્યો. અજ્ઞાનને લીધે જીવ પોતાને ગણતો નથી. જ્ઞાનીએ પૂરાં દશ ગણી બતાવ્યા. સંખ્યા પૂરી દશ તો હતી જ, પણ અજ્ઞાનને લીધે દશ દેખાતા ન હતા. એટલે કે અજ્ઞાનને લીધે જ દેખાતું નથી તે જ્ઞાનથી દેખાવા લાગે છે. આ પ્રસંગ સૂચવે છે, કે પરમાત્મા નો સાક્ષાત્કાર થયા પછી પણ સાવધ રહેજો. ઘણી વાર જ્ઞાનીઓ પણ સાક્ષાત્કાર પછી ભાન ભલ્યા છે. કારણ સિદ્ધિઓ મળે એટલે પ્રતિષ્ઠા વધે. કામ અદશ્ય રહીને મનુષ્યને મારે છે. ક્રોધ જાય, લોભ જાય, પણ કામ જતો નથી. ઘણાખરા અનર્થો કામમાંથી થયા છે. કામ મરે તેના માટે સંસાર રહેતો નથી, તે મુક્ત છે. કામનું મરણ થાય કેવી રીતે? ભગવાનનાં દર્શન, સ્મરણ, ચિંતન અને કીર્તન વિના એ શક્ય નથી. મનનો વિરોધ એનાથી જ જશે. સેવા અને ભક્તિ એ જ એક માત્ર સાધન છે. ભાગવત એ ભવરોગની દવા છે. પણ સઘળાં વ્રત પાળવાં જોઈએ. મહાપુરુષો વેદશાસ્ત્રની મર્યાદા તોડતા નથી. શ્રીકૃષ્ણ હંમેશાં ચાર વાગે બ્રાહ્મ મુહુર્તમાં ઊઠતા. વલ્લભાચાર્ય મહાપ્રભુજી હંમેશાં ત્રિકાળસંધ્યા કરતા હતા. મહાપ્રભુજી એક દિવસ જગન્નાથ જીના મંદિરમાં ગયેલા. એકાદશીનું વ્રત હતું. એવામાં મંદિરમાંથી હાથ માં સુખડીનો પ્રસાદ આવ્યો. હવે શું કરવું? પ્રસાદ આરોગે છે તો એકાદશી વ્રતનો ભંગ થાય છે અને નથી આરોગતા, તો પ્રભુના પ્રસાદનું અપમાન થાય છે. વ્રતભંગ કરાય નહીં અને પ્રસાદ પણ છોડાય નહીં. સામાન્ય માણસ ગમે તે એકનું પાલન કરે અને બીજું છોડી દે. પણ મહાપ્રભુ જીએ બંનેનું પાલન કર્યું.વ્રતની અને પ્રસાદની બંનેની તેમણે મર્યાદા રાખી. કેવી રીતે? ભગવાનના પ્રસાદનું અપમાન ન થાય અને એકાદશીનું વ્રત ન તોડાય તે માટે આખી રાત તેમણે હાથમાં પ્રસાદ રાખ્યો. વાચક ચાહક મિત્રો, ક્યાંક વરસાદી માહોલ જામ્યો છે.

# કાર્તિક આર્યનની ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'નો લૂક થયો વાયરલ



ફિલ્મના પહેલા પોસ્ટરમાં કાર્તિક આર્યન પહેલા ક્યારેય ન જોયેલા અવતારમાં જોવા મળી શકે છે. અભિનેતાને 'ચંદુ ચેમ્પિયન' બનતા જોઈને ચાહકોના ઉત્સાહની કોઈ સીમા નથી. સાજિદ નડિયાદવાલા અને કબીર ખાનના સંયુક્ત નિર્માણમાં બનેલી ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' આ વર્ષની સૌથી મોટી રિલીઝ થવા જઈ રહી છે. પોસ્ટરમાં સ્નાયુબદ્ધ કાર્તિક આર્યન કાદવમાં લથબથ દોડતો જોઈ શકાય છે. તેનો લુક એટલો અલગ છે કે ફોટોમાં તેને ઓળખવો મુશ્કેલ છે. 'ચંદુ ચેમ્પિયન'નું ફર્સ્ટ લૂક પોસ્ટર અપેક્ષાઓથી પર છે. આ આઘાતજનક અને ખૂબ જ અનન્ય છે, જેમ કે કોઈએ વિચાર્યું ન હતું. પોસ્ટરમાં, કાર્તિક આર્યન રેસલર તરીકે લંગોટી પહેરેલો જોઈ શકાય છે. પોસ્ટર ફિલ્મને ખૂબ જ આકર્ષક અપીલ આપી રહ્યું છે. ફર્સ્ટ લુકમાં કાર્તિક આર્યન ખૂબ જ આત્મવિશ્વાસુ દેખાઈ રહ્યો છે. આ તે છે જે તેને સૌથી આકર્ષક પ્રથમ દેખાવમાંનું એક બનાવે છે. કાર્તિક આર્યનના ફર્સ્ટ લૂકથી જ સ્પષ્ટ થાય છે કે તેણે ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' માટે કેટલી મહેનત કરી છે. ફિલ્મનું પોસ્ટર જોયા બાદ ચાહકોનું દિલ ખુશ થઈ ગયું છે. યુઝર્સનું કહેવું છે કે તેઓ આ નવા અવતારમાં કાર્તિકને ઓળખી શક્યા નથી. એક યુઝરે કમેન્ટ કરી કે, 'પ્રથમ ઝલકમાં હું માની જ ન શક્યો કે તમે અસ્તિત્વમાં છો. કેવો દેખાવ. બીજાએ લખ્યું, 'આ પરિવર્તન એકદમ કઠોર છે.' તે જ સમયે, કેટલાક વપરાશકર્તાઓને કાર્તિકનો નવો લુક પસંદ નથી આવી રહ્યો. યુઝર્સનું કહેવું છે કે એક્ટર અત્યંત પાતળો લાગે છે. કાર્તિક આર્યનને ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' માટે ઓલિમ્પિક સ્વિમિંગ ચેમ્પિયન વીરધવલ ખાડે દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી છે. અર્જુન પુરસ્કાર વિજેતા અને સ્વિમિંગ ચેમ્પિયન વીરધવલ ખાડેએ કાર્તિકને ફિલ્મ માટે તેની સ્વિમિંગ કૌશલ્ય સુધારવાની તાલીમ આપી.



### આલિયાએ ૨ નવેમ્બર, ૨૦૨૨ના રોજ રાહાને જન્મ આપ્યો હતો

# આલિયા ભટ્ટ નથી ઈચ્છતી કે તેની જેમ રાહા પણ ભવિષ્યમાં નાની ઉંમરે ઘર છોડીને નીકળે

આલિયાએ પોતાની કરિયર માટે ૨૩ વર્ષની ઉંમરે પોતાના પેરેન્ટ્સનું ઘર છોડીને એકલાં રહેવાનું શરૂ કર્યું હતું. તાજેતરમાં જ આલિયાએ કહ્યું કે, તે નથી ઈચ્છતી કે રાહા તેની જેમ વહેલાં પૅરેન્ટ્સનું ઘર છોડી દે. એક ઈન્ટર્વ્યુમાં આલિયા અને તેની માતા સોની રાઝદાન સાથે હાજર રહી હતી. આ ઈન્ટરવ્યૂમાં આલિયાએ કહ્યું કે, "મેં ઘર છોડ્યું ત્યારે હું માંડ ૨૩ વર્ષની હોઈશ. હું ઘણી વખત લાંબા શુટિંગ શેડ્યુલ માટે ઘરથી દૂર રહેતી હતી અને તેમને ખ્યાલ પણ ન હોતો કે હું કયા શહેરમાં છું. હવે હું જ્યારે યાદ કરું છું તો મને સમજાય છે કે નાની ઉંમરમાં મને આ રીતે આઝાદી આપી એ કેટલું કૂલ હતું. તેનાથી મને મારા પગ પર ઊભાં થવામાં ઘણી મદદ મળી." આગળ આલિયાએ કહ્યું કે, "મારા જીવન અને અમારા સંબંધમાં એક સમય એવો હતો, જેણે સમગ્ર જીવનની દિશા બદલી નાખી. છતાં મને ક્યારેક લાગે છે કે મેં બહુ વહેલાં ઘર છોડી દીધું હતું અને હું રાહા સાથે એવું નહીં થવા દઉં." જોકે, આલિયાના પિતા મહેશ ભટ્ટ ઈચ્છે છે કે, રાહા જાતે જ પડીને ઊભી થાય અને




પોતાની ભૂલોમાંથી શીખે."પપ્પાએ મને હમણાં જ કહ્યુઃ 'જો તું રાહાને પડવા નહીં દે તો એ તારી સૌથી મોટી ભૂલ હશે કારણ કે નહીંતર તે પછી ક્યારેય પોતાની જાતને સંભાળતા શીખી શકશે નહીં." આલિયા જ્યારે પ્રેગનન્ટ હતી ત્યારે તે પોતાની હોલિવૂડ ડેબ્યુ ફિલ્મ 'હાર્ટ ઓફ સ્ટોન' માટે કામ કરી રહી હતી. આ અંગે વધુ વાત કરતાં આલિયાએ જણાવ્યું કે, "જ્યારે હું પ્રેગનન્ટ હતી અને લંડનમાં 'હાર્ટ ઓફ સ્ટોન' માટે શૂટિંગ કરી રહી હતી ત્યારે હું ત્રણ રાત સુધી ઊંઘી શકી નહોતી. મને લાગતું હતું કે, હું કદાચ બહુ ખરાબ દીકરી છું, ખબર નહીં એ હોર્મોનલ ચેન્જના કારણે હતું કે શું કારણ હતું. પરંતુ મને યાદ છે કે હું પ્રેમ, કાળજી, જવાબદારી અને ચિંતાના વિચારમાં જ બહુ ભાવુક થઈ જતી હતી અને બધું એક સાથે અનુભવાતું હતું જે મને સમજાતું નહોતું." આ વાત સાથે સોની રાઝદાને કહ્યું કે, "એવા અમુક દિવસો હોય છે, જ્યારે તે મારા કોલ ન પાડવા કે તેના તરફ ધ્યાન ન આપવા માટે બેચેની અનુભવે છે." આલિયાએ ૨ નવેમ્બર, ૨૦૨૨ના રોજ રાહાને જન્મ આપ્યો હતો. તેણે પોતાના સોશિયલ મીડિયા દ્વારા જ ફૅન્સને આ સમાચાર આપ્યા હતા. તેણે લખ્યું હતું, "અમારા જીવનના બેસ્ટ ન્યુઝ.અમારું બાળક અહીં છે અને એ એક મેજિકલ દિકરી છે. અમે પ્રેમથી છલકાઈ રહ્યા છીએ, બ્લેસ્ડ અને ઓબ્સેસ્ડ પેરનેટ્સ બની ગયા છીએ. પ્રેમ પ્રેમ પ્રેમ. આલિયા અને રણબીર." સોની રાઝદાને કહ્યું કે આલિયા રાહા માટે 'બધું જ બેસ્ટ' ઈચ્છે છે. તેણે કહ્યું, "આલિયા એ સ્તર પર છે કે તેને પોતાની દીકરી માટે બધું જ બેસ્ટ ઉપલબ્ધ કરાવવાનું પોસાય તેમ છે.

# આલિયા, કિયારા અને કિર્તી સુરેશમાંથી કોણ કરશે દર્શનની આગામી ફિલ્મ?

## આલિયા ભટ્ટનાં વર્સેટાઇલ રોલ્સ પછી અક્ષય કુમાર અને પ્રિયદર્શન બંને માટે પહેલી પસંદ આલિયા હોવાની ચર્ચા હતી



તાજેતરમાં જ પ્રિય દર્શન દ્વારા કન્ફર્મ કરવામાં આવ્યું છે કે તે અક્ષય કુમાર સાથે એક મોટી ફિલ્મ સઆથે કમબૅક કરશે. આ એક હોરર કોમેડી ફિલ્મ હશે જેમાં અક્ષય કુમાર લીડ રોલમાં હશે. દર્શકો આ બંનેને ફરી એક સાથે જોવા માટે આતુર છે. હવે બધાંની નજર લીડ હિરોઇનની પસંદગી પર છે. આલિયા ભટ્ટનાં વર્સેટાઈલ રોલ્સ પછી અક્ષય કુમાર અને પ્રિયદર્શન બંને માટે પહેલી પસંદ આલિયા હોવાની ચર્ચા હતી. જોકે, હજુ કોઈ ઓફિશિયલ અનાઉન્સમેન્ટ કરવામાં આવી નથી. અક્ષયે 'લક્ષ્મી'માં કિયારા અડવાણી સાથે પણ કામ કર્યું છે. જ્યારે સાઉથ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી કિતી સુરેશ બોલિવૂડમાં ડેબ્યુની રાહ જુએ છે. તે વરુણ ધવન સાથે 'બેબી જોહન'થી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરવાની છે. પહેલાં આ ફિલ્મનું નામ 'વીડી ૧૮' આપવામાં આવ્યું હતું, જેમાં વામિકા ગબ્બી લીડ રોલમાં હોવાની ચર્ચા છે. અક્ષય કુમાર હાલ 'જોની એલએલબી ૩'ના શૂટિંગમાં વ્યસ્ત છે. તાજેતરમાં જ તેણે અર્શદ વારસી સાથે એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે બંને વકીલનાં કાળા ગાઉનામાં દેખાતા હતાં. આ વીડિયો એક ચેતાવણી સાથે શરૂ થાય છે. "નકલી જગદીશ ત્યાગી ઊર્ફે જોલી બીએ એલએલબી"થી સાવધાન. જેમાં અર્શદ વારસી પોતાને ઓરીજીનલ જોલી તરીકે ઓળખાવે છે. પહેલી 'જોલી એલએલબી' ૨૦૧૩માં રીલિઝ થયેલી, જેમાં અર્શદ વારસી અને સૌરભ શુક્લા લીડ રોલમાં હતા. જ્યારે ૨૦૧૭ની સિક્વલમાં અર્શદ વારસીની ભૂમિકા અક્ષય કુમારે કરેલી. તેની સામે હુમા કુરેશી લીડ રોલમાં હતી. હવે ત્રીજી ફિલ્મમાં અક્ષય કુમાર અને અર્શદ વારસી વિવિધ પડકારો સામનો કરશે. તેમની સામે સૌરભ શુક્લા ફરી પોતાના જજ તરીકેના રોલમાં દેખાશે. જોકે, હજુ ફિલ્મની સ્ટોરી વિશે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.



### પંચાયત સિઝન ૩નું ટ્રેલર રીલીઝ, પ્રધાનજી અને મંજુ દેવી ચૂંટણીને લઈને ચિંતિત

# રાજકારણની લડાઈમાં બન્યા પ્રધાનજીના માર્ગમાં અવરોધ

## ધારાસભ્ય સાથેની સમગ્ર ઘટના બાદ સેક્રેટરીએ ટ્રાન્સફર કરાવવાનો પ્રયાસ કર્યો હતો, જે શક્ય બન્યું ન હતું

'પંચાયત' સીઝન ૩નું ટ્રેલર સેક્રેટરી જી ઉર્ફે જિતેન્દ્ર કુમારથી શરૂ થાય છે. ધારાસભ્ય સાથેની સમગ્ર ઘટના બાદ સેક્રેટરીની ટ્રાન્સફર કરાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. જ્યારે પ્રધાનજી અને મંજુ દેવી ચૂંટણીને લઈને ચિંતિત છે. બંનેને આશા અને વિશ્વાસ છે કે તેઓ જીતશે, પરંતુ તેમના માર્ગમાં અવરોધ બનારકા જ છે. હવે ફૂલેરા ગામમાં હલચલ મચી જવાની છે. 'પંચાયત'ની સીઝન ૩નું ટ્રેલર આવી ગયું છે. છેલ્લી સીઝન ખૂબ જ પીડાદાયક રીતે સમાપ્ત થઈ. તે જ સમયે, પ્રધાન જી અને સચિવ જીની નોકરી પણ દાવ પર હતી. ધારાસભ્ય સાહેબે બંનેને પરેશાન કર્યા હતા. તો બનારકાસ પણ એ બંને પછી હતું. હવે સીઝન ૩ ના રસપ્રદ ટ્રેલરમાં આગળની વાર્તાની સારી ઝલક આપવામાં આવી છે. 'પંચાયત' સીઝન ૩નું ટ્રેલર સેક્રેટરી જી ઉર્ફે જિતેન્દ્ર કુમારથી






શરૂ થાય છે. ધારાસભ્ય સાથેની સમગ્ર ઘટના બાદ સેક્રેટરીએ ટ્રાન્સફર કરાવવાનો પ્રયાસ કર્યો હતો, જે શક્ય બન્યું ન હતું. આવી સ્થિતિમાં તેઓ કોઈને કોઈ રીતે ફૂલેરામાં જીવન વિતાવી રહ્યા છે. જ્યારે પ્રધાનજી અને મંજુ દેવી ચૂંટણીને લઈને ચિંતિત છે. બંનેને આશા અને વિશ્વાસ છે કે તેઓ જીતશે, પરંતુ તેમના માર્ગમાં અવરોધ બનારકા જ છે, જે ધારાસભ્ય સાથે રમત રમવાની તૈયારી કરી રહ્યા છે. હવે શું થાય છે તે જોવાનું છે. વાઈરલ ફીવરની 'પંચાયત' સિઝન ૩નું નિર્માણ કર્યું છે. દીપક કુમાર મિશ્રાએ તેનું નિર્દેશન કર્યું છે. ચંદન કુમાર દ્વારા લખાયેલી આ વાર્તા જોવાની મજા આવશે. આ વખતે શોમાં ફની મોમેન્ટ્સની સાથે દુશ્મની અને લડાઈ પણ જોવા મળશે. જ્યારે પ્રધાનજી પોતાની ખુરશી બચાવવા માટે ધરણાનો આશરો લેશે, બનારકાની યોજના અલગ છે. કોમેડી અને ડ્રામાથી ભરપૂર 'પંચાયત' સીઝન ૩ ખૂબ જ જબરદસ્ત બનવાની છે, આ શોના ટ્રેલરથી જ સ્પષ્ટ થઈ ગયું છે. જિતેન્દ્ર કુમાર, નીના ગુપ્તા, રઘુબીર યાદવ, ફૈઝલ મલિક, ચંદન રોય, અશોક પાઠક, દુર્ગેશ કુમાર અને સાનવિકા 'પંચાયત' સીઝન ૩માં જોવા મળશે. શોની અત્યાર સુધીની બે સીઝનમાં દરેકના કામને ઘણો પ્રેમ મળ્યો છે. 'પંચાયત' સીઝન ૩ પ્રાઈમ વિડિયો પર હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડમાં પ્રીમિયર થશે અને ૨૮ મેના રોજ વિશ્વના ૨૪૦ થી વધુ દેશોમાં રિલીઝ થશે. ફુલેરા ગામની ખુશીની કહાની જોવા માટે ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# હાલ જેનિફર લોપેઝ સાઇફાઈ થ્રિલર 'એટલાસ'નાં પ્રમોશનમાં વ્યસ્ત છે

જેનિફર લોપેઝનું હોલિવૂડની ફિલ્મોમાં બહુ જાણીતું નામ છે. પરંતુ તાજેતરમાં જેનિફરે ભારતી. કલાકાર દેવ પટેલની પ્રશંસા કરી હતી અને તેમજ તેને દેવની ફિલ્મો જોવી ગમે છે તેવું પણ કહ્યું હતું. તાજેતરમાં જ જેનિફરે પોતાની સાઈફાઈ થ્રિલર ફિલ્મ 'એટલાસ' વિશે એક ઈન્ટર્વ્યુમાં દેવ પટેલનાં ટૅલેન્ટ અને સિનેમામાં તેના પ્રદાન વિશે પણ વાત કરી હતી. જેનિફરે ખૂબ ઉત્સાહપૂર્વક દેવનો ઉલ્લેખ કર્યો હતો અને તેની સાથે કામ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. લોપેઝે દેવ પટેલના કામના વખાણ કરતાં કહ્યું કે એક મૌલિક અને અનોખો પ્રતિસાદ આપતો



કલાકાર છે. સાથે જેનિફરે દેવની ઓડિયન્સને સ્પશી જતી એક્ટિંગ સ્કિલના પણ વખાણ કર્યા હતા. એક તરફ જેનિફર લોપેઝના ફૅન્સ તેની અને દેવ પટેલની ફિલ્મની રાહ જોઈ રહ્યા છે, ત્યારે હાલ ૫૪ વર્ષની જેનિફર સાઈફાઈ થ્રિલર 'એટલાસ'નાં પ્રમોશનમાં વ્યસ્ત છે. જેમાં તે એક ડેટા એનાલિસ્ટ એટલાસ શેફર્ડની મુખ્ય ભૂમિકામાં છે. જેમાં જેનિફરે આખી ફિલ્મમાં પોતાની હેરસ્ટાઈલ દ્વારા પોતાના કેરેક્ટરની જની બતાવી છે. આ કેરેક્ટર વિશે વાત કરતાં જેનિફરે કહ્યું કે, આ ફિલ્મમાં કેરેક્ટરની હેરસ્ટાઈલ મહત્વની છે. જેમકે બાળપણમાં તેના વિખરાયેલાં અને અસ્ત-વ્યસ્ત વાળ વિશે જેનિફરે કહ્યું કે, એ હેરસ્ટાઈલ પાત્રની અંદર ચાલતાં મનના યુદ્ધને પોતાની જાતની સંભાળની બેદરકારી દર્શાવે છે. જેમ સ્ટોરી આગળ વધે છે અને તે પોતાના ગોલ અચિવ કરી લે છે, ત્યારની હેરસ્ટાઈલ તેનાં વ્યક્તિગત વિકાસના પ્રતિક બની જાય છે. જે તેનો આત્મવિશ્વાસ અને તાકાત દર્શાવે છે. લોપેઝે દેવ પટેલના કામના વખાણ કરતાં કહ્યું કે એક મૌલિક અને અનોખો પ્રતિસાદ આપતો કલાકાર છે

# કંગનાની 'ઇમરજન્સી' મુલતવી, પ્રોડક્શન હાઉસે આપ્યું મોટું અપડેટ

## કંગના રનૌત હાલમાં તેના દેશની સેવામાં વ્યસ્ત છે અને દેશ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા આ સમયે પ્રાથમિકતા છે




કંગના રનૌતે ફરી એકવાર તેની ફિલ્મ 'ઈમરજન્સી'ની રિલીઝ મોકૂફ રાખી છે. ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરતા કંગનાએ લખ્યું- અમારું દિલ પ્રેમથી ભરેલું છે, આજે કંગના રનૌતનો જે પ્રકારનો પ્રેમ મળી રહ્યો છે તે જોવું આપણા બધા માટે ખૂબ જ ભાગ્યશાળી છે. કંગના રનૌત માટે નવા વર્ષની શરૂઆત સારી થઈ. અભિનેત્રીએ તેની ફિલ્મ 'ઈમરજન્સી' રિલીઝ કરવાની જાહેરાત કરી હતી. જણાવ્યું કે તે ૧૪ જૂન, ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. પોસ્ટર પણ શેર કર્યું. આ ફિલ્મને લઈને ચાહકોમાં પહેલેથી જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંતુ હવે લાગે છે કે તેના ઉત્સાહ માટે થોડી વધુ રાહ જોવી પડશે. કારણ કે કંગના રનૌતે ફરી એકવાર તેની ફિલ્મ 'ઈમરજન્સી'ની રિલીઝ મોકૂફ રાખી છે. ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરતા કંગનાએ લખ્યું- અમારું દિલ પ્રેમથી ભરેલું છે, આજે કંગના રનૌતનો જે પ્રકારનો પ્રેમ મળી રહ્યો છે તે જોવું આપણા બધા માટે ખૂબ જ ભાગ્યશાળી છે. "કંગના હાલમાં તેના દેશની સેવામાં વ્યસ્ત છે. અને દેશ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા આ સમયે પ્રાથમિકતા છે. આવી સ્થિતિમાં અમારી ફિલ્મ 'ઈમરજન્સી'ની રિલીઝ મોકૂફ રાખવામાં આવી છે. અમે વચન આપીએ છીએ કે ફિલ્મની નવી રિલીઝ તારીખ ટૂંક સમયમાં અમે તમારી સામે આવીશું. તમને જણાવી દઈએ કે કંગના રનૌતની આ ફિલ્મ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી પર આધારિત છે. કંગનાએ એક નિવેદનમાં કહ્યું હતું કે ફિલ્મ 'ઈમરજન્સી' મારા દિલની ખૂબ નજીક છે. 'મણિકર્ણિકા' પછી આ મારી બીજી દિગ્દર્શિત ફિલ્મ હશે. આ મોટા બજેટ અને પીરિયડ ડ્રામા ફિલ્મ માટે અમારી પાસે ભારતીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓ એકસાથે આવી રહી છે. જાણકારી માટે તમને જણાવી દઈએ કે કંગના રનૌતે 'ઈમરજન્સી'ની રિલીઝ બે વાર મોકૂફ રાખી છે. અગાઉ આ ફિલ્મ ૨૪ નવેમ્બર ૨૦૨૩ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી. પછી કહેવામાં આવ્યું કે તે ૧૪ જૂન ૨૦૨૪ના રોજ રિલીઝ થશે.

### રકુલપ્રીતે આ વર્ષની શરૂઆતમાં જેકી ભગનાની સાથે લગ્ન કર્યા છે

# ભૂમિએ રકુલ પ્રીત-જેકીના લગ્નમાં મોટી ભૂમિકા ભજવી

## રકુલએ એક ઈન્ટરવ્યુમાં પોતાના લગ્ન અને ફિલ્મ પ્રોડ્યુસર જેકી ભગનાની સાથેના તેના સંબંધો વિશે કેટલાંક રસપ્રદ ખુલાસા કર્યા

રકુલપ્રીતે તાજેતરમાં એક ઈન્ટર્વ્યુમાં પોતાના લગ્ન અને ફિલ્મ પ્રોડ્યુસર જેકી ભગનાની સાથેના તેના સંબંધો વિશે કેટલાંક રસપ્રદ ખુલાસા કર્યા હતા. રકુલપ્રીતે આ વર્ષની શરૂઆતમાં જેકી ભગનાની સાથે લગ્ન કર્યા છે. ત્યારે આ અંગે પહેલી વખત તેણે ખુલીને વાત કરી હતી. રકુલે કહ્યું કે, "અમે એકબીજાનું મેલ અને ફિમેલ વર્ઝન હોય તેવા છીએ." રકુલપ્રીતે તેના ગોવામાં યોજાયેલા લગ્ન, સરપ્રાઈઝ પ્રપોઝલ અને તેમના લગ્નમાં ભૂમિ પેડનેકરની ભૂમિકા વિશે વાત કરી. રકુલ અને જેકીએ લગ્નનો નિર્ણય લીધો તેના ઘણા સમય પહેલાંથી તે બંને એકબીજાને ડેટ કરતાં હતાં. બંનેના પૅરેન્ટ્સ પણ લગ્ન માટે રાજી હતાં પરંતુ જેકીએ હજુ સુધી રકુલપ્રીતને કાયદેસર રીતે પ્રપોઝ કર્યુ નહોતું.





લગ્નના ત્રણ મહિના પહેલાં રકુલે જેકીને આગ્રહ કરીને પ્રપોઝલ પ્લાન કરવા કહેવું પડ્યું હતું. રકુલે જણાવ્યું, "અમારી પ્રપોઝલ સ્ટોરી વિશે હજુ કોઈને ખ્યાલ નથી. મેં એને મને પ્રપોઝ કરવા માટે ફોર્સ કરેલો. મેં કહ્યું, જ્યાં સુધી તું પ્રપોઝ નહીં કરે ત્યાં સુધી હું લગ્ન મંડપ સુધી આવીશ જ નહીં. કારણ કે લગ્નની તારીખ નક્કી થઈ ગઈ હતી, પૅરેન્ટ્સ એકબીજાને મળી ચૂક્યાં હતાં અને લગ્નની તૈયારીઓ ચાલતી હતી. તો પછી પ્રપોઝલ કેમ નહીં? મારી પાસે કોઈ લવ સ્ટોરી તો હોવી જોઈએ ને. ભલે લગ્ન થતાં હોય પણ આખી જિંદગી યાદ રહે તેવી કોઈ સ્ટોરી તો જોઈએને." રકુલએ એક ઈન્ટરવ્યુમાં પોતાના લગ્ન અને ફિલ્મ પ્રોડ્યુસર જેકી ભગનાની સાથેના તેના સંબંધો વિશે કેટલાંક રસપ્રદ ખુલાસા કર્યા. "મેં એને સતત કહ્યાં કર્યું કે, કે તારે મને પ્રપોઝ કરવાનું બાકી છે. હું ન જાણું તું કઈ રીતે કરીશ પણ બસ તારી પાસે હવે બે-ત્રણ મહિના જ છે, હવે તું જાણે." રકુલે આગળ જણાવ્યું કે, "અંતે તેણે મને સરપ્રાઈઝ આપી. મને જરા પણ ખબર ન પડી. પરંતુ તેમાં ભૂમિ(પેડનેકર)નો રોલ મહત્વનો છે. તેણે જેકીને મદદ કરી અને હું કશું જ જાણી પણ ન શકી. કારણ કે, મારા કોઈ પણ બીજા મિત્રો કંઈ પણ પ્લાન કરે તો મને ખબર પડી ગઈ હોત. ભૂમિ જેકીની બેસ્ટ ફ્રેન્ટ છે અને હવે તે રકુલની પણ દોસ્ત છે."

### છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો

# ગાંધીનગરમાં મિત્રતા કેળવીને ૫૫.૫૦ લાખની છેતરપિંડી કરી

## ચેક રિટર્ન થતા આખરે બિલ્ડરને છેતરાયાનો અહેસાસ થયો હતો અને આ મામલે પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે

**। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।**




રાજ્યભરમાં લોકોને વિશ્વાસમાં કેળવી છેતરપિંડી આચરવામાં આવતા હોવાના અનેક કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે, ત્યારે હવે આ જ પ્રકારનો એક કેસ પાટનગર ગાંધીનગરમાંથી સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, રાજ્યમાં પાટનગર એવા ગાંધીનગર સ્થિત સેક્ટર ૨૯માં રહેતા એક વ્યક્તિ સાથે આવો બનાવ બન્યો છે, જેમાં બિલ્ડરના પડોશીના સંબંધીએ બિલ્ડર સાથે મિત્રતા કેળવીને ધંધા માટે રૂપિયાની જરૃરિયાત હોવાનું કહ્યું હતું અને ૫૫.૫૦ લાખ રૂપિયા લીધા હતા, પરંતુ ત્યારબાદ જ્યારે પરત આપવાના આવ્યા ત્યારે રૂપિયા પરત નહીં કરીને આપેલા ચેક રિટર્ન થતા આખરે બિલ્ડરને છેતરાયાનો અહેસાસ થયો હતો અને આ મામલે સેક્ટર ૨૧ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરના સેક્ટર ૨૯માં રહેતા સાજીદભાઈ ઈકબાલભાઈ પરમાર બિલ્ડર તરીકે કામ કરે છે જેમની પાડોશમાં રહેતા ઈશાકભાઈ કલીમભાઈ શેખના સંબંધી અમદાવાદ નારોલ વટવા રોડ ઉપર હીર પાર્ક સોસાયટીમાં રહેતા અબ્દુલઅઝીમ અબ્દુલઅઝીજ શેખ ઘરે આવતા જતા હતા. પાડોશીનાં સંબંધીનાં નાતે સાજીદભાઈને અબ્દુલઅઝીમ સાથે મિત્રતા થઈ હતી.ત્યારબાદ અબ્દુલઅઝીમ વ્યવસાયના કામ અર્થે સાજીદભાઈ પાસે જરૃરીયાત પડતા હાથ ઉછીના રૂપિયા રોકડમાં અવાર-નવાર લઈ જતો હતો. ત્યારે ડિસેમ્બર ૨૦૨૦માં પણ અબ્દુલઅઝીમને પૈસાની જરુર હોવાથી સાજીદભાઈનાં ઘરે ઈશાકભાઈ કલીમભાઈ શેખ, મિત્ર સત્તારભાઈ અબ્દુલભાઈ વોરાને સાથે લઈ ગયો હતો અને ધંધા માટે આકસ્મિક ૫૭.૫૦ લાખ રૃપિયાની જરૃરિયાત હોવાનું કહ્યું હતું.

જોકે અગાઉ રૃપિયા લઈને પરત આપતો હોવાથી તેમને તેની ઉપર વિશ્વાસ આવ્યો હતો અને ત્યારબાદ આરટીજીએસ મારફતે રૂ. ૫૭.૫૦ લાખ આપ્યા હતા. જે રૂપિયા વાયદા મુજબ નિયત સમયમાં પરત નહીં મળતા સાજીદભાઈએ વારંવાર ઉઘરાણી કરી હતી. જેનાં પગલે અબ્દુલઅઝીમે બે લાખ પરત કરી બાકીના રૂ. ૫૫.૫૦ લાખનો ચેક આપ્યો હતો.જોકે તે ચેક પરત ફર્યો હતો અને બાદમાં આપવામાં આવેલા અન્ય બે ચેક પણ રિટર્ન થયા હતા. જેથી તેમણે ગાંધીનગર કોર્ટમાં ફરિયાદ કરી હતી. આખરે કંટાળીને છેતરાયાનો અહેસાસ થતાં સેક્ટર ૨૧ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ આપી હતી.

### કાંકરેજ તાલુકાના થરા શાકભાજી માર્કેટમાં ખેડૂતો છૂટક વેપારીઓનું ખુલ્લેઆમ શોષણ

## કાર્બાઈડ ઝેરી કેમિકલથી પકવી વેચાતા ફળોથી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા સામે તંત્ર ચૂપ કેમ ???

**। (પ્રતિનિધી) થરા, તા.૧૬ ।**

કાળઝાળ ગરમીમાં ઠંડા પીણા કેરી ચીકુ દ્રાક્ષ ટેટી તડબૂચ જેવાં ફળોનું વેચાણ વધતાં વેપારીઓ અવનવા પ્રયોગો કરી માલના પુરવઠાને બજારમાં મોકલી માંગ તેજીનો ફાયદો ઉઠાવે છે. બનાસકાંઠાના છેવાડાના કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા નગરમાં આવેલ શાકભાજી માર્કેટમાં આવા ફ્રૂટ ફળોના વેપારીઓ કેરી ચીકુ દ્રાક્ષ ટેટી તડબૂચ જેવાં ફળો કાચા મોટા જથ્થામાં લાવી કાર્બાઈડ (ડટ), ઝેરી કેમિકલમાં પલાળી રાખી ઝડપી પકવી બજારમાં છૂટક વેપારીઓને વેચી રહયા છે. જેની અસર લોકોના આરોગ્ય સાથે થાય છતાં તંત્ર મોટા હપ્તા મળતાં મૌન બની તમાશો જોઈ રહયું છે.આ શાકભાજી માર્કેટમાં ખેડૂતો છૂટક વેચાણ કરતા નાના વેપારીઓનું ખુલ્લેઆમ શોષણ થઈ રહયું છે.ખેડૂતોને શાકભાજી ના પોષણક્ષમ ભાવો નહી મળતા દરવાજા ટેકસથી કંટાળી કેટલાક ખેડૂતો બજારમાં વેચવા લાવેલ શાકભાજી રખડતી ગાયો આખલા ઓને નાખીને જતા રહે છે જેના કારણે થરા નગરમાં જાહેર રોડ રસ્તા શૈક્ષણિક સંસ્થાઓ પાસેરખડતી ગાયો આખલાઓનો ઉપદ્રવ વધ્યો છે અને ટ્રાફિકની વિકટ પરિસ્થિતિ ઊભી થઈ છે તો નાના છૂટક વેપારીઓ પાસેથી ઉચાભાવ લે તથા દરવાજા ટેકસની અસર છેવટે બજારમાં ગ્રાહકો પર જોવા મળે છે.નાના છૂટક વેપારીઓ શાકભાજી ગ્રાહકોને ૧૨૦ થી ૧૬૦ રૂપિયે કિલો વેચે છે જેનાથી ગૃહિણી ઓનું બજેટ ખોરવાય છે. ખેડુતો, નાના છૂટક વેપારીઓ, ગ્રાહકો છેવટે જાય કયાં ?? તપાસ જેને કરવાની જવાબદારીવાળા અધિકારીઓ કર્મચારીઓ હપ્તાનો ટુકડો ખાઈને જતા રહે છે.ખેડુતો, નાના છૂટક વેપારીઓ, ગ્રાહકો સરેઆમ મંદી મોઘવારીનો ભોગ બની રિબાઈ રહયા છે.આ બાબતે લોકસેવકો તંત્રની જેમ ચૂપ છે.ત્યારે લોકો કહે છે..આ રીતે રીબાવવાનું અને ભેળસેળ યુક્ત ઝેરી આહાર ખાધા સિવાય છૂટકો નથી. જિલ્લા કલેક્ટર જિલ્લા આરોગ્ય તંત્ર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ લોકોની સમસ્યા સાંભળી થરા શાકભાજી માર્કેટમાં તપાસ કરી ઝેરી કેમિકલ્સ કાર્બાઈડ (ડટ)નો જથ્થો પકડવામાં સફળ થશે કે પછી બનાસ નદીની રેત ખનન રાત દિવસ ચાલે ને તંત્ર મોટા હપ્તા લઈ ખુશ જેવું ??

# ચાકલીયા પોલીસ દ્વારા બે અલગ અલગ જગ્યાએ થી ૧૪,૦૮૦ રૂપિયાનો દારૂનો જથ્થો ઝડપી પાડયો

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।**

ચાકલીયા પોલીસને કચલઘરા ગામે એસ. ટી બસ સ્ટેશનની પાસે એક મહિલા વિમલના થેલામાં દારૂ લઈ જઈ રહેલ હોવાની બાતમીને આધારે ચેક કરતા વિમલના થેલામાં દારૂ મળી આવેલ હતું. મહિલાની અટક કરી પૂછપરછ કરાતા તેમણે પોતાનું નામ રીસાબેન તીરુભાઈ સીંગાડીયા (ગુવાળી આજુણ ફળીયા, મેઘનગર) બતાવેલ હતું. આ મહિલા પાસેથી પોલીસને ૯૬ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી જેની અંદાજિત કિંમત ૧૦૫૬૦ રૂપિયા છે.

બીજા એક બનાવમાં અનિલ રામસિંગ બારીયા (રળીયાતીભુરા)ના રહેંણાક મકાનમાં ઈંગ્લિશ દારૂનુ છુટક વેંચાણ કરી રહેલ હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. પોલીસ દ્વારા સ્થળ પર જઈ રેઈડ કરાતા ઘરે કોઈ હાજર મળેલ ન હતું, પોલીસ દ્વારા મકાનની તલાસી લેતા અંદાજીત ૨૪ બોટલ વિદેશી દારૂની મળી આવેલ હતી. જેની કિંમત અંદાજીત ૩૫૨૦ જેટલી થાય છે. આમ ચાકલીયા પોલીસને એક જ દિવસમાં બે અલગ અલગ વિસ્તારમાંથી વિદેશી દારૃ ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

### મહેસાણામાં અક્ષમ્ય બેદરકારી

# મૂંગા પશુઓના જીવન સાથે ખીલવાડ કરવામાં આવતો હોવાનું સામે આવ્યું

## દવાખાનામાં પશુઓની સારવાર માટે ના ડ્રેસિંગ ટેબલ ઉપર જ તમામ જથ્થો એક્સપાયરી ડેટ થયેલો પડ્યો હતો

**। (એજન્સી) મહેસાણા, તા.૧૬ ।**



મહેસાણા જિલ્લા પંચાયત સંચાલિત મહેસાણા સ્થિત પશુ દવાખાના માં મૂંગા પશુઓના જીવન સાથે ખીલવાડ કરવા માં આવતો હોવાનું સામે આવ્યું છે.તમામ પ્રકાર ના મૂંગા પશુઓની સારવાર મહેસાણા શહેર માં હૈદરી ચોકમાં આવેલા પશુ દવાખાનામાં કરવામાં આવે છે.

મહેસાણા સ્થિત પશુ દવાખાનામાં પશુઓની સારવાર માટે ના ડ્રેસિંગ ટેબલ ઉપર જ તમામ જથ્થો એક્સપાયરી ડેટ થયેલો પડ્યો હતો, પશુ દવાખાનામાં જીવદયા પ્રેમી એક પક્ષીની સારવાર કરવા આવ્યા ત્યારે ડ્રેસિંગ ટેબલ ઉપર પડેલી દવાઓના જથ્થા ઉપર પડી હતી.ડ્રેસિંગ ટેબલ ઉપર રાખવામાં આવેલી અનેક દવા ઓ એક્સપાયર થઈ ગઈ હતી અને પશુ દવાખાનામાં ફરજ બજાવતા સ્ટાફની બદદાનતને ખુલ્લી પાડતાં આ પશુ દવાખાનાની એક્સપાયરી દવાવાળી બોટલ ઉપરના સ્ટીકરો કાઢી નાખવા માં આવ્યા હતા.આથી પશુઓના ઉપયોગમાં લેવા માં આવતી દવાની બોટલો ઉપર લગાવેલા સ્ટીકરોમાંથી દવા ઉપયોગની વિગત દર્શાવતો ભાગ ફાડી નાખવામાં આવ્યા હતા.આ સાથે દવાઓનો પણ ગેર ઉપયોગ થતો હોવાનું પણ સામે આવ્યું છે ત્યારે પશુ દવાખાના માં ચાલતી પોલંપોલ મુદ્દે પશુ તબીબ એ લુલો બચાવ કર્યો હતો.પરંતુ એક વાત ચોક્કસ છે કે મૂંગા પશુઓના જીવન સાથે મહેસાણા પશુ દવાખાના માં ફરજ બજાવતા સમજદાર સ્ટાફ દ્વારા ચેડાં કરવા નો કારસો રચ્યો હોય એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

### મોરબીમાંથી એક દુખદ સમાચાર સામે આવ્યા

# મોરબીની મચ્છુ નદીમાં સાત લોકો ડૂબ્યા, ત્રણ વ્યક્તિના મોત

## હાલ ફાયર સહિતની ટીમો સ્થળ પર પોહચી પાણીમાં ડૂબી ગયેલા લાપતા બાળકોની શોધખોળ શરૂ કરી છે

**। (એજન્સી) મોરબી, તા.૧૬ ।**

મોરબીમાંથી એક દુખદ સમાચાર સામે આવ્યા છે. ગઈકાલે પોઈચામાં ૮ લોકો ડૂબ્યા હોવાની ઘટના બાદ હવે મોરબીની મચ્છુ નદીમાં એક સાથે સાત લોકો ડૂબ્યા હોવાનું સામે આવ્યું છે.

આ ઘટમાં ત્રણ લોકોના મોત થયા છે. જયારે અન્ય ચાર લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે. છ સગીર અને એક યુવક મચ્છુ નદીમાં ડૂબ્યા હોવાનું સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચ જવા પામી છે. હાલ ફાયર સહિતની ટીમો સ્થળ પર પોહચી પાણીમાં ડૂબી ગયેલા લાપતા બાળકોની શોધખોળ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ પ્રથમ એક યુવાન ડૂબ્યા બાદ તેને બચવા જતા બે સગીરા પણ ડૂબ્યા હતા. અહી કુલ ૭ જેટલા યુવાન અને સગીર ન્હાવા આવ્યા હતા. ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. મળતી પ્રાથમિક વિગતો મુજબ પરમાર ચિરાગ ઉ.૨૦, ભંખોડિયા ધર્મેશ ઉ.૧૬ અને ભંખોડિયા ગૌરવ ઉ.૧૭ નામના યુવાનો પાણીમાં ડૂબ્યા છે. અને અન્ય ચાર યુવાનો બચી ગયાનું જાણવા મળી રહ્યું છે. વધુ વિગતો મેળવાઈ રહી છે.

### કોમર્સ સર્કલ વિસ્તારમાં દંપતીના મૃતદેહ મળવા મામલો

# અનુશ્રી ફ્લેટના સિક્યુરિટી ગાર્ડ એવા દંપતીનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો

**સિક્યુરિટી ગાર્ડ ગણેશ બહાદુર બસનેત અને તેની પત્ની સુમિબેનના મૃતદેહ પડેલા મળી આવ્યા હતા**

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।**

અમદાવાદ શહેરના કોમર્સ સર્કલ નજીક આવેલા અનુશ્રી ફલેટના સિક્યુરિટી ગાર્ડ એવા દંપતીની શકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. સવારના અરસા દરમિયાન અનુશ્રી ફ્લેટ સોસાયટીના રહીશોને દંપતીના લાશ નજર આવી હતી. સિક્યુરિટી ગાર્ડ ગણેશ બહાદુર બસનેત અને તેની પત્ની સુમિબેનના મૃતદેહ પડેલા મળી આવ્યા હતા.અમદાવાદના કોમર્સ સર્કલ નજીક આવેલા ફ્લેટમાં દંપતિનું શકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો. અર્ધનગ્ન અવસ્થામાં મળેલા મૃતદેહને પાછળ હત્યા કે આત્મહત્યાને લઈને પોલીસની તપાસ શરૂ કરવામાંલ આવી છે. મૃત્યુ પહેલાના CCTV પણ સામે આવ્યા હોઈ જેના આધારે પણ પોલીસ દ્વારા તપાસ શરુ કરવામાં આવી છે. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી. અમદાવાદ શહેરના કોમર્સ સર્કલ નજીક આવેલા અનુશ્રી ફલેટના સિક્યુરિટી ગાર્ડ એવા દંપતીની શકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. સવારના અરસા દરમિયાન અનુશ્રી ફ્લેટ સોસાયટીના રહીશોને દંપતીના લાશ નજર આવી હતી. સિક્યુરિટી ગાર્ડ ગણેશ બહાદુર બસનેત અને તેની પત્ની સુમિબેનના મૃતદેહ પડેલામળીઆવ્યાહતા.અમદાવાદ શહેરની ગુજરાત યુનિવર્સિટી પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. સિક્યુરિટી ગાર્ડ ગણેશનો અર્ધ નગ્ન અવસ્થામાં મૃતદેહ મળ્યો હતો. જ્યારે તેની પત્ની સિમીબેન મૃત હાલતમાં મળી આવી હતી. જેને લઈ પોલીસે આસપાસમાં પ્રાથમિક તપાસ હાથ ધરવા સાથે જ મોતના કારણને જાણવા માટે કડીઓ મેળવવા અને મૃત્યુ સમય અને પહેલાની પરિસ્થિતિને જાણવા માટે CCTV ફૂટેજને ચેક કરવામાં આવ્યા હતા.

### વિદેશી કંપનીઓ સ્થાનિક મસાલાની ફ્લેવરવાળી પ્રોડક્ટ્સ ખરીદવા માંગે

# પરદેશી બની જશે દેશી હલ્દીરામ! 3-3 વિદેશી કંપનીઓ મેદાનમાં, મોં માગી રકમ દેવા તૈયાર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

દેશમાં ભાગ્યે જ કોઈ એવું હશે જેણે હલ્દીરામના ઉત્પાદનોનો સ્વાદ ન ચાખ્યો હોય. પરંતુ, એવું લાગે છે કે દેશી સ્વાદ આપતી આ કંપની હવે વિદેશી બની જશે. અત્યાર સુધી હલ્દીરામના વેચાણની અફવાઓ ઘણી વખત સામે આવી છે, પરંતુ પ્રથમ વખત ત્રણ મોટી વિદેશી કંપનીઓએ તેનો સંપૂર્ણ બિઝનેસ ખરીદવા માટે સત્તાવાર રીતે બોલી લગાવી છે. હલ્દીરામને ખરીદનારી કંપનીઓમાં વિશ્વની સૌથી મોટી ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટ કંપની બ્લેકસ્ટોન, અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી (એડીઆઈએ) અને સરકારની સિંગાપોર ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનનો સમાવેશ થાય છે. ૮૭ વર્ષ જૂની હલ્દીરામ સ્નેક્સ ફૂડ પ્રાઈવેટ લિમિટેડ દેશની સૌથી જૂની સ્નેક્સ કંપની છે. ઈકોનોમિક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર બ્લેકસ્ટોને અન્ય બે કંપનીઓના કન્સોર્ટિયમ સાથે મળીને હલ્દીરામના ૭૬ ટકા બિઝનેસ ખરીદવાનો નિર્ણય કર્યો છે. આ માટે ૮ થી ૮.૫ અબજ ડોલર (લગભગ ૭૦ હજાર કરોડ રૂપિયા)ની બોલી લગાવવામાં આવી છે. જો આ ડીલ પૂર્ણ થશે તો તે દેશનો અત્યાર સુધીનો સૌથી મોટી પ્રાઈવેટ ઈક્વિટી ડીલ હશે.

પોતાના ૮૭ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત, હલ્દીરામે કોઈ પ્રોફેશનલને તેના સીઈઓ બનાવ્યો છે. ગયા વર્ષે મે મહિનામાં કંપનીએ ડાબર ઈન્ટરનેશનલના સીઈઓ રહેલા ચુટાનીને હલ્દીરામના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે નિયુક્ત કર્યા હતા. જે બાદ આ બોલી હલ્દીરામની દિલ્હી અને નાગપુર શાખાના સ્નેક્સ અને ફૂડ બિઝનેસને ખરીદવા માટે કરવામાં આવી છે.બિઝનેસને અલગ કરી રહી છે કંપની: હલ્દીરામને લગતો કોઈપણ સોદો ત્યારે જ પૂરો થઈ શકે છે જ્યારે તેના દિલ્હી અને નાગપુર બિઝનેસને મર્જ કરવામાં આવે. તેની યોજનાને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ દ્વારા પણ મંજૂરી આપવામાં આવી છે. માનવામાં આવી રહ્યું છે કે આ મર્જર આગામી ૩ થી ૪ મહિનામાં પૂર્ણ થઈ જશે. હાલમાં, હલ્દીરામ પરિવાર તેના વ્યવસાયનું પુનર્ગઠન કરવામાં વ્યસ્ત છે અને પેકેજ્ડ ફૂડ અને રેસ્ટોરન્ટ બિઝનેસને અલગ કંપનીઓમાં રૂપાંતરિત કરી રહ્યો છે. હલ્દીરામ ફૂડ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ (HFIPL), નાગપુર શાખાની આગેવાની હેઠળ અને હલ્દીરામ સ્નેક્સ પ્રાઈવેટ લિમિટેડ જેને દિલ્હીનો પરિવાર હોલ્ડ કરે છે. બંનેને મર્જ કરીને હલ્દીરામ સ્નેક્સ ફૂડ પ્રાઈવેટ લિમિટેડ (HSFPL) ની રચના કરવામાં આવી છે. કોનો હિસ્સો કેટલો છે - નવી રચાયેલી કંપની HSFPLમાં મનોહર અગ્રવાલ અને મધુ સુદન અગ્રવાલ સામેલ છે. તેમની ૫૫ ટકા ભાગીદારી છે. નાગપુરનો બિઝનેસ જેને કમલકુમાર શિવકિશન અગ્રવાલ ચલાવે છે, તેમની ૪૫ ટકા ભાગીદારી છે.

### સોશિયલ મીડિયાના માધ્યમથી લાખોની ઠગાઈ

# નવસારીમાં વોટસએપ ગ્રુપ બનાવી લાખો રૂપિયાની ઠગાઈ કરવામાં આવી

**। (એજન્સી) નવસારી, તા.૧૬ ।**

નવસારીમાં સોશિયલ મીડિયાના માધ્યમથી લાખોની ઠગાઈનો મામલો સામે આવ્યો છે. સોશિયલ મીડિયામાં માધ્યમથી વોટસએપગ્રુપ બનાવી ૨૧ લાખની છેતરપિંડી કરવામાં આવી. નવસારીમાં સોશિયલ મીડિયાના માધ્યમથી લાખોની ઠગાઈનો મામલો સામે આવ્યો છે. સોશિયલ મીડિયામાં માધ્યમથી વોટસએપગ્રુપ બનાવી ૨૧ લાખની છેતરપિંડી કરવામાં આવી. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. સોશિયલ મીડિયાનો આજે લોકો વધુ ઉપયોગ કરી રહ્યા છે. અને તેનો લાભ ધુતારો પણ લેવા લાગ્યા છે. એક શખ્સ દ્વારા **13 black rock stock and institutional club** નામ થી **whatsapp** ગ્રુપ બનાવીકલબના નામનું ગ્રુપ બનાવવામાં આવ્યું. કલબનું ગ્રુપ બનાવી શેરબજારમાં વધુ રિટર્ન મળશે તેવી લાલચ આપવામાં આવી. શેરબજારમાં વધુ રિટર્ન મળવાની લાલચે રિટર્ન માટે જુદી જુદી તારીખે લાખો રૂપિયા જુદી જુદી બેંકમાં જમા કરાવ્યા. કુલ ૨૧ લાખ ૬૦ હજાર જેટલી મોટી રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી પરત નહીં આપતા છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે નવરાશની લહેજત માણવાના છો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે। અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો વેડફાટ છે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**કર્ક (ડ,હ) :**

આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાળો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો.

**તુલા (ર,ત) :**

હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું હોઈ શકે છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમે નવરાશની લહેજત માણવાના છો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણમાં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે। અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ. આજે તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ.

**મકર (ખ,જ) :**

આજે તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો વેડફાટ છે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે.

## પરિવાર કારમાં જઈ રહ્યો હતો, ટ્રક સાથે અથડાતા ૬ લોકોએ જીવ ગુમાવ્યા

। (એજન્સી) કેઓંઝર, તા.૧૬ ।

ઓડિશાના કેઓંઝર જિલ્લામાં એક મોટો અકસ્માત થયો છે. અહીં એક માર્ગ અકસ્માતમાં છ લોકોએ જીવ ગુમાવ્યા હતા. અકસ્માતની જાણ થતાં જ લોકોએ પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસનું કહેવું છે કે મૃતકો એક જ પરિવારના સભ્યો હતા. પોલીસે લાશનો કબજો મેળવી તપાસ શરૂ કરી છે.એજન્સી અનુસાર, આ ઘટના જિલ્લાના ચંપુઆ વિસ્તારમાં બની હતી. અહીં એક પરિવારના લોકો કારમાં મુસાફરી કરી રહ્યા હતા. જ્યારે તેમની કાર નેશનલ હાઈવે-૫૨૦ પર રિમુલી બાયપાસ પાસે પહોંચી ત્યારે બે ટ્રક સાથે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારના ટુકડા થઈ ગયા હતા. જેમાં ચાર મહિલાઓ સહિત છ લોકોના મોત થયા હતા.આજુબાજુના લોકોએ તેને જોયો તો તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા. લોકોએ ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઘટનાની તપાસ હાથ ધરી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. આ અકસ્માત બાદ વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે કારમાં સવાર તમામ છ મુસાફરોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકો એક જ પરિવારના સભ્યો હતા. તેમણે કહ્યું કે મૃતકોના પરિવારજનોને આ ઘટના અંગે જાણ કરવામાં આવી છે. આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ન્યૂ કેલેડોનિયા ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારે સેંકડો માઇલ દૂર સ્થિત છે

# હિંસક વિરોધ બાદ ફ્રાન્સે ન્યૂ કેલેડોનિયામાં ઈમરજન્સી લાદી

**દક્ષિણ પેસિફિકમાં સ્થિત ફ્રાન્સના વિદેશી પ્રદેશ ન્યુ કેલેડોનિયામાં હિંસક પ્રદર્શનોને પગલે કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ન્યૂ કેલેડોનિયા ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારે સેંકડો માઈલ દૂર સ્થિત છે. ફ્રાન્સના સમર્થકો અને અહીં આઝાદીના સમર્થકો વચ્ચે લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે. ફ્રાંસ સરકારના પ્રવક્તા પ્રિસ્કા થેવેનોટે કહ્યું કે ૧૨ દિવસ માટે ટાપુ પર કટોકટી લાદવામાં આવી છે. દક્ષિણ પેસિફિકમાં સ્થિત ફ્રાન્સના વિદેશી પ્રદેશ ન્યુ કેલેડોનિયામાં હિંસક પ્રદર્શનોને પગલે કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે અહીં હિંસા બાદ એક પોલીસ અધિકારી સિવાય વધુ ત્રણ લોકોના મોત થયા છે.ખરેખર, ન્યૂ કેલેડોનિયા ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારેથી સેંકડો માઈલ દૂર સ્થિત છે.

ફ્રાન્સના સમર્થકો અને અહીં આઝાદીના સમર્થકો વચ્ચે લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે. ફ્રાન્સની સરકારના પ્રવક્તા પ્રિસ્કા થેવેનોટે કહ્યું કે ૧૨ દિવસ માટે ટાપુ પર કટોકટી લાદવામાં આવી છે.એજન્સીના જણાવ્યા અનુસાર, ફ્રાન્સના કાયદા અનુસાર, જ્યારે જાહેર વ્યવસ્થા સામે ગંભીર ખતરો હોય ત્યારે ઈમરજન્સી જાહેર કરવામાં આવે છે. આ સ્થાનિક સત્તાવાળાઓને તમામ સત્તાઓ આપે છે. કટોકટી લાદવામાં આવ્યા પછી, જો સત્તાવાળાઓ ઈચ્છે તો, તેઓ તે વ્યક્તિને ગમે ત્યાં પ્રવેશતા અટકાવી શકે છે, જેના કારણે તેમને ભયનો ભય છે.ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનના કાર્યાલયથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આવી હિંસા સ્વીકાર્ય નથી.

ઈમરજન્સી ઓર્ડર પાછો ખેંચતા પહેલા એ સુનિશ્ચિત કરવામાં આવશે કે ત્યાં સ્થિતિ સામાન્ય થઈ જાય.તમને જણાવી દઈએ કે ન્યૂ કેલેડોનિયામાં તાજેતરની હિંસા ત્યારે શરૂ થઈ જ્યારે ફ્રાન્સની સંસદમાં મતદાનના અધિકારના વિસ્તરણના નિર્ણય પર મતદાનની તૈયારીઓ થઈ રહી હતી. ટીકાકારો કહે છે કે આ ન્યૂ કેલેડોનિયાની સ્થાનિક કનક વસ્તીને હાંસિયામાં ધકેલી શકે છે. એજન્સી અનુસાર, આ વિસ્તારની લગભગ ૩ લાખની વસ્તી લાંબા સમયથી સ્વતંત્રતાની માંગ કરી રહી છે. જ્યારે, અહીં કેટલાક લોકો એવા છે જેઓ ફ્રાંસનો ભાગ બનવા માંગે છે.

### ૧૦ સપ્ટેમ્બરે યોજાશે ચર્ચા

## જો બિડેને રાષ્ટ્રપતિની ચર્ચા માટે આમંત્રણ સ્વીકાર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. રાષ્ટ્રપતિ પદ માટે ૫ નવેમ્બર ૨૦૨૪ના રોજ મતદાન થશે. ડેમોક્રેટિક પાર્ટીના સભ્ય અને વર્તમાન પ્રમુખ જો બિડેન ફરી એકવાર ચૂંટણી લડી રહ્યા છે.



તેમજ પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત રિપબ્લિકન પાર્ટી તરફથી ચૂંટણી લડી રહ્યા છે. તમામની નજર હવે રાષ્ટ્રપતિ પદની ચર્ચા પર છે. બિડેને ૧૦ સપ્ટેમ્બરે યોજાનારી રાષ્ટ્રપતિની ચર્ચા માટે આમંત્રણ સ્વીકાર્યું છે. એબીસી આ ડિબેટનું આયોજન કરશે.આ અંગે રાષ્ટ્રપતિ જો બિડેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું, 'મને મંગળવાર, ૧૦ સપ્ટેમ્બરના રોજ એબીસી દ્વારા આયોજિત ડિબેટનું આમંત્રણ મળ્યું છે અને મેં તેનો સ્વીકાર પણ કર્યો છે.' તેણે લખ્યું, 'ટ્રમ્પ કહે છે કે તે પોતાના પરિવહનની વ્યવસ્થા જાતે કરશે. હું પણ મારા પ્લેનમાં આવીશ.અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને ગયા મહિને એપ્રિલમાં એક સર્વે કરવામાં આવ્યો હતો. પરિણામોમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની લીડ જોવા મળી હતી. સાત રાજ્યોમાં કરવામાં આવેલા આ સર્વેમાં જો બિડેન ૨૦૧૪માં પાછળ હતા. વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું હતું કે મતદારો દેશની અર્થવ્યવસ્થાથી અસંતુષ્ટ છે અને તેમને બિડેનની ક્ષમતાઓ અને નોકરીની કામગીરી અંગે ઊંડી શંકા છે.છ રાજ્યો પેન્સિલવેનિયા, મિશિગન, એરિઝોના, જ્યોર્જિયા, નેવાડા અને નોર્થ કેરોલિનામાં ટ્રમ્પ બે થી આઠ ટકા પોઈન્ટની વચ્ચે આગળ હતા. જોકે, વિસ્કોન્સિનમાં બિડેન ટ્રમ્પ કરતાં ત્રણ પોઈન્ટ આગળ હતા.

### પ્રમુખ થર્મને શપથ લેવડાવ્યા

## લોરેન્સ વોંગ સિંગાપોરના નવા વડા પ્રધાન બન્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અર્થશાસ્ત્રી લોરેન્સ વોંગે સિંગાપોરના ચોથા વડાપ્રધાન તરીકે શપથ લીધા. તમને જણાવી દઈએ કે ૫૧ વર્ષીય વોંગ ૭૨ વર્ષીય લી સિએન લૂંગનું સ્થાન લેશે. ૬૭ વર્ષીય રાષ્ટ્રપતિ થર્મન ષણમુગરત્નમે વોંગને શપથ લેવડાવ્યા હતા. લી સિએન લૂંગે બે દાયકા સુધી સિંગાપોરના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી. વોંગ અને લી સિએન લૂંગ બંને શાસક પીપલ્સ એક્શન પાર્ટીના છે. જે ૫ દાયકાથી વધુ સમયથી સિંગાપોરનું નેતૃત્વ કરી રહ્યું છે.વડાપ્રધાન પદ સંભાળતા પહેલા વોંગ દેશના ડેપ્યુટી પીએમ હતા. પરંતુ હવે તેઓ પીએમ અને નાણામંત્રી તરીકે સરકારનું નેતૃત્વ કરશે. વોંગે વિવિધ પ્રકારના વિક્ષેપોને મંત્રી સ્તરે મોટા ફેરફારો ન કરવા પાછળનું કારણ ગણાવ્યું હતું. એ પણ કહ્યું કે તેને બચાવવાની જરૂર છે.ચેનલ ન્યૂઝ એશિયાના અહેવાલમાં જણાવાયું છે કે લી સિએન લૂંગની સરકારમાંથી વોંગની સરકારમાં નેતૃત્વના સંક્રમણ દરમિયાન, તમામ મંત્રીઓ તેમના પોર્ટફોલિયોને જાળવી રાખશે, જે વોંગની નિર્ણય પ્રક્રિયામાં સાતત્ય સુનિશ્ચિત કરશે. તમને જણાવી દઈએ કે વોંગને એપ્રિલ ૨૦૨૨માં નોમિનેટ કરવામાં આવ્યા હતા અને તે જ વર્ષે જૂનમાં નાયબ વડાપ્રધાન તરીકે પ્રમોટ કરવામાં આવ્યા હતા. જો કે લી કેબિનેટમાં વરિષ્ઠ મંત્રી તરીકે યથાવત રહેશે.

## ગોવાના મંત્રીને ધમકી આપનાર વ્યક્તિની ધરપકડ

। (એજન્સી) ગોવા, તા.૧૬ ।

ગોવા ક્રાઈમ બ્રાન્ચે બુધવારે સમાજ કલ્યાણ મંત્રી સુભાષ દેસાઈ અને તેમના પરિવારને ધમકી આપવા બદલ એક વ્યક્તિની ધરપકડ કરી છે. આરોપીએ મંત્રીને ફોન કરીને ૨૦ કરોડ રૂપિયાની માંગણી કરી હતી અને જો તેમ નહીં કરે તો તેને હત્યાના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.પોલીસ અધિક્ષક (ક્રાઈમ બ્રાન્ચ) રાહુલ ગુપ્તાએ જણાવ્યું કે દક્ષિણ ગોવા જિલ્લાના સંગુએમ તાલુકાના રહેવાસી મિથિલ ઉલ્હાસ દેસાઈએ મંત્રી અને તેમના પરિવાર સાથે ફોન પર દુર્વ્યવહાર કર્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આરોપીએ અપશબ્દોનો ઉપયોગ કર્યો અને તેને ગંભીર પરિણામોની ધમકી આપી.સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર મંત્રી સુભાષ દેસાઈએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપીએ મંત્રી પાસે ૨૦ કરોડ રૂપિયાની માંગણી કરી હતી અને જો તેમ નહીં કરે તો મંત્રીને હત્યાના કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી. ક્રાઈમ બ્રાન્ચના એસપીએ જણાવ્યું કે વ્યક્તિના મોબાઈલ ફોનમાંથી વાંધાજનક મેસેજ મળી આવ્યા હતા, જેને જપ્ત કરી લેવામાં આવ્યા છે. મંત્રીની ફરિયાદના આધારે, પોલીસે આરોપીઓ સામે આઈપીસી કલમ ૩૮૪ (ખંડણી), ૩૮૮ (મૃત્યુ અથવા આજીવન કેદની સજાને પાત્ર ગુનાનો આરોપ લગાવવાની ધમકી આપીને ખંડણી), ૫૦૪ (કાયદાનું ઉલ્લંઘન કરવાના ઈરાદાથી) એફઆઈઆર હેઠળ કેસ નોંધ્યો.

### પોલીસે સોશિયલ મીડિયા પર ફોટો શેર કર્યો

## મહારાષ્ટ્રના નાગપુરમાં ફ્લાયઓવર પરથી એક મહિલાએ ઝંપલાવ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

નાગપુરમાં ફ્લાયઓવર પરથી એક મહિલાએ કૂદી પડી, તેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. જો કે આ ઘટના પાછળનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પરિવારને ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે પોલીસે મહિલાનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો. મહારાષ્ટ્રના નાગપુરમાં એક મહિલા ફ્લાયઓવર પરથી કૂદી પડી હતી, જેમાં તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જોકે, ફ્લાયઓવર પરથી કૂદવા પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.એક પોલીસ



અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું કે, નાગપુરમાં ફ્લાયઓવર પરથી કૂદીને ૨૦ વર્ષીય મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, જરીપટકા પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું કે, તનિષ્કા રોશન નાગરે નામની એક મહિલા બુધવારે બપોરે લગભગ ૩ વાગ્યે શહેરના મેકોસાબાગ ફ્લાયઓવર પરથી પડી ગઈ હતી.તેણે જણાવ્યું કે અવલે નગરની રહેવાસી નાગરેને માથામાં ગંભીર ઈજા થઈ હતી, ત્યારબાદ તેને નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.જ્યારે પોલીસ પીડિત મહિલાને ઓળખી શકી ન હતી, ત્યારે તેઓએ તેનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો અને ઘટના વિશે જણાવ્યું. આ પોસ્ટ શેર કર્યાના લગભગ પાંચ કલાક પછી નાગરેના પરિવારને આ ઘટનાની જાણ થઈ. તેઓએ કહ્યું કે તેઓ હજુ સુધી ફ્લાયઓવર પરથી કૂદવાના તેમના નિર્ણય પાછળનું કારણ શોધી શક્યા નથી. પોલીસે ફોટો શેર કર્યો અને પરિવારને તેની જાણ થઈ.

## નોઈડામાં ઝડપભેર BMW કારે ઈ-રિક્ષાને ટક્કર મારી, ૨ના મોત

**આ ઘટના નોઈડા પોલીસ સ્ટેશન સેક્ટર ૨૪માં બની હતી, સવારે ૬ વાગ્યાના સુમારે ઈ-રિક્ષા શહેરના કેન્દ્રથી ૧૨-૨૨ તરફ જઈ રહી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

આ ઘટના નોઈડા પોલીસ સ્ટેશન સેક્ટર ૨૪માં બની હતી. ગુરુવારે સવારે ૬ વાગ્યાના સુમારે એક ઈ-રિક્ષા શહેરના કેન્દ્રથી ૧૨-૨૨ તરફ જઈ રહી હતી. ત્યારે પાછળથી એક ઝડપે આવતી BMW કારે ઈ-રિક્ષાને ટક્કર મારી હતી. ઈ-રિક્ષામાં પાંચ લોકો સવાર હતા. દિલ્હીને અડીને આવેલા નોઈડામાં એક BMW કારે ઈ-રિક્ષાને ટક્કર મારી. આ ઘટનામાં બે લોકોના મોત થયા હતા જ્યારે ત્રણ ઘાયલ થયા હતા.આ ઘટના નોઈડા પોલીસ સ્ટેશન સેક્ટર ૨૪માં બની હતી. ગુરુવારે સવારે ૬ વાગ્યાના સુમારે એક ઈ-રિક્ષા શહેરની મધ્યથી ૧૨-૨૨ તરફ જઈ રહી હતી. ત્યારે



પાછળથી એક ઝડપે આવતી BMW કારે ઈ-રિક્ષાને ટક્કર મારી હતી. ઈ-રિક્ષામાં પાંચ લોકો સવાર હતા.આ ઘટનામાં ઘાયલ થયેલા તમામ પાંચ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન બે લોકોના મોત થયા હતા જ્યારે ત્રણ ઘાયલ થયા હતા.પોલીસે BMWમાં સવાર બે લોકોને કસ્ટડીમાં લીધા છે જ્યારે એક ફરાર હોવાનું કહેવાય છે.

**વિશેષ** | વિશ્વ દૂરસંચાર અને માહિતી સમાજ દિવસ - ૨૦૨૪ । આજે ટેલિવિઝન, કમ્પ્યૂટર, મોબાઇલ અને ઇન્ટરનેટનો વિકાસ થવાથી વિશ્વના લોકો વચ્ચેનું અંતર ઘટ્યું

# આજે ઓછા વિકસિત દેશોમાં પણ અંદાજિત ૪૦૭ મિલિયન લોકોથી વધુ લોકો કરે છે ઇન્ટરનેટનો ઉપયોગ

### ભારતમાં ૮૨૦ મિલિયન કરતાં વધુ લોકો અને ગુજરાતમાં ૫.૧૮ કરોડથી વધુ લોકો ઇન્ટરનેટ કનેક્ટિવિટીનો ઉપયોગ કરે છે

। મિતેષ સોલંકી, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ ।

આપણે સૌ જાણીએ છીએ કે દર વર્ષે ૧૭મી મેના રોજ વિશ્વ દૂરસંચાર અને માહિતી સમાજ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ વિશ્વમાં સામાજિક આર્થિક વિભાજન અને ડિજિટલ વિભાજનને દૂર કરવા માટે દૂરસંચાર ટેકનોલોજી દ્વારા મધ્યમ અને નિમ્ન આવક ધરાવતા દેશોને માહિતી અને સંચાર તકનીક ઉપલબ્ધ કરાવી વિશ્વમાં સાર્વત્રિક કનેક્ટિવિટી અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન દ્વારા લોકોની જોડીને આધુનિક સમાજનું નિર્માણ કરવાનો છે.

વિશ્વ દૂરસંચાર અને માહિતી સમાજ દિવસની વર્ષ ૨૦૨૪ની થીમ 'ટકાઉ વિકાસ માટે ડિજિટલ નવીનતા' છે. એટલે કે આબોહવા પરિવર્તન, ગરીબી અને અસમાનતા જેવી વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરવા માટે અત્યાધુનિક તકનીકી ઉકેલોનો ઉપયોગ કરી શકાય છે, આ વર્ષ દરમિયાન આ બાબત પર ભાર મૂકવામાં આવશે. જેથી ઉપરોક્ત સ્તરોને લગતી તમામ સમસ્યાઓનું નિવારણ કરી વિકાસ સાધી શકાય. આ દિવસના ઈતિહાસ વિશે વધુમાં વાત કરીએ તો, ૧૭ મે ૧૮૬૫ના રોજ ઈન્ટરનેશનલ




ટેલિકમ્યૂનિકેશન યુનિયન (ITU)ની સ્થાપના થઈ હતી, તેમજ પેરિસ ખાતે પ્રથમ ઈન્ટરનેશનલ ટેલિગ્રાફ કોન્ફરન્સ યોજાઈ હતી. જેથી ITUની સ્થાપનાની વર્ષગાંઠ નિમિત્તે વર્ષ ૧૯૬૯માં ૧૭મી મે ના રોજ સૌ પ્રથમ વખત આ દિવસ ઊજવવામાં આવ્યો હતો. ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા નવેમ્બર ૨૦૦૫માં સૂચના સમાજ પર વિશ્વ શિખર સંમેલનમાં ૧૭ મેના રોજ વિશ્વ માહિતી સમાજ દિવસ ઊજવવાની જાહેરાત કરવામાં આવી અને તેના બીજા વર્ષે એટલે કે નવેમ્બર ૨૦૦૬માં તુર્કીના એન્ટાલિયામાં આયોજિત સંમેલનમાં ITU દ્વારા વિશ્વ દૂરસંચાર અને માહિતી સમાજ દિવસ એમ બંનેને એક સાથે ઊજવવાની શરૂઆત કરાઈ. ITU વિશે વધુ વાત કરીએ તો, તે યુનાઈટેડ નેશન્સ (UN)ની સંલગ્ન સંસ્થા અને યુએનની સૌથી જૂની એજન્સી છે, તે માહિતી અને સંચાર તકનીકો (ICT) સંબંધિત બાબતો માટે જવાબદાર છે. કમ્યૂનિકેશન અને ટેકનોલોજી આપણી આસપાસની દુનિયાને કેવી રીતે આકાર આપે છે તે દર્શાવતી સંસ્થા છે.

ITUના રિપોર્ટ અનુસાર છેલ્લાં બે વર્ષોમાં ઓછા વિકસિત દેશોમાં પણ અંદાજિત ૪૦૭ મિલિયન લોકોથી વધુ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે, જે વૈશ્વિક સ્તરે ૬૬%થી વધુની સરખામણીએ વસ્તીના લગભગ ૩૬% જેટલો હિસ્સો ધરાવે છે. જ્યારે ભારતમાં ૮૨૦ મિલિયન કરતાં વધુ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે અને ગુજરાતની વાત કરીએ તો ૫.૧૮ કરોડથી વધુ લોકો ઈન્ટરનેટ કનેક્ટિવિટીનો ઉપયોગ કરે છે. જે દૂરસંચાર અને માહિતી સમાજ ક્ષેત્રે વૈશ્વિક વિકાસ દર્શાવતી બાબત કહી શકાય.

ITUના રિપોર્ટ અનુસાર ૭૨૦ મિલિયન લોકો હજું પણ ઓફલાઈન છે. તે વૈશ્વિક ઓફલાઈન વસ્તીના ૨૭% જ હિસ્સો ધરાવે છે અને ઓફલાઈન લોકો વિશ્વની વસ્તીના માત્ર ૧૪% જ વસ્તી ધરાવે છે.

દેશમાં સંચાર અને તકનીકના વેગની વાત કરીએ તો ભારત દેશમાં વર્ષ ૧૮૮૨માં કલકત્તામાં ટેલિફોન એક્સચેન્જની સ્થાપના કરવામાં આવી ત્યારબાદ તેને સેન્ટ્રલ એક્સચેન્જ નામ આપવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ તબક્કામાં ૯૩ ગ્રાહકો મળ્યા હતા અને આજે દેશમાં ૧૦૦ કરોડથી વધુ ફોનધારકો છે, જેની આવક ૨ લાખ કરોડથી વધુ છે. જે આપણા દેશમાં સંચાર અને તકનીકના ક્ષેત્રમાં બહુમૂલ્ય વિકાસ કહી શકાય. એ જ રીતે ટેલિવિઝન, રેડિયો, કમ્પ્યૂટર અને ઈન્ટરનેટનો આપણા દેશમાં અને વિશ્વમાં જે રીતે વિકાસ થયો છે, દેશમાં દૂરસંચાર અને તકનીકને લઈને નીતિઓનું ઘડતર કરી વિકાસ થયો છે તે પરથી કહી શકાય કે આપણો દેશ વિશ્વના દેશો સાથે દરેક ક્ષેત્રમાં કદમથી કદમ મળાવીને વિકાસને વેગ આપી રહ્યો છે.

આ તમામ બાબતો દર્શાવે છે કે આજે ટેલિવિઝન, કમ્પ્યૂટર, મોબાઈલ અને ઈન્ટરનેટ વગેરેનો વિકાસ થવાથી વિશ્વના લોકો વચ્ચેનું અંતર ઘટ્યું છે.

# હવે હાઉસિંગ સોસાયટીમાં મનફાવે તેમ ટ્રાન્સફર ફી નહિ વસૂલી શકાય

## હવે સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓને એકતરફી જોહુકમીનો અંત આવશે, નવા વિધેયકને રાજ્યપાલ દ્વારા મંજૂરી અપાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અનેક લોકો માટે સોસાયટીનો વહીવટ એટલે માથાનો દુખાવો. અડધોઅડધ સોસાયટીના વહીવટમાં લોચા હોય છે. સોસાયટી પ્રમુખ અને કમિટી મેમ્બર્સ પોતાની મનમાની કરતા રહે છે. આવામાં ગુજરાતની સહકારી મંડળીઓના સુધારા વિધેયકમાં નવી જોગવાઈ કરવામાં આવી છે. એટલે કે નિયમો બદલવામાં આવ્યા છે.

નવા બદલાવ મુજબ હવે સોસાયટીમાં ટ્રાન્સફર ફી નિયત કરવા પ્રમુખ કમિટીની મનમાની નહિ ચાલે. આમ, આ સાથે જ હવે હાઉસિંગ સોસાયાટીઓમાં મનફાવે તેમ ટ્રાન્સફર ફીની વસૂલાતનો અંત હવે નક્કી છે. ફેબ્રુઆરીમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલા સાતેય વિધેયકને રાજ્યપાલે મંજૂરી આપી




દીધી છે. રાજ્યના સહકાર મંત્રીએ સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૦ માં સુધારા કરતું વિધેયક ગુજરાત વિધાનસભામાં પાસ કરાવ્યુ હતું. જેમાં જૂના નિયમોમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. આ વિધેયકને હવે રાજ્યપાલ તરફથી લીલીઝંડી મળી ગઈ છે. આ સુધારાથી ગુજરાતમાં તમામ પ્રકારની કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓમાં જે હોદ્દેદારો દ્વારા જે રીતે મનફાવે તેમ ટ્રાન્સફર ફી વસૂલાતી હતી, તેનો અંત આવશે. આ પ્રકારની ફીના દર નક્કી કરવા સરકાર રજિસ્ટ્રારોના અધ્યક્ષપદે ઓથોરિટીની રચના કરશે.

ચૂંટણી પતી ગઈ છે, એટલે આગામી એકાદ સપ્તાહમાં આ સુધારાના અમલ માટે નોટિફિકેશન જાહેર કરાશે. આ બાદથી સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓને એકતરફી જોહુકમીનો અંત આવશે. અત્યાર સુધી મકાન કે પ્લોટના ટ્રાન્સફર માટે જે રીતે મનફાવે તેમ ટ્રાન્સફર ફી વસૂલાતી હતી, તે હવે નહિ વસૂલી શકાય. જો કોઈ આવું કરે તો તેના સામે કાર્યવાહી કરવા પણ જોગવાઈ કરાશે.

**ન્યૂઝ બ્રિફ**

### રાજકોટમાં આવક-જાતિના દાખલા માટે સવારથી લાગી લાંબી કતારો

। (એજન્સી) રાજકોટ, તા.૧૬ ।

રાજકોટમાં બહુમાળી ભવનમાં સવારના ૭ વાગ્યાથી જ જાતિના દાખલા કઢાવવા માટે લાંબી લાઈનો લાગી રહી છે. ધોરણ ૧૦-૧૨નું પરિણામ આવ્યા બાદ આવક અને જાતિના સર્ટીફિકેટ લેવા માટે લોકોને કલાકો લાઈનમાં ઉભા રહેવુ પડે છે અને ભારે હાલાકી પડી રહી છે. બહુમાળી ભવન ખાતે ધોમધખતા તાપ વચ્ચે પણ વિદ્યાર્થીઓ અને વાલીઓ ક્રિમીલેયર અને આવકના દાખલા માટે લાંબી કતારોમાં ઉભા રહેવા મજબુર બન્યા છે. મોટી સંખ્યામાં આવતા અરજદારો માટે ભારે ગરમી વચ્ચે ના તો પાણીની વ્યવસ્થા છે કે ના તો બેસવાની કોઈ વ્યવસ્થા છે. દાખલા કઢાવવા માટેની ત્રણ ત્રણ બારીઓ હોવા છતા લાંબી કતારો લાગે છે. દરરોજ ૩૦૦થી વધુ દાખલા કાઢી આપવામાં આવતો હોવાનો કચેરી દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે. ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ આવ્યા બાદ વિદ્યાર્થીઓને આગળના અભ્યાસ માટે એડમિશન મેળવવા ફોર્મ ભરવામાં આવકના તેમજ જાતિના પ્રમાણપત્રની જરૂર પડતી હોય છે. વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં ફોર્મ ભરવાનુ હોવાથી દાખલા કઢાવવા માટે લાંબી કતારો લાગી રહી છે. વહેલી સવારથી જ સેન્ટર પર મોટી સંખ્યામાં લોકો દાખલા કઢાવવા માટે લાઈનમાં ઉભા રહી જાય છે. ત્યારે તંત્ર દ્વારા પણ વધુ માણસો રાખી દાખલા કાઢી આપવાની પ્રક્રિયા ઝડપી બનાવવી જોઈએ.

### ગુજરાતના સંદીપ રાજપૂતે ૧૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાતના પ્રખ્યાત 'ફેક ઓફિસ કૌભાંડ'ના આરોપી અને માસ્ટરમાઈન્ડ સંદીપ રાજપૂતનું અવસાન થયું છે. સંદીપને ગભરાટ (છાતીમાં દુખાવો)ના કારણે છોટા ઉદેપુરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. સંદીપ પર છોટા ઉદેપુર અને દાહોદમાં નકલી ઓફિસો ખોલીને કરોડોની ગ્રાન્ટ લેવાનો ગંભીર આરોપ હતો. આમ કરીને તેણે સરકાર સાથે લગભગ ૧૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.નકલી ઓફિસ કૌભાંડનો આરોપી સંદીપ છેલ્લા ૭ મહિનાથી જેલમાં હતો. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડોદરા લવાયો છે. તમને જણાવી દઈએ કે સંદીપ રાજપૂતે કેવી રીતે સરકારી યોજનાઓમાંથી ગ્રાન્ટ લઈને ૧૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.ખરેખર, પોલીસના જણાવ્યા અનુસાર, સંદીપે ગુજરાતમાં અલગ-અલગ જગ્યાએ કુલ ૬ ઓફિસો ખોલી હતી.

### જૂનાગઢના મહંત જે.કે.સ્વામી સહિત ૭ સામે ફરિયાદ

## સ્વામિનારાયણ પ્રોજેક્ટના નામે ડોક્ટર સાથે કરોડોની ઠગાઇ

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૬ ।

સાબરમતી નદી કિનારે પોઈચા જેવું મોટું સ્વામિનારાયણ મંદિર બનાવવાના નામે સુરતના તબીબ પાસેથી રૂપિયા ૧.૩૪ કરોડ ખંખેરી લેવાયા છે. સમગ્ર ઘટનાની વાત કરીએ તો, આણંદના તારાપુરના રીંઝા ગામે સાબરમતી નદી કિનારે આવેલી જમીન જૂનાગઢના સ્વામી ખરીદવા ઈચ્છતા હોવાની વાત ડો.હડિયા સમક્ષ રજૂ કરવામાં આવી. સુરેશ ઘોરી નામના વ્યક્તિએ તબીબને વિશ્વાસમાં લઈને જમીનના સોદામાં મધ્યસ્થી માટે તૈયાર કર્યા હતા.



સુરેશ ઘોરીએ તબીબને વિશ્વાસ અપાવ્યો હતો કે, સંતો જમીનના સોદામાં સીધી રીતે સંડોવાતા નથી એટલે જાણીતા લોકોને મધ્યસ્થી તરીકે રાખતા હોય છે. જેમાં નક્કી કરાયેલી જમીન પર થોડો ફાયદો મેળવીને સંતો જમીન ખરીદી લેતા હોય છે. ધર્મ, સંપ્રદાય અને સંતોનું નામ આવતા તબીબે વિશ્વાસ મુક્યો અને આણંદની ૭૦૦ વિઘા જેટલી જમીનનો, વિઘા દીઠ રૂપિયા ૫.૮૦ લાખના ભાવે સોદો નક્કી કરવામાં આવ્યો અને ટોકન પેટે તબીબે ૧ કરોડ અને ત્યારબાદ કટકે કટકે તબીબ પાસેથી કુલ રૂ.૧.૩૪ કરોડ પડાવી લેવાયા. તબીબને જમીનની મુળ કિંમત કરતા વિઘા દીઠ રૂ.૪.૨૦ લાખ વધુ મળવાના હતા. જેમાં સુરેશ ઘોરી, તબીબ અને સ્વામી વચ્ચે ત્રણ ભાગ પડવાના હતા. જોકે જમીનનો સોદો નક્કી થઈ ગયો અને નક્કી કરવા મુજબ જમીન ખરીદી પણ લેવામાં આવી. જોકે જ્યારે તબીબે પોતાનો ભાગ માગ્યો તો સ્વામીએ માત્ર ૫ લાખ રૂપિયા મોકલીને અન્ય રકમ ભૂલી જવાની વાત કરી એટલે કે તબીબને પોતાના ૧.૩૪ કરોડના રોકાણ સામે માત્રા રૂપિયા ૫ લાખ જ મળ્યા. જે અંગે તબીબે જે.કે.સ્વામીનો સંપર્ક કર્યો તો તેઓએ રૂપિયા આપવાનો સ્પષ્ટ શબ્દોમાં ઈનકાર કરી દીધો. જ્યારે તબીબે પોતાના રૂપિયા પરત મેળવવા સંત પર દબાણ કર્યું તો, સંતોએ કેનેડાથી રૂપિયા આવવાના હોવાનું બહાનું કર્યું. એટલું જ નહીં વિદેશના નાણા ભારતમાં ટ્રાન્સફર થઈ શકે તે માટે બેંકમાં કરંટ ખાતુ ખોલવાવ્યું હતું. બે મહિના બાદ સંતે તબીબને ફોન કરીને ૧૪.૮૦ લાખ ડોલર ખાતામાં જમા કરાવ્યાની વાત કરી. જ્યારે તબીબે તપાસ કરી તો બેંક દ્વારા કયા સંદર્ભે રૂપિયા આપવાના છે તેની સ્પષ્ટતા માગવામાં આવી. આખરે ઠગાઈનો શિકાર બન્યાનું માલૂમ પડતા જ તબીબે પોલીસની શરણ લીધી અને ઠગબાજો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી.

### ડ્રગ્સ પેડલરોને પકડવા પોલીસની આધુનિક પદ્ધતિ

## ડ્રોન દ્વારા ભીડવાળા વિસ્તારમાંથી ૨ આરોપીને ઝડપી લેવામાં આવ્યા

### હિંમત હડીયા અને નિતીન ચાવડા નામના આ યુવકો પાસેથી ૩૪૮ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

ગુજરાતમાં નશાકારક પદાર્થ અવારનવાર ઝડપાત હોય છે. ત્યારે નશાકારક પદાર્થ ઝડપી પાડવા માટે સુરત પોલીસે નવતર પ્રયોગ હાથ ધર્યો છે. કાપોદ્રામાં રોડ પર ભરતામ ફુટ માર્કેટ વચ્ચે ગાંજો વેચતા બે યુવકોને પોલીસે ઝડપી પાડ્યા છે.

પોલીસે આરોપીઓને ડ્રોનથી ટ્રેસ કરી ભારે ભીડ વચ્ચેથી શોધ્યા હતા. નશીલા દ્રવ્ય વેચનારા પેડલરોને પકડવા માટે પોલીસે ડ્રોનનો ઉપયોગ કર્યો હોય તેવો આ પ્રથમ કિસ્સો છો. હિંમત હડીયા અને નિતીન ચાવડા નામના આ યુવકો પાસેથી ૩૪૮ ગ્રામ ગાંજો મળી આવ્યો છે. કાપોદ્રા પોલીસ મથકના કાપોદ્રા પોલીસ મથકના ઈન્સપેકટર એમ. બી. ઔસુરાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, માદક પદાર્થોની હેરાફેરી તથા વેચાણ કરનાર આરોપીની શોધખોળ કરી કાર્યવાહી કરવામાં આવશે, તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યુ છે.

કાપોદ્રા ચાર રસ્તા પાસે ડી.જી.વી. સી.એલ. ઓફિસ સામે બે યુવકો છૂટકમાં ગાંજો વેચતા હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે ભીડવાળા વિસ્તારમાંથી આરોપીઓ ફરાર ન થાય તે માટે ડ્રોન મારફતે નજર રાખવામાં આવી હતી. પોલીસે રોડ પર ડ્રોન ઉડાવ્યા બાદ ફૂટેજ ચેક કરતા સમય બ્રિજ પાસે બે યુવકો શંકાસ્પદ વર્તણૂક કરતા દેખાયા હતા. લોકેશન ટ્રેસ થતાં પોલીસે આરોપીને દબોચી લીધા હતા. હિંમત સામજીભાઈ હડીયા અને નીતિન ધીરૂભાઈ ચાવડાની પોલીસે અટકાયાત કરી તપાસ હાથ ધરી હતી.

### માવઠાની કેસર કેરીની કિંમત પર અસર

## હોલસેલ બજારમાં ૧૦ કિલો કેસર કેરીની પેટીના ભાવ ઘટીને ૮૦૦એ પહોંચ્યો

### છુટકમાં કેસર કેરીના બોક્સનો ભાવ ૧૨૦૦થી ૧૬૦૦

। (એજન્સી) ગીર, તા.૧૬ ।

ગુજરાતની કેસર કેરી વિશ્વભરમાં પ્રખ્યાત છે. ગીરના સિંહની જેમ કેસર કેરી પણ ગુજરાતની ઓળખ છે. કેસરી કેરીના રસિયા આખુ વર્ષ આ ફળને પાકવાની અને તેની લિજ્જત માણવાની આતુરતાથી રાહ જોતા હોય છે પરંતુ આ વર્ષે કેસર કેવીના રસિયા માટે માઠા સમાચાર છે. આ વર્ષે બજારમાં કેરીની આવક પણ ઓછી છે અને તેમાં પણ અધુરામાં પુરી માવઠા અને પવનના કારણે કેરી ઝાડ પરથી પડી જતાં કેરીની ખેતી કરતા ખેડૂતોને પારાવાર નુકસાન થયું છે. આવી સ્થિતિમાં કેસર કરીને ભાવ સતત ઉંચકાઈ રહયાં છે. જોકે કમોસમી વરસાદના વારાફરતી રાઉન્ડ આવતા કેરીના ભાવમાં આંશિક ઘટાડો થયો છે કમોસમી વરસાદથી કેસર કેરીના ભાવમાં ઘટાડો થયો છે. હોલસેલ બજારમાં ૧૦ કિલો કેસર કેરીની પેટીના ભાવ ઘટીને ૮૦૦એ પહોંચ્યો. જોકે છુટકમાં હજુ પણ કેસર કેરીના બોક્સનોભાવ ૧૨૦૦થી ૧૬૦૦ રૂપિયા વેચાઈ રહી છે. વહેલી સવારથી સુરત શહેરમાં મોસમનો મિજાજ બદલાયો છે અહીં આકાશમાં કાળાડિંબાગ વાદળો ઘેરાતા ખેડૂતોની ચિંતા વધી છે.

ડાંગર, તલ, મગ, કેરી અને શાકભાજી સહિતના પાકને નુકસાન થવાની ખેડૂતોને ભીતિ છે. અમરેલી માર્કેટ યાર્ડની વાત કરીએ તો કેસર કેરીના ભાવમાં ૨૦ કિલોએ ૨૦૦ રૂપિયાનો વધારો અને હાફૂસ કેરીમાં ૪૦૦ રૂપિયા સુધીનો ઘટાડો નોંધાયો છે. દસ કિલોના બોક્સનો રિટેલ ભાવ ૧૨૦૦થી ૧૩૦૦ રૂપિયા બોલાઈ રહ્યો છે.તાલાલાની જેમ અમરેલીમાં પણ આંબાના બાગ વધુ હોવાથી કેરીનું સારું એવું ઉત્પાદન થાય છે.

## અમદાવાદની ફાર્મા ફેક્ટરીમાં બોઇલર બ્લાસ્ટ થતા લાગી આગ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદના નારોલ શાહવાડી વિસ્તારમાં આવેલા સરદાર એસ્ટેટમાં સ્ટેબિકોન વિટામીન ફાર્મા ફેક્ટરીમાં રાત્રે બોઈલર ફાટવાની ઘટના બની હતી. બોઈલર ફાટતા ફેક્ટરીના માલિક સહિત છ લોકોને ઈજા થઈ હતી. તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તેમજ ફાયર બ્રિગેડની પાંચથી વધુ ગાડીઓ દ્વારા હાલ આગને કાબૂમાં લેવામાં આવી છે. નારોલ વિસ્તારમાં શાહવાડી નજીક આવેલા સરદાર એસ્ટેટમાં સ્ટેબિકોન વિટામીન ફાર્મા ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની હતી. જેથી ફાયર બ્રિગેડની ટીમ દ્વારા પાણીનો મારો ચલાવીને આગ કાબૂમાં લેવામાં આવી હતી. જ્યારે ફેક્ટરીના માલિક સહિત પાંચ કર્મચારીઓ મળી કુલ છ લોકોને ઈજા થતાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે, હાલ ઈજાગ્રસ્તોની હાલત કેવી છે તે અંગે હજુ સુધી જાણવા મળ્યું નથી.

## પતિએ નોકરીના સ્થળે પહોંચી પત્નીને જાહેરમાં માર મારીને ફોન તોડી ધમકાવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

શહેરમાં રહેતી એક યુવતીને પહેલા તેના સાસરિયાઓએ ત્રાસ આપ્યો હતો અને બાદમાં આનંદનગર પોલીસના અણછાજતા વર્તનનો ભોગ બનવું પડ્યું હતું. યુવતી નોકરી માટે જે શોરૂમમાં ગઈ ત્યાંનો ફોટો તેણે વોટ્સએપ સ્ટેટસમાં અપલોડ કર્યો હતો. જે ફોટો જોઈને તેનો પતિ શોરૂમ પર પહોંચી ગયો અને ત્યાં તેને જાહેરમાં માર મારીને અગાઉ કરેલી ફરિયાદ પરત ખેંચવા ધમકી આપી હતી. બાદમાં યુવતી આનંદનગર પોલીસ સ્ટેશન ગઈ ત્યારે પોલીસે તેની રજૂઆત સાંભળ્યા વગર કાઢી મૂકી હતી. પોલીસે આ મામલે અરજી લીધી હતી, પરંતુ ભોગ બનનારને ન્યાય અપાવ્યા વગર જ અરજી દફતરે કરી દીધી હતી. એકતરફ યુવતીને સાસરિયાઓનો ડર અને બીજીતરફ પોલીસે છ મહિના સુધી ફરિયાદ ન નોંધતા ભોગ બનનારે ઉચ્ચ અધિકારીને રજૂઆત કરતા આખરે આનંદનગર પોલીસને કાર્યવાહી કરવાની ફરજ પડી છે. જુહાપુરામાં રહેતી ૨૦ વર્ષીય યુવતીએ બે વર્ષ પહેલા ફતેવાડીના એક યુવક સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ પતિએ માર મારતા યુવતીએ તેની માતાને બોલાવી હતી. યુવતીની માતા પુત્રીના સાસરે પહોંચી ત્યારે વેવાઈ પક્ષના લોકોએ બબાલ કરી હતી. પતિ અને મામા સસરાએ યુવતીની માતાને માર મારતા વેજલપુરમાં ફરિયાદ નોંધાઈ હતી. બાદમાં યુવતી તેની માતાના ઘરે રહેવા આવી ગઈ હતી અને નોકરીની શોધમાં હતી. તેવામાં ગત ૫ નવેમ્બરે યુવતી પ્રહલાદનગર ખાતે આવેલા બૂટ-ચપ્પલના શોરૂમમાં સેલ્સગર્લની નોકરી માટે ગઈ હતી. યુવતીએ વોટ્સએપ સ્ટેટસમાં તે શોરૂમનો ફોટો મૂકતા તેનો પતિ સ્ટેટસ જોઈને ત્યાં પહોંચ્યો હતો. પતિએ પત્નીને શોરૂમની બહાર બોલાવીને ઢોર માર માર્યો હતો અને વેજલપુરમાં નોંધાવેલી પોલીસ ફરિયાદ પરત ખેંચી લેવા માટે ધમકી આપી હતી. યુવતીએ તેના ફોનમાં પતિના ત્રાસ બાબતના પુરાવા રાખ્યા હોવાથી તેના પતિએ ફોન પણ તોડી નાખ્યો હતો.







## વીડિયો કોલ પર વાત કરતાં કરતાં સગીરાએ કર્યો આપઘાત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

શહેરના સોલા પોલીસ સ્ટેશનમાં ગુડ્ડુ યાદવ નામના આરોપી સામે અપહરણ અને આત્મહત્યા માટે પ્રેરિત કરવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ આરોપીએ સગીરાને પંજાબથી લાવીને અમદાવાદમાં રાખી હતી. જે બાદ તે પણ ત્યાંથી જતો રહ્યો હતો. થોડા દિવસો પછી સગીરાએ વીડિયો કોલ કરીને આપઘાત કરી લીધો હતો. જે વાતની જાણ થતા ફરાર આરોપીને પકડવા માટે એક ટીમ રાજસ્થાન અને એક ટીમ બિહાર મોકલવામાં આવશે. આરોપીની ધરપકડ બાદ અન્ય ખુલાસા સામે આવશે. મળતી માહિતી પ્રમાણે, આરોપી અને સગીરા બન્ને બિહારના શિવાનના રહેવાસી છે. આરોપીએ ગત ફેબ્રુઆરી ૨૦૨૪માં સગીરા જે માતા - પિતા સાથે પંજાબમાં રહેતી હતી ત્યાંથી અપહરણ કરીને સોલામાં લઈ આવ્યો હતો. તેણે સગીરાને લગ્નની લાલચ આપીને લઈ આવ્યો હતો. સગીરાના માતાપિતા પંજાબમાં મજૂરી કરે છે. એપ્રિલમાં આરોપી સગીરાને એકલી મૂકીને રાજસ્થાનના જેસલમેર જતો રહ્યો હતો. ત્યારે સગીરાને એકલતા લાગી રહ્યુ હતુ અને તેને શંકા હતી કે, આરોપી તેને મૂકીને જતો રહ્યો છે. સગીરાએ ગત ૪ એપ્રિલના રોજ ગુડ્ડુને વીડિયો કોલ ને કર્યો હતો. ત્યારે સગીરાએ આપઘાતની વાત કરી હતી. પરંતુ ગુડ્ડુને મજાક લાગી રહ્યું હતુ. તેમ છતાં ગુડ્ડુએ અમદાવાદમાં રહેતા મિત્ર રાજકિશોરને ઘરે જોવા માટે મોકલ્યો હતો. આરોપીના મિત્રએ જોતા સગીરાએ આપઘાત કરી લીધો હોવાનુ સામે આવ્યું હતુ. આરોપીએ મિત્રને લાશ લઈ પાલનપુર લાવવા માટે કહ્યુ અને તે પોતે રાજસ્થાનથી ત્યાં આવી રહ્યો છે તેમ જણાવ્યુ હતુ. પરંતુ આરોપી ત્યાં નહિ આવતા તેનો મિત્ર દુવિધામાં આવી ગયો હતો. આરોપીએ લાશને એમ્બ્યુલન્સથી બિહાર મોકલી આપતા કહ્યું હતુ પરંતુ એમ્બ્યુલન્સ પોલીસ કાગળ વિના લાશ લઈ જવાની ના પાડી હતી. આરોપીએ કોઈ યોગ્ય જવાબ ના આપતા મિત્રએ લાશ ગત પાંચ એપ્રિલના રોજ પાલનપુર સિટીમાં મૂકીને ત્યાંથી જતો રહ્યો હતો. જેથી પાલનપુરમાં અકસ્માત ગુનો દાખલ થયો હતો. ત્યાર બાદ લાશનું પીએમ થયા બાદ ઝીરો મુજબ સોલા મોકલી આપતા સોલામાં ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

## પત્ની સાથેના આડા સંબંધની શંકા રાખીને હત્યા કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદ ગ્રામ્યના બગોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગત તા.૧૩ મેના રોજ હત્યા થયેલી હાલતમાં એક યુવકની લાશ મળી હતી. બગોદરા પોલીસે ટેકનિકલ એનાલિસીસ અને બાતમીના આધારે હત્યા કરનાર આરોપીની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું કે તેની પત્ની સાથે મૃતકને આડા સંબંધ હોવાની શંકા હોવાથી હત્યા કરી નાખી હતી. આરોપીએ હત્યા બાદ મૃતકનો ફોન પણ પાણીમાં નાખીને પુરાવાનો નાશ કર્યો હતો. બગોદરા બ્રિજ પાસે અવાવરું જગ્યામાંથી સંજય પ્રજાપતિ નામના યુવકની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. સંજય પ્રજાપતિને છરી અને કટરના તીક્ષણ હથિયારના ઘા મારી હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને બગોદરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ગોવિંદ ચાવડા સહિતની ટીમે તપાસ કરતા પ્રહલાદ સોલંકી નામના શખ્સે મૃતકને ફોન કર્યા હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે પ્રહલાદની ધરપકડ કરી હતી. આરોપી પ્રહલાદની પૂછપરછ કરતા તેની પત્ની અને સંજય વચ્ચે આડા સંબંધો હોવાની શંકા હોવાથી હત્યા કરી નાખી હોવાની કબૂલાત કરી હતી. આરોપી પ્રહલાદ અને તેની પત્ની ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને તે જ કંપનીમાં મૃતક સંજય છૂટક મજૂરી કરતો હતો. આરોપી અને તેની પત્ની નોકરીએ જાય ત્યારે મૃતક સંજય આરોપી પ્રહલાદની પત્નીને એકીટશે જોઈને ઈશારા કરતો હતો.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨